# વિમલ

(૨૦૦૭-૦૮-૦૯)




**શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ**
**શ્રી ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ,**
**ચીખલી.**



I slept and dreamt that life was joy.
I awoke and saw that life was service.
I acted and behold, service was joy.

## કોલેજ પ્રાર્થના

ચિત્ત જ્યાં ભયશૂન્ય છે, શિશ ગર્વથી ઉન્નત રહે
નિબંધ અભિનવ જ્ઞાનની ગંગા સતત કલકલ વહે

વિશ્વ વહેંચાયું ન હોય, ટુકડાઓમાં જૂથબંધીના
સત્યના ઊંડાણમાંથી શબ્દ ખુદ પ્રગટ છે જ્યાં

સંપૂર્ણતા પ્રત્યે પ્રસારે બાહુ જ્યાં યત્નો અથાક
સ્વચ્છ ઝરણું પ્રજ્ઞા કેરું માર્ગ પણ ભૂલે ન ક્યાંક

તુચ્છ આચારો તણી કો સૂક્કીભઠ રણ રેતમાં
ચિત્ત ના ભટકો, બનો મુજ સારથિ પરમાત્મા

સ્વર્ગમાં એવા જ મુક્તિ કેરા લઈ જા શ્રીહરિ
કર ઉજાગર મુજ રાષ્ટ્રને એ જ પ્રાર્થું હર ઘડી

- રચના : રવીન્દ્રનાથ ટાગોર
ભાવાનુવાદ : ડૉ. ભરતરાજ નીલા

# પુ. મોહનકાકાને દશમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



કર્તવ્ય પરાયણ, માનવતાવાદી, સેવાભાવી,
સ્વાતંત્ર્યસેનાની અને કોલેજના સંવર્ધક
મોહનલાલ એમ. દેસાઈને
સ્નેહભરી વંદના

# શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ
# એન્ડ
# શ્રી ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલી
## ACCREDITED " B" by NAAC

વાર્ષિક મુખપત્ર

# વિમલ

(૨૦૦૭-૨૦૦૮-૦૯)

સમ્પાદક

પ્રા. શંકર પટેલ (અધ્યક્ષ, મેગેઝિન સમિતિ, ૨૦૦૭-૦૮),
પ્રા. નયના નાયક (અધ્યક્ષ , મેગેઝિન સમિતિ, ૨૦૦૮-૦૯)
જિજ્ઞેશ પટેલ, નિલેશ સોલંકી (મંત્રી, મેગેઝિન સમિતિ)

પરામર્શક
ઉપાચાર્ય ડૉ. ગજાનન પટેલ

પ્રકાશક
ઈન્ચાર્જ આચાર્ય પ્રા. અરૂણ નાયક / આચાર્ય ડૉ. ભરતરાજ નીલા

વિમલ

(વાર્ષિક મુખપત્ર)

૨૦૦૭-૨૦૦૮-૦૯


પ્રકાશક

આચાર્ય ડૉ. ભરતરાજ નીલા
શ્રી એમ.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ
શ્રી ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ,
ચીખલી. (૩૯૬ ૫૨૧)
(જિ. નવસારી)

મુદ્રક :

**જગદીશ પ્રિન્ટર્સ**
**૧૦/૫૩૭, ગજ્જર શેરી,**
**બેન્ક ઑફ બરોડા સામે,**
**પાણી ની ભીંત, સુરત – ૩૯૫ ૦૦૩.**
**ફોન : ૦૨૬૧ – ૨૫૯૨૪૯૯, ૨૫૯૦૮૫૭**

# અનુક્રમ


| | |
|---|---|
| સંપાદકીયમ્ | પ્રા. શંકર બી. પટેલ / પ્રા. નયના નાયક |
| આચાર્યશ્રીની કલમે | આચાર્ય ડૉ. ભરતરાજ નીલા |
| | ઈન્ચાર્જ આચાર્ય પ્રા. એ. એમ. નાયક |
| **શબ્દોના સથવારે** | |
| ૧. ઝંખના | પ્રિ. ડૉ. ભરતરાજ નીલા |
| ૨. લાગણી | પ્રા. અરૂણ નાયક |
| ૩. જિંદગી | શશીકાંત આહિર |
| ૪. રહેવું છે | પૂર્વી પટેલ |
| ૫. માણસ | જિજ્ઞા લાડ |
| ૬. પૈસા | જિજ્ઞા લાડ |
| ૭. બે કવિતા | અંજના પટેલ |
| ૮. તમે | નીલેશ સોલંકી |
| ૯. રામાયણ | પ્રા. ડૉ. ગજાનન પટેલ |
| ૧૦. હાઈકુ | પ્રા. શંકરભાઈ પટેલ |
| ૧૧. આસ્થા | કિંજલ એ. પટેલ |
| ૧૧. માનવ મૂલ્યોની કટોકટી | જિજ્ઞેશ ટંડેલ |
| ૧૨ ગાંધીજીના જીવનના પ્રેરક પ્રસંગો | મીના ગાયકવાડ |
| ૧૩. પર્યાવરણ પરિવર્તન | અવિનાશ પટેલ |
| ૧૪. સમય | પ્રા. શંકરભાઈ પટેલ |
| ૧૫. ઉચ્ચ શિક્ષણ | કુ. જિનલ પટેલ |
| ૧૬. સંસ્કૃત સાહિત્યમાં સંશોધન | પ્રા. નયના નાયક |
| ૧૭. માનવીની કરુણા | કિંજલ પટેલ |
| ૧૮. The Theatre of Absurd | પ્રા. મીનુ આર. દેસાઈ |
| ૧૯. 'એક ડાળ મીઠી'માં સામાજિક ચેતના | પ્રા. રમીલાબેન નાયક |
| ૨૦. પ્રાર્થના | ભાવાનુવાદ ડૉ. ભરતરાજ નીલા |
| ૨૧. પ્રાર્થનાભાષ્ય | પ્રા. ડૉ. એ. જે. આદેશરા |
| ૨૨. વિદ્યાર્થીની નૈતિકતાને ઘડનારા પરિબળો | મારૂફાખાતુન પઠાણ |
| ૨૩. આતંકવાદ | નેહા સોની |
| ૨૪. પ્રવૃત્તિના પ્રાંગણે - વિવિધ પ્રવૃત્તિ | |


★ કૃતિઓનું સઘળું ઉત્તરદાયિત્વ કર્તાઓનું રહેશે, સમ્પાદકો કે પ્રકાશક જવાબદાર નથી.

# સમ્પાદકીયમ્

**પ્રા. શંકર પટેલ / પ્રા. નયના નાયક**

દરેક બાળક કોઈક પ્રતિભા-શક્તિ સાથે અવતરે છે. પરંતુ યોગ્ય વાતાવરણ અને માર્ગદર્શન ન મળતાં, વણકોળ્યા બીજની જેમ એ શક્તિ તેઓની ભીતર જ સુષુપ્તાવસ્થામાં ઠીંગરાઈ જતી હોય છે. લલિતવાઙ્મયને ખિલવવામાં વૃત્તિ, વાતાવરણ અને માર્ગદર્શન મહત્ત્વનાં છે. અલબત્ત કેટલીક પ્રતિભાઓ આપમેળે જ મ્હોરી ઊઠે છે. પરંતુ એવાં ભાગ્ય કેટલાનાં?

વિદ્યાર્થીઓની સિસૃક્ષાને વ્યક્ત-પ્રગટ થવા માટે શાળા-કોલેજોનાં બુલેટિનબોર્ડ, મેગેઝિન વગેરે અતિ મહત્ત્વનાં માધ્યમો છે. ઘણા પ્રતિભાશાળી કવિ-લેખકોને વિદ્યાકાળ દરમિયાન શાળા-કોલેજો આવી રીતે ઉપકારક નીવડી છે. સુન્દરમ, જયંત પાઠક કે ઉશનસ્‌ને સહજ ઉલ્લેખી શકાય. સર્જન માટે કોલેજ કાળ વિશેષ મહત્ત્વનો અને પ્રેરણાદાયી હોય છે. એમ મનાય છે કે ચાલીશેક વર્ષ સુધીની વય સર્જન માટે અત્યંત અનુકૂળ ઉત્કૃષ્ટ સર્જનની ઉત્કટતાવાળી હોય છે.

સાહિત્ય સમાજનું પ્રતિબિંબ ઝીલે છે. એ પ્રતિબિંબ આંતરજગતનાં કે બહિરવાસ્તવનાં પણ હોય. સર્જકનું સંવેદન સર્જક પ્રતિભાના સ્પર્શે શબ્દમાં આકારમંડિત બને છે અને સમસંવેદનશીલ ભાવકને તેનો સાક્ષાત્કાર કરાવે છે. રોજબરોજ કેટકેટલી ઘટનાઓ બને છે, પણ એ દરકને સર્જકસ્પર્શ થતો નથી. અમરકૃતિઓ છીપલામાં બંધાતા મોતી જેવી ઘટના છે. આમ સર્જનની આ અદ્‌ભુત લીલાનો લાભ સર્જકપ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને મળે. સર્જન માટે યોગ્ય માર્ગદર્શન, પ્રોત્સાહન અને પ્રસિદ્ધિ મળે એ આશય પણ ખરો. અધ્યાપક, વિદ્યાર્થી કે કર્મચારી દ્વારા થયેલી કોઈ પણ પ્રશસંનીય પ્રવૃત્તિને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

'વિમલ' માટે માર્ગદર્શન અને સહાયરૂપ બનનાર મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ, મંત્રીશ્રી દર્શન દેસાઈ, આચાર્યશ્રી ડૉ. ભરતરાજ નીલા, ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. અરૂણભાઈ નાયક, ઉપાચાર્યશ્રી ડૉ. ગજાનન પટેલ, ઓ.એસ. શ્રી હર્ષદભાઈ ગાંધી, વિદ્યાર્થી મંડળના હોદ્દેદારો, અન્ય સ્ટાફ સભ્યો તથા બિનશૈક્ષણિકગણ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

□□□



**અરવિંદભાઈ દેસાઈ**
ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી

**ડો. ભરત ડી. નાયક**
નિવૃત્ત આચાર્ય અને કેમ્પસ ડિરેક્ટર





**પ્રા. અરૂણ નાયક**
ઈનચાર્જ આચાર્ય

**દર્શન એ. દેસાઈ**
માનદ્ મંત્રી



# સંચાલક મંડળ



અમરતભાઈ દેસાઈ
ટ્રસ્ટી



સલીમભાઈ પટેલ
ટ્રસ્ટી



ઈન્દ્રજીતભાઈ દેસાઈ
ટ્રસ્ટી



મહેશભાઈ દેસાઈ
ટ્રસ્ટી



સંજયભાઈ દેસાઈ
ટ્રસ્ટી



શ્વેતલભાઈ દેસાઈ
ટ્રસ્ટી



ભાવિનભાઈ દેસાઈ
ટ્રસ્ટી



ભાર્ગવ દેસાઈ
ટ્રસ્ટી



ડો. ગજાનન પટેલ
ઉપાચાર્ય

## MOTO : મુદ્રાલેખ

We the institution Where the mind is without fear and head is held high

**OBJECTIVES : હેતુ:**

तक्षशिला: शिलाम् तक्षति इति तक्षशिला — શિલામાંથી શિલ્પો કંડારવાં

To Create Sculptures out of stones

**Action : હેતુ:** नालंदा न अलम् दा

આટલું (જ્ઞાન) પૂરતું નથી - This is not enough

હજી વધારે આપો(વિદ્યાર્થી કહે છે) - Give More (Students say)

હજી વધારે લો(શિક્ષક કહે છે) - Have More (Teacher Say)

**We Follows : અમે અનુસરીએ છીએ**

Every Child is potential Divine — દરેક બાળકમાં દિવ્યતા રહેલી છે.

The weak can not Forgive, Forgiveness is the Attribute of the Strong — નબળો માફ ન કરી શકે, માફ કરવું એ સબળાનું લક્ષણ છે. - મહાત્મા ગાંધી

If you desire to put your Foot-Prints, don't Drag your legs — જો તમે તમારા પગલાંની છાપ મૂકવા માંગતા હો, તો પગ ઘસડો નહીં -ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

Where there is suffering, there is Duty. — જ્યાં પીડા છે(અન્યાય છે), ત્યાં કર્તવ્ય છે. - જ્યોર્જ ડબ્લ્યુ. બુશ.

---

## આદ્ય સૂત્રધાર : મેનેજિંગ ટ્રસ્ટીશ્રી



સ્વ. મોહનભાઈ મણિભાઈ દેસાઈ (સ્વર્ગવાસ – ૧૯૯૯)

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

**NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL**

**An Autonomous Institution of the University Grants Commission**

# *Certificate of Accreditation*

*The Executive Committee of the*

*National Assessment and Accreditation Council*

*on the recommendation of the duly appointed*

*Peer Team is pleased to declare the*

*M. R. Desai Arts and E. E. L. Kosadia Commerce College*

*Chikhli, Dist. Navsari, affiliated to Veer Narmad South Gujarat University*

*Gujarat as*

*Accredited*

*with a CGPA of 2.37 on four point scale*

*at B grade*

*Date : December 22, 2007*

*Director*

**EC/43/A & A/11**

-આચાર્ય ડૉ. ભરતરાજ નીલા

## સાંજ ઢળે...

### ...જરા ઉચલ ડોક, દૂર નથી જો વિસામો

ખ્યાતનામ કવિ 'દિનકર' ના શબ્દોને જરા મરોડીને કહીશ.

'સમય કે રથ કા ઘર્ઘર નાદ સૂનો,
સિંહાસન ખાલી કરો કિ
અબ દૂસરોં કી બારી હૈ ।'

ચીની કવિ 'લી તાઇ-પો'ની કાવ્યપંક્તિઓનું પણ સ્મરણ થાય છે :

'રાત્રી ગયે થતું અવશ્ય જ પ્રભાત,
પરંતુ વીત્યા દિવસો ન કદાપી આવે.
આંખો મહીં વસતી આશ અપાર તોયે,
વીતી વસંતની સ્મૃતિ સદા દિલને દુભાવે.'

ગૌરવપૂર્ણ - ગરિમાસભર ચોવીસ વર્ષની કારકિર્દીની ઢળતી સંધ્યાએ લેખાં-જોખાં કરતા આ કલમ સફરનામાની શરૂઆત કયાંથી કરવી, તેના અસમંજસમાં પડી છે.

૧૫મી જૂન, ૧૯૮૫ના દિવસે સવારે ૧૧-૦૦ કલાકે સદ્ગત પૂ. મોહનકાકા અનેરા ઉત્સાહથી મને આચાર્યની ખુરશી તરફ દોરી જવાને માટે, મારા કરતા પણ વહેલા આવી ગયા હતા. તેઓએ તો મારા સ્વાગતની તૈયારી કરાવી હતી. કુમકુમ તિલક અને અક્ષત વડે મારું અભિવાદન કરીને મને આચાર્યપદે બેસાડયો. મારા જીવનની એ ખૂબ ધન્ય ઘડી હતી. મેં પૂ. મોહનકાકા સાથે મળીને કોલેજના અન્ય સંચાલક સાથીઓ- મુ. સલીમભાઇ, સ્વ. ભગુકાકા, સ્વ. લલ્લુકાકા વગેરે તેમજ અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ, મેન્યુઅલ સ્ટાફ, વિધાર્થીઓ, સમાજના આગેવાનો અને વાલીઓના અદમ્ય સહયોગ, સદ્ભાવ અને સ્નેહ દ્વારા આ કોલેજના વિકાસનો નકશો આકારીને મારી બુધ્ધિક્ષમતા, કર્મનિષ્ઠા અને સાહસિકતાને કામે લગાડીને આ ગૌરવવંતી સફર આદરી હતી.

અમેરિકન કવિ રોબર્ટ ફ્રોસ્ટની નીચેની કાવ્યપંક્તિ સતત નજર સામે રાખી છે.

The woods are lovely, dark and deep,
But, I have promises to keep.
And miles to go before I sleep
And miles to go before I sleep.

આ સંધ્યા ટાણે કર્મણ્યભાવથી નિર્ધારિત કર્મ સુપેરે બજાવ્યાના ભરપૂર સંતોષ સાથે વયમર્યાદાના કારણે આચાર્યમાં રહેલા એક કર્મચારી નિવૃત્તિ વિદાય લેશે, ૧૪ મી જૂન ૨૦૦૯ના રોજ.

આમ તો મારી હમેશાં એક માન્યતા રહી છે કે આચાર્યપદ તો એક નિમિત્ત છે, મૂળભૂત રીતે હું આચાર્ય કહેતા અધ્યાપક-શિક્ષક છું અને શિક્ષક કદી નિવૃત્ત થતો નથી. Teacher ની વ્યાખ્યા છે : who imparts his / her knowledge અર્થાત્ જે પોતાના જ્ઞાનનો પ્રસાર કરે તે શિક્ષક. શિક્ષક તો આ પ્રક્રિયા જીવનપર્યંત જાળવી રાખતો હોય છે એટલે શિક્ષક ની નિવૃત્તિનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. માત્ર શિક્ષકમાં રહેલો એક વેતન લેતો કર્મચારી જ નિવૃત્ત થાય છે, એમ હું માનું છું. હવે પછીની મારી પ્રવૃત્તિ માટે બે માધ્યમ નક્કી કર્યા છે. (૧) નૂતન ભારત સમાજ (૨) આ કોલેજના વિકાસ માટે પણ ઇચ્છિત સમય ફાળવવો.

આ કોલેજ દ્વારા મને ગૌરવ અને સન્માન પ્રાપ્ત થયા છે, તે મારું સદ્દભાગ્ય છે અને તેની સાનંદ નોંધ લઉં છું. ચોવીસ વર્ષની મારી આ સફર દરમ્યાન કોલેજના વિકાસ માટે, વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે અને સાથીઓ – સૌના શ્રેય માટે મેં યત્કિંચિત પ્રયાસો દિલ ચોર્યા વિના પૂરી નિષ્ઠાથી અને કોઇપણ પ્રકારના ભેદભાવ કે પૂર્વગ્રહ વિના કર્યા છે, એમ હું અભિમાનપૂર્વક કહી શકું એમ છું, તેથી કોઇ વિગતોનો ઉલ્લેખ કરીને હું આત્મપ્રશંસાનો દોષ વહોરી લેવા નથી માગતો : આમ છતાં કોઇને પણ જાણ્યે – અજાણ્યે મારા વ્યવહારથી દુ:ખ પહોંચ્યું હોય તો હૃદયના ઊંડાણથી ક્ષમાયાચના.

મારા કામને પૂરતી મોકળાશ મળે તે માટે શરૂઆતના વર્ષોમાં પૂ. મોહનકાકાની આગેવાની હેઠળ અને ત્યાર પછી મુ. શ્રી. અરવિંદભાઇના નેતૃત્વ હેઠળ મને પૂરા વિશ્વાસ સાથે આઝાદી મળી છે અને તમામ સાથીઓનો પૂરેપૂરો સક્રિય સહયોગ મળ્યો છે, તેથી જ કદાચ હું ગૌરવ લઇ શકાય તેવી પ્રગતિનો સૂત્રધાર બની રહ્યો છું.

મારા કાર્યકાળ દરમ્યાન વિવિધ કોલેજોના આચાર્યો, અધ્યાપકો, વિદ્યાર્થી આગેવાનો, વીર નર્મદ દ. ગુ. યુનિ. ના જે તે સમયના તમામ કુલપતિઓ, ઉપકુલપતિઓ તેમજ વિવિધ સત્તામંડળના સભ્યોનો મને ઘણો સહયોગ મળ્યો છે, તેની પણ નોંધ લઉં છું. મને પોતાને પણ કોલેજ આચાર્ય મંડળના પ્રમુખપદે રહીને તેમજ કોમર્સ ફેકલ્ટીના ડીનપદે અને વિવિધ સત્તામંડળો તેમજ કમિટીઓમાં કામ કરવાની તકો મળી, તે બાબતનું પણ મને ગૌરવ છે અને તેથી આ સમયગાળાના યુનિવર્સિટી ક્ષેત્રના તમામ સાથીઓ અને કર્મચારીઓનું ઋણ સ્વીકારું છું.

આ કોલેજે મારા કાર્યકાળ દરમ્યાન નિશ્ચિત પ્રગતિ કરી છે, તેના ગૌરવ સાથે ભવિષ્યમાં પણ ખૂબ ખૂબ પ્રગતિ કરશે, એવી ભદ્રભાવના સાથે શુભકામનાઓ વ્યક્ત કરું છું.

જો હું જીવનમાં સફળ થયો છું, એમ લોકો માનતા હોય તો તે માટેનું શ્રેય આ તમામને ફાળે જાય છે:

- પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા.
- માતા શારદાદેવી અને પિતા ધીરૂભાઇ તેમજ સર્વ વડીલોના અહર્નિશ આશીર્વાદ અને સર્વ સ્નેહીજનોની શુભ લાગણી
- સહધર્મચારિણી નીલાદેવીનો ઉત્કટ પ્રેમ, સંગાથ અને હૂંફ, પૂર્ણ સમર્પણ, જેણે પારિવારિક જવાબદારીમાંથી સંપૂર્ણપણે મને મુક્ત રાખ્યો અને આવશ્યકતા ઊભી થઇ ત્યારે નોકરી કરીને આર્થિક બળ પણ પૂરું પાડ્યું, દરેક ઠોકર વખતે સવેળા મને સંભાળી લેવાની એની ગજબની કુનેહ.
- મારા બાળકોનો અતૂટ સ્નેહ અને મારામાં તેઓની શ્રધ્ધા.
- મારા ગુરૂજનો, જેઓએ જ્ઞાનસભર બનાવી કેળવણી આપી.
- સમાજ સેવા માટે પ્રેરકબળ બારડોલી સત્યાગ્રહમાં સરદારના સાથી એવા સ્વાતંત્ર્ય સેનાની દાદાશ્રી છગનલાલ વલ્લભભાઇ નાયક, મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે, મારા દાદાના મિત્રો એવા રવિશંકર મહારાજ અને જુગતરામ દવે.
- રાજકીય પ્રેરકો ગાંધી, નહેરુ, સરદાર, સુભાષચંદ્ર અને વીર શહીદ ભગતસિંહ.
- મારા શૈક્ષણિક અને જાહેરજીવનના અનેક શુભેચ્છકોની શુભકામનાઓ.
- કોલેજના સંદર્ભે સદ્ગત પૂ. મોહનકાકા અને સંચાલક મંડળના વખતોવખતના અન્ય તમામ સભ્યો તથા કોલેજના સાથીઓ અને વિદ્યાર્થીઓનો મારામાંનો પ્રબળ વિશ્વાસ.

સાથીઓ, કદાચ અત્યારે મારા મનોવિશ્વમાં કણ્વનો આશ્રમ છોડતી શકુંતલા ઘુમરાય છે, તેમ છતાં નિર્ધારિત કર્મ પૂર્ણ થયેથી નૂતન કર્મધર્મનું આહ્‌વાન થતાં, નવપ્રસ્થાન માટે પ્રયાણ હમેશાં આવશ્યક બનતું હોય છે, એટલે આ કોલેજ છોડવાનો મને જરાય રંજ નથી. આ કોલેજ કેમ્પસમાં કણ કણ અને ઝાડવે – ઝાડવામાંથી અને ઈંટ – ઈંટમાંથી તથા તમામ જીવંત માનવીઓ કે જેનો આ કોલેજ સાથે નાતો રહ્યો છે, તેવા તમામના હરશ્વાસમાં 'ડૉ. ભરતરાજ નીલા' ના નામનો નાદ અને ગૂંજ અનંતકોટિ સંભળાયા કરશે, એવી અનન્ય શ્રધ્ધા સાથે હું જઇ રહ્યો છું.

**''મહેરબાઁ હો કે બુલા લો મુઝે જિસ વક્ત ચાહે, મૈં બિતા વક્ત નહીં હૂં કી ફિર આ ન સકું.''**

**સૌનું શુભ થાઓ. ॥ जय भारतम् ॥**

## આચાર્યશ્રીની કલમે

ઈનચાર્જ આચાર્ય પ્રા. અરુણ નાયક

વાણિજ્ય વિભાગ

સૌ પ્રથમ તો હું અમારા મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ અને આચાર્ય ડૉ. ભરતરાજ નીલાનો આભાર માનું છું કે મારામાં વિશ્વાસ મૂકીને મને ચીખલી કોલેજનું સુકાન સોંપ્યું અને મેં મારાથી શક્ય એટલા એ મૂકેલ વિશ્વાસને ચરિતાર્થ કરવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે.

અમારી કોલેજે આ વર્ષે બરાબર ૪૦ વર્ષ પૂરા કર્યા અને આજુબાજુની તમામ જનતાની જ્ઞાનપિપાસા સંતોષવાનો પ્રયાસ કર્યો છે અને ઉત્તરોત્તર પ્રગતિ પણ કરી છે. આ વિસ્તારની અને આધુનિક યુગની માંગને ધ્યાનમાં રાખીને બી.સી.એ. જેવા અભ્યાસક્રમો પણ શરૂ કર્યા છે. જેઓ સંજોગવશાત્ કોલેજ પ્રત્યક્ષપણે ઉપસ્થિત રહી શકે એમ ન હોય તેવાઓની પણ જરૂરિયાત સંતોષાય તે માટે ડૉ. બાબા સાહેબ આંબેડકરનું કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું અને તેમાં ૫૦ જેટલા વિવિધ અભ્યાસક્રમો કરી શકાય એમ છે.

અમારી કોલેજમાં સવિશેષ આદિવાસી અને પછાત વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ આવે છે, તેમને વિદ્યાકીય સવલતોની સાથે સાથે અન્ય સવલતો ઉપલબ્ધ થાય, તે માટે અમે હરહંમેશ કટિબદ્ધ રહ્યા છીએ, તેના પરિણામસ્વરૂપે જ અમો કોલેજ કેમ્પસમાં Women's Hostel, Men's Hostel with Guest House, વિશાળ રમતગમતનું મેદાન, જેમાં ક્રિકેટ, હોકી, ફૂટબોલ, બાસ્કેટબોલ, વોલીબોલ, લોન ટેનિસ, ખો-ખો અને ઈન્ડોર સ્ટેડિયમ-કમ-જિમ્નેશિયમનું નમૂનેદાર, સુવ્યવસ્થિત અને સુંદર આયોજન કરી શક્યા છીએ.

વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે પ્રેરણા અને પ્રોત્સાહન મળે, તે માટે સહ અભ્યાસ પ્રવૃત્તિઓ તેમજ વધારાની પ્રવૃત્તિઓ સક્રિય રીતે અને સફળતાપૂર્વક કરવામાં આવે છે અને તેમાં એન.સી.સી., એન.એસ.એસ., યુથ રેડક્રોસ, સ્ટુડન્ટ કાઉન્સેલિંગ, અક્ષયપાત્ર યોજના વગેરેનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીમંડળની વિવિધ સમિતિઓ અને અન્ય પ્રવૃત્તિઓની નોંધ આ કોલેજ મેગેઝિનમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

અમારી કોલેજ માટે ગર્વની વાત એ છે કે અમે નવા અભિગમ હેઠળ 'નેક' બેંગલોર દ્વારા 'બી' ગ્રેડપ્રાપ્ત કરી શક્યા છીએ. આ કાર્યમાં સમગ્ર સ્ટાફ સભ્યોએ તનતોડ મહેનત કરી છે અને એમના સહકારથી જ આ ભગીરથ કાર્ય પાર પડ્યું છે. પ્રા. ડૉ. જે.યુ. પટેલે મારી સાથે ખભેખભા મિલાવીને ખૂબ જ સહયોગ કર્યો હતો. એઓ મારી સાથે સતત રાત-દિવસ સાથે રહ્યા હતા. આ તમામ બાબતોમાં આચાર્યશ્રી ડૉ. ભરતરાજ નીલાનો રચનાત્મક અભિગમ અને અમને કામ કરવા માટે આપેલ સંપૂર્ણ સત્તા ખૂબ જ પ્રેરણાદાયી નીવડ્યા હતા. અમારા મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળનો પણ સારો સહયોગ મળ્યો હતો. આ ઉપરાંત સી. ડી. સી.ના ડિન ડૉ. પંકજ હિરાધર, કોમર્સ વિદ્યાશાખાના ડિન ડૉ. યુ.ટી. દેસાઈ, બી.એડ. કોલેજ બીલીમોરાના પ્રિ. ડૉ. નાનુભાઈ પટેલ, બારડોલી કોલેજના આચાર્ય ડૉ. પરમાર સાહેબ તથા અન્ય સ્ટાફ સભ્યોનો આ તબક્કે મદદરૂપ થવા માટે ઋણ સ્વીકાર કરી લઉં છું.

અધ્યાપકોએ અધ્યાપનકાર્યની સાથે સાથે વિવિધ સમિતિઓમાં તેમજ વિચારગોષ્ઠિના કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહ અને સક્રિયતા દાખવીને નોંધપાત્ર યોગદાન આપ્યું છે. 'ન્યુ ઈએરા રિસર્ચ સેન્ટર'ની સ્થાપના પણ કરવામાં આવેલ છે. એના ઉપક્રમે સમાજોપયોગી સંશોધન પ્રોજેક્ટો હાથ ધરવામાં આવે છે. અમારી કોલેજમાં ૧૨ અધ્યાપકો એમ.ફિલ અને પીએચ.ડી.ની પદવીઓ ધરાવે છે. ઘણા અધ્યાપકો અવારનવાર યુનિવર્સિટી, રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાના

કાર્યશિબિર કે પરિસંવાદોમાં કોલેજનું પ્રતિનિધિત્વ કરે છે અને સંશોધનપત્રો પણ પ્રસ્તુત કરે છે. અમારી કોલેજમાં દર શનિવારે અધ્યાપકો દ્વારા 'વિચારગોષ્ઠિ'નું આયોજન થાય છે, તેમાં અધ્યાપકોના વક્તવ્યો બાદ ચર્ચા, પ્રશ્નોત્તરી અને પૂરક કથનોને નોંધપાત્ર તક મળે છે.

વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થયેલ પ્રા. રેણુકાબેન માસ્તરને આ તબક્કે હું દીર્ઘાયુ ઈચ્છું છું અને તેઓ તેમના જ્ઞાનનો લાભ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિદ્યાર્થીઓને અને સમાજને આપતા રહે એવી શ્રદ્ધા પણ ધરાવું છું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાતની યુનિવર્સિટી દ્વારા યોજાતી પરીક્ષાઓમાં આર્ટ્સ ફેકલ્ટી, કોમર્સ ફેકલ્ટી અને બી.સી.એ.ના ગ્રેજ્યુએટ્સ કક્ષા સુધીના વર્ગોનું તેમજ અનુસ્નાતક વર્ગો(એમ.એ.-હિન્દી, સંસ્કૃત)નું ખૂબ સારું પરિણામ આવે છે. એન.સી.સી.ના વિદ્યાર્થીઓ 'બી અને સી' પરીક્ષામાં સારા ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થયા છે. વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર પ્રા. રેણુકાબેન માસ્તરને શુભકામનાઓ. કોલેજના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ, માનદ્ મંત્રીશ્રી દર્શનભાઈ દેસાઈ તથા અન્ય ટ્રસ્ટીઓના અદ્વિતીય સહયોગ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

**" જયાં સુધી કરોડો લોકો ભૂખ અને અજ્ઞાનતામાં જીવન વિતાવતા હશે ત્યાં સુધી હું એવી એ પ્રત્યેક વ્યક્તિને દેશદ્રોહી કહીશ કે જેમણે એમના જ પૈસાથી શિક્ષણ મેળવીને પછી એમની તરફ પાછું વળીને જોયું સુદ્ધાં નહીં. "**

**- સ્વામી વિવેકાનંદ**

હતી કઈ પ્યાસ એવી, હરપળે બસ દોડતો રાખ્યો<br>
પડછાયો રેતીએ તો મૃગજળે બસ દોડતો રાખ્યો.

આ ગોળાકાર પૃથ્વીમાં વળી શું પૂર્વ કે પશ્ચિમ<br>
છતાં દશદશ દિશાની અટકળે બસ દોડતો રાખ્યો.

**- દિલખુશ દીવાનજી**

## ઝંખના

ઝળહળે તુજ રૂપ થકી આ ચાંદની, ક્યાં કોઈને એની ખબર?
આગમનની વાત દિલથી સાંભળી, ક્યાં કોઈને એની ખબર?

સાવ મંથર ચાલ છે, પણ મદભરી તુજ ચાલની ઘેરી અસર,
લાખ અરમાનો ભરી છે છાવણી, ક્યાં કોઈને એની ખબર?

હાથમાં હૈયું નથી ને દોર એનો હાથમાં રહ્યો નથી-
ઓસભીનાં ખ્વાબની છે માંગણી, ક્યાં કોઈને એની ખબર?

આંખ તો મદહોશ થઈ ગઈ છેઃ વિવશ મનમાં સતત તુજ યાદ છે,
ઝંખના આગોશને છે ફાગણી, ક્યાં કોઈને એની ખબર?

આપણા સંબંધના તો શબ્દને પગલાં અહીં પડઘાઈ છે,
ઝાંઝરીના નાદમાં છે લાગણી, ક્યાં કોઈને એની ખબર?

જિંદગીની સેજ શમણાંની સજાવીને તને ઝંખ્યા કરું-
તે છતાં ચોપાટની ઝટ માંડણી, ક્યાં કોઈને એની ખબર?

ડૉ. ભરતરાજ નીલા

## લાગણી

છોડની
તાજી ફૂટેલી
કૂંપળશી કોમળ લાગણી
પામ્યા પછી,
હવે
પાનખરના પર્ણવિહીન વૃક્ષની
ભેંકારતા સહી શકું
એવો હૃદયહીન
હું નથી.

પ્રા. અરૂણ નાયક

# જિંદગી

□

દિલમાં ખુશી નથી
છતાં પણ ખુશ રહેવું પડે છે.
કોઈ પૂછે છે: મઝામાં છો ને ?
કહેવું પડે છે : મઝામાં.
આને શું કહેવાય?
નાટક જ ને ?!
જિંદગીમાં બરબાદ થઈને
નાટક ભજવવું પડે છે,
એ જ
ખરી
જિંદગી કહેવાય ?!

□

શશીકાંત આહિર
ટી. વાય. બી. એ.

# રહેવું છે

□

અભિશાપ કરતાં વરદાન બનીને રહેવું છે,
દોલત વિના પણ ધનવાન બનીને રહેવું છે.

એકાંતમાં ગર્વના ચૂરેચૂરા થઈ જાય છે
મદહોશ થૈ મદમાં બેભાન બનીને રહેવું છે.

હિંસા ને પ્રપંચોથી દુનિયાને ઉગારી લેવી છે,
ભગવાન નહિ પણ ઈન્સાન બનીને રહેવું છે.

બેબસ માનવીની અશ્રુ છલકતી આંખોમાં
આશાની જ્યોત સાથે અરમાન બનીને રહેવું છે.

ધિક્કાર ભરેલા જીવનનો કોઈ પણ અર્થ નથી
હૈયામાં વસી પલક પર સન્માન બનીને રહેવું છે.

□

પૂર્વી પટેલ
એફ.વાય.બી.એ.

## માણસ

□

પાંદડું
ખર..ખર...ખરી જાય છે
પછી સડી જાય છે.

પુષ્પ
ડાળ પરથી ખરે છે
પછી સડી જાય છે.

ફળ
વૃક્ષ પરથી પડે છે
પછી સડી જાય છે.

માણસ સડી જાય છે
પછી ખરે છે
પણ
હું તો
માણસ છું ?!

□

જિજ્ઞા લાડ
ટી. વાય. બી. કોમ.

## પૈસા

□

પૈસા...
હસાવે છે
રડાવે છે
દાનવીર બનાવે છે
દુર્જન બનાવે છે
વેરી બનાવે છે
મૈત્રી તોડાવે છે
પરસ્પર લડાવે છે
સંબંધોમાં તિરાડ પડાવે છે
પણ આમ જુઓ તો
પૈસામાં કશું નથી
છતાં
પૈસાથી
તો બધું થાય છે!!!

□

જિજ્ઞા લાડ
ટી. વાય. બી. કોમ.

## બે કવિતા

□

નિહાળી મને  એ હરખાય છે,
લાગણી સમયસર ઉભરાય છે.

આટલી નિકટતા હોવા છતાં
એ કંઈ પણ કહેતાં શરમાય છે.

એકલા રહેવામાં છે ખરી મજા,
એમનાં અબોલા મને સમજાય છે.

હું એને શોધ્યા કરું છું અહીંતહીં
જોઉં છું તો અરીસામાં ભટકાય છે.

જ્યાં કશું અભિવ્યક્ત થતું નથી
ત્યાં માત્ર મૌનની ભાષા વપરાય છે.

□

□

રોજ મળુ છું સપનામાં
છતાં જોઉં છું ઝંખનામાં

હાસ્યની લહેરો વહે છે
અશ્રુને જાળવું છું નૈનમાં

નજર ન લાગે કોઈની
તને રાખું છું નજરમાં

પરખ કદી થાય નહિ –
જાતને સાચવું એકાંતમાં

પ્રીતની જાણ થાય નહિ
અકબંધ છે 'ખુશી' અવ્યક્તમાં

□

અંજના પટેલ 'ખુશી'
ટી. વાય. બી. એ.

## તમે

□

ભૂલથી ભૂલો તમે
સ્વપ્નમાં આવો તમે

ફૂલ ખીલ્યાં હોય છે
ઘર કરો આજે તમે

શ્વાસમાં ભળતા રહો-
પ્રેમની ધડકન તમે

દ્વાર ખુલ્લાં છે બધાં
આવશો ધીમે તમે

જિંદગી ઘુઘવાટ છે
સ્નેહથી આવો તમે

□

નીલેશ સોલંકી
ટી. વાય. બી. એ.

## રામાયણ

□

ઘેરું ગર્જન ભીતરે જાગ્યા કરે
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

તન અને મનનો હવે ક્યાં મેળ છે?
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

રાતની ઘેરી અસર મનમાં વસે
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

ભીતરે કૈં કેટલી બારી ખુલે
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

હું ગગન ને હું મગન એમાં થયો
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

બ્હારથી ને ભીતરે નોખાપણું
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

સંગમાં રાચ્યા પછી હું એકલો ?
એ જ રામાયણ પછી ચાલ્યા કરે

□

પ્રા. ડૉ. ગજાનન પટેલ
ગુજરાતી વિભાગ

## હાઈકું

અહો અશ્રુ એ ?
સરકે જાણે મોતી
કપોલ પરે

જાણે આરસ
નવજાત મૂર્તિ એ
ઘડીમાં ઢળી

ચાલ ઊભો થા
સફર લાંબી ગૂઢ
સમય ટૂંકો

તારા આંસુને
કહ્યું કોઈએ મોતી
કોઈએ સિન્ધુ!

નથી ખસતાં
દશ્ય ગતજનનાં
ગાન કરતાં

આવી જવાનું
સારું લાગ્યું તને કે
આંસુ પડાવા

☐

**પ્રા. શંકર પટેલ**
ગુજરાતી વિભાગ

## આસ્થા

☐

કોઈ સારી, કોઈ સાદી પળ મળે છે,
જિંદગીમાં ક્યાંક અસ્થાને ઢળે છે.

નૈનની સામે હવે અંધાર વ્યાપે-
સૂર્ય ખીલેલો છતાં માયા છળે છે.

આજ સંબંધો ઘણા વિપરિત છતાં-
નેહના નિઃસ્વાર્થ ભાવો ફળે છે.

છેક ઊંડાણે જતાં મોતી મળશે,
ઝાકળો પણ ફૂલ પર મોતી બને છે.

આંગણે આસ્થા થકી ભંડાર થાશે,
ભક્તિમાં 'ઝાહી' હવે ઉન્નતિ જુએ છે.

☐

**કિંજલ એ. પટેલ'ઝાહી'**
એફ. વાય. બી.એ.

પટેલ જિજ્ઞેશકુમાર જી.

# માનવમૂલ્યોની કટોકટી

શ્રીરંગ શિક્ષણ મહા વિદ્યાલય, બીલીમોરા
(પ્રા. ડૉ. અધ્વર્યુ નિબંધ સ્પર્ધામાં પ્રથમ)

" એવો દી દેખાડ, વ્હાલા ! એવો દી ઉગાડ
દેખું તારુ રૂપ બધે, એવો દી દેખાડ !
ભુલાવી હું -મારું 'હું' ને તારામાં ડૂબાડ;'

આ પ્રભુ પ્રાર્થનાના બોલ ક્યાં ને આજનો માનવી ક્યાં ? તેના આદર્શો, મૂલ્યો ક્યાં ? આ સંદર્ભે કેટલાક 'માનવમૂલ્યોની કટોકટી' ના મૂલ્ય વિચારો રજૂ કરું છું.

કુદરતનું ઉત્તમ, ઉત્કૃષ્ટ સર્જન એટલે 'માનવ'. માનવ એટલે જ સૃષ્ટિની શાન. સમગ્ર સૃષ્ટિનું સૌંદર્ય માનવજાતિ પર નિર્ધારિત છે. પ્રાકૃતિક સૌંદર્યને જો સમગ્ર સૃષ્ટિનો આત્મા ગણીએ તો માનવીનું આંતરિક સૌંદર્ય તેનો પ્રાણ છે. માનવ શરીર કુદરતની અમૂલ્ય દેણ છે. જીવન તો દરેકને મળ્યું છે. પરંતુ માનવીની એ દૈવી સંસ્કૃતિના પ્રતીકરૂપ પરંપરાઓ, તેનાં માનવમૂલ્યો, પ્રેમ, હૂંફ એ કોઈ સ્વર્ગના રાજભોગથી ઓછાં નથી!

આજે પૃથ્વી પર જો માનવીનું અસ્તિત્વ અલગ કંડારવામાં આવ્યું હોય તો તે તેનાં દૈવી માનસ, લાગણીશીલ હૃદય અને પવિત્ર વાણીનું ઝરણું છે. માનવી એના સર્જનહારની સમકક્ષ કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આથી જ તો કહેવાયું છે:

" કાળા માથાનો માનવી શું ન કરી શકે?"

માનવીને ઉત્કૃષ્ટતા બક્ષવામાં ઉપયોગી તત્વ સંસ્કાર, એના સિદ્ધાંતો, મૂલ્યો છે. દૂધમાં સાકરની જેમ જ માનવ લોહીમાં તે પ્રસરેલા છે. ધર્મશાસ્ત્રો અનુસાર પણ માનવી પોતાના ધર્મથી નહિ પણ, કર્મથી જ ઓળખાય છે. ગીતાનુસારઃ

" યોગઃ કર્મસુ કૌશલમ્"

જીવન એટલે સિતાર પર રેલાતું મધુર સંગીત. સંગીતના સા રે ગ મ પ ધ ની સાં ની.... જેમ જ જીવનનાં સૂરોને એક તારમાં ગૂંથવું ખૂબ જ આવશ્યક છે. માનવીનાં જીવનસંગીતમાં સૂર ન સચવાય તો જીવનસંગીત બેસૂરુ બને છે. કર્ણપ્રિય સંગીત માટે સૂર આવશ્યક છે તેમ માનવજીવનની સુગંધ માટે મૂલ્યોની સા રે ગ મ પ ધ ની સાં.. આવશ્યક છે.

માવન માટે શ્વાસના જેટલું જ મહત્ત્વ મૂલ્યોનું છે. રાષ્ટ્રની સંસ્કૃતિ, વિચારધારા, શક્તિઓ, સામર્થ્યનો આધાર એનાં મૂલ્યો છે. ઘટાદાર વૃક્ષો જ શ્રેષ્ઠ છાંયડો આપી શકે. અર્થાત્ ઉચ્ચ માનવમૂલ્યો ધરાવતી વ્યક્તિ જ પોતાના અને અન્યના જીવનને સાર્થક્તા બક્ષી શકે છે. આપણા સાધુ, સંતો, મહાનુભાવોએ માનવમૂલ્યોને જ તો આત્મસાત્ કર્યાં છે.

મૂલ્યો સનાતન સત્ય છે. મૂલ્યોને પોતાની ગહનતા છે, વિશાળતા છે. મૂલ્યો ગઈકાલે પણ હતા અને આજે પણ છે. પરંતુ આજે માનવી તેને અલગ રીતે કંડારે છે તો પછી મૂલ્યોની ચોક્કસ ઓળખ શી ? મૂલ્યો કોને કહી શકાય ?

અસ્તિત્વવાદી ફ્રેંચ ફિલસૂફ જ્યાં પોલ સાત્રે કહે છે કે,

" આપણી જ પસંદગી વખતે - વડે આપણે પોતાને અને મૂલ્યોને સર્જીએ છીએ."

" મૂલ્યો આપણે 'શું' કરવું અને 'કેવી રીતે' કરવું તે નિશ્ચિત કરે છે."

" શારીરિક અને માનસિક જરૂરિયાતો માટે મથવું એટલે મૂલ્ય"

" A value is the person's idea of what is desirable, what he and others want, not necessarily what only he wants."

આજના ૨૧મી સદીના વિજ્ઞાન યુગમાં માનવીએ ભૌતિક સંપત્તિ-સુખોની ઘેલછામાં મૂલ્યોને નેવે મૂકી દીધાં છે માનવમૂલ્યોનો હ્રાસ થયો છે. આથી જ તે પોતાનું શ્રેષ્ટતમ, અસ્તિત્વ માટે આત્મસંરક્ષણ માટે, પ્રારબ્ધને બદલવાના સામર્થ્ય માટે જ મૂલ્યોને અનુસરે છે. તેમની સામે જીવનમૂલ્યોનો પ્રશ્ન દીવાલ સમો છે. શું આજનો માનવી પોતાના કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, ફરજો, હકો, પોતાની ઈચ્છાઓ, આકાંક્ષાઓના મૂલ્યોને સમજ્યો છે? પોતાની ફરજો જવાબદસારીઓના મૂલ્યોને તે જાણે છે ? નથી, તો કટોકટી શા માટે સર્જાય છે ?

મૂલ્યોનું જન્મસ્થાન માનવમન છે. માનવીય વર્તન, રહેણીકરણી, માન્યતાઓ,રીતરિવાજો, આદર્શો એટલે 'મૂલ્ય'. મૂલ્યો માનવ મનને આધીન હોઈ જૂનાં અને નવાં મૂલ્યો વચ્ચે સંઘર્ષ જન્મે છે અને એમાંથી મૂલ્યો પરિવર્તન પામે છે. વ્યક્તિના મૂલ્યોથી સમાજ પરિષ્કૃત થાય છે. પ્રવર્તમાન સમયમાં માનવી કોઈ જૂના મૂલ્યોને પડકારી નવા મૂલ્યો પ્રસ્થાપિત કરવા મથે ત્યારે સંઘર્ષ જન્મે છે. બે પેઢીઓ વચ્ચેનો અવકાશ પણ નવા મૂલ્યોને પ્રગટ કરે છે.

'સત્યમ', 'શિવમ', અને 'સુંદરમ' એ ત્રણ મૂલ્યથી શરૂ કરી એન.સી.ટી.એ ૮૩ જેટલા સનાતન મૂલ્યો ગણાવ્યા છે. પરંતુ સમગ્ર રીતે જોતાં મૂલ્યોનાં બે પ્રકાર પાડી શકાય.

૧. સનાતન, શાશ્વત અથવા પાયાના મૂલ્યો
૨. ભૌતિક, દુન્યવી અથવા અશાશ્વત મૂલ્યો

નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોએ પાયાના અથવા શાશ્વત મૂલ્યો છે. સનાતન મૂલ્યો છે. વેદકાળથી નૈતિક આધ્યાત્મિક મૂલ્યોને ધર્મ અને સત્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. ધર્મ અથવા માનવીય મૂલ્યો સમાજના વ્યક્તિગત અને સમૂહગત વલણોને ઘડે છે. સદાચાર, નૈતિકતા કે માનવીય મૂલ્યો એકબીજાના પર્યાય છે. મનુષ્ય જીવનને ઉન્નત બનાવવા માટે સત્ય, અહિંસા, પ્રેમ, શાંતિ અને પવિત્ર વર્તન જેવા શાશ્વત મૂલ્યોનું ખેડાણ આવશ્યક છે.

સામાજિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને ઘરેલૂ મૂલ્યોએ દ્વિતીય કોટિનાં ભૌતિક કે દુન્યવી મૂલ્યો છે. આ મૂલ્યો પરિવર્તનશીલ છે. તેથી તે સાપેક્ષ છે. મૂલ્યો પરિવર્તનનો ગાળો ક્રાંતિનો હોય છે. કારણ કે તેની પહેલ કોણ કરે એ પ્રશ્ન હોય છે.

મૂલ્યોના અન્ય પ્રકારો કેટલાક મૂલ્ય-મીંમાંસકો નીચે મુજબ વર્ણવે છે:

૧. પ્રાથમિક મૂલ્યો
૨. હકારાત્મક મૂલ્યો
૩. નકારાત્મક મૂલ્યો
૪. સાધનિક મૂલ્યો
૫. અવિભાજ્ય મૂલ્યો વગેરેનો સમાવેશ થાય છે.

જીવનના ઉત્કર્ષ માટે માનવમૂલ્યો આવશ્યક છે. પરંતુ જો આ મૂલ્યોની કટોકટી સર્જાય તો...? અને આ જ પ્રશ્ન મહામાનવ જાતના સંહાર, પતનનું કારણ બન્યું છે. પ્રથમ માનવી માનવજાતના રક્ષણ અંગે ચિંતિત હતો, જ્યારે આજે માનવી એનાથી ઊલ્ટું પોતે જ બનાવેલા અણુસાધનોથી પોતાને બચાવવાનો માર્ગ શોધી રહ્યો છે. માનવીની શોધ અને માનવ મૂલ્યોનો હ્રાસ એટલે જ માનવજાતનો સાર્વત્રિક સંહાર.

શાશ્વત મૂલ્યોમાં નૈતિકતા અસ્વાભાવિક છે. ઘડિયાળના કાંટાની પાછળ દોડતો માણસ સત્તા અને સંપત્તિમાં પરોવાયેલું એક પૂતળું બનીને રહી ગયો છે. તેના અન્ય સાથેના માનવસંબંધોને એ ભૂલ્યો છે. એ પોતે કોણ છે, 'સ્વ'નું ભાન ભૂલ્યો છે.

નૈતિકતાનું ભાન ભૂલેલો માનવી આજે ચોરી, લૂંટફાટ, ભ્રષ્ટાચાર, અપહરણ, બળાત્કાર જેવા અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. કદાચ પ્રાણીઓ પણ આવું વર્તન આચરતાં ન હોય! આપણે ધાર્મિક ઉત્સવો ઊજવીએ છીએ. દરેકનો ઉદ્દેશ માનવ શાંતિ, સમૃદ્ધિ, પ્રેમ, સદાચાર, ભાઈચારો છે. પરંતુ શું આજે વિશ્વનો કોઈ પણ માનવ સંપૂર્ણ સુખ-શાંતિ માણી શકે

છે? નહીંને! તો તેનું કારણ શું ? જંગલી સિંહ પણ કદાચ સિંહને ખાતો નથી, પરંતુ માણસ માણસને ખાય છે!
કારણ કે તે તેના ધર્મને ભૂલ્યો છે, તેની નૈતિકતાને ભૂલ્યો છે. આ તનાવપૂર્ણ માનવવેદનાથી પ્રરાઈને જ ગુજરાતી કવિવર શ્રી ઉમાશંકર જોષીએ કહ્યું છે :

"હું માનવી માનવ થાઉં તો ઘણું"

અત્ર, તત્ર, સર્વત્ર - માનવી આજે આપખુદ બન્યો છે. તે પોતાના વિચારો બીજા પર ઠોકી બેસાડવા ઉન્મત બન્યો છે. આજનો 'સ્વાર્થી' કહેવાતો માનવી, જેમ કે માલિક નોકર ઉપર, શિક્ષક વિદ્યાર્થી ઉપર, પતિ પત્ની ઉપર પોતાના વિચારો, સામર્થ્યનું દમન કરે છે. આમાં નૈતિકતા, માનવતા ક્યાં?

માનવજીવનનાં અખંડ ઈતિહાસ પર નજર કરીએ તો આશ્ચર્ય થશે. મહાત્મા ગાંધીજી, ઈશુ ખ્રિસ્ત જેવા મહાપુરુષોની પણ જો હત્યા કરવામાં આવતી હોય તો તેનાથી મોટું અપકૃત્ય કયું હોઈ શકે ? અને આ માટે જવાબદાર કોણ?

"જામ્યો છે આજે માનવ બનવાનો જંગ,
પણ 'માણસાઈ' ક્યાં ?
પ્રતિદિન વ્યવહારો હજાર,
પણ 'નીતિમત્તા' ક્યાં ?"

આધ્યાત્મિકતા એ માનવજીવનની સંજીવની છે. જેના દ્વારા માનવી પરમાત્માનો સ્પર્શાનુભવ કરી શકે છે. માનવીમાં ઈશ્વરીય સત્તાનો સ્વીકાર, પાપ-પુણ્યના લેખાં-જોખાં, અંતઃકરણની શુદ્ધિના અંશો આધ્યાત્મિકતામાં સમાવિષ્ટ છે. આના અનુસંધાનમાં જ સ્વામી વિવેકાનંદે ભારતની આધ્યાત્મિકતાને ચાર ચાંદ લગાડ્યા છે.

પરંતુ માનવી આજે આધ્યાત્મિકતાનું તથ્ય ભૂલ્યો છે. માનવી માટે આધ્યાત્મિકતા વાડા સમાન છે. માનવી તેને અનુસરે છે, આચરતો નથી. આધ્યાત્મિકતાના હાર્દ, એની સચોટતા, શ્રેષ્ઠતાને એ જાળવી શકતો નથી. એનું મૂળ એના બાહ્યાડંબરમાં જ રહેલું છે. કેટલીક વાર સામાન્ય પ્રશ્ન એ ઊઠે છે કે માનવી આધ્યાત્મિકતાની હોડીમાં સવાર તો છે, પરંતુ એ સાહિલની દિશા ચૂક્યો છે કે પછી એ હાથમાં સુકાન હોવા છતાં ઉજ્જવળ-સફળતાના કિનારાને સ્પર્શવા નથી માંગતો!

આધ્યાત્મિકતાનો એક અર્થ અંતઃકરણની શુદ્ધિ, પવિત્રતા, સંસ્કારિતાની સુવાસ પણ છે. પરંતુ આજે માનવી આ દૃષ્ટિએ શૂન્ય છે. આજે માનવી આધ્યાત્મિકતાને બદલે અશાંતિ, હુલ્લડો, કોમી રમખાણો, માનવદ્વેષના શિખરે ઊભા છે. એમાં શાંતિનો સંદેશો ખોવાયો છે! તે પોતાના વાડાનું બીજા ઉપર આરોપણ કરવા ઉત્સુક છે. માનવીના પુણ્યની સરખામણીમાં પાપોનું વજન વધ્યું છે. માનવ આજે આધ્યાત્મિકતાની સુવાસને આચરણમાં મૂક્તો નથી. કહેવાય છે કે રૂપા, તાંબા કે લોઢાને પણ જો પારસમણિનો સ્પર્શ થાય તો તે સોનું બની જાય છે. પરંતુ પારસમણિ પણ કદાચ ઝાંખો પડી જાય એવા દિવ્ય અધ્યાત્મ વિચારોના વારંવારના સેવનથી, સ્પર્શથી પણ જો માનવીમાં પરિવર્તન ન આવતું હોય તો એને આપણે કઈ ધાતુનો સમજવો ?
મહાત્મા ગાંધીના મતાનુસાર :

**"Truth is God"**

સત્ય એ જ ઈશ્વર અને ઈશ્વર એ જ સત્ય. પરંતુ આજે સત્યનું મૂલ્ય ક્યાં ? આપણા પૌરાણિક પાત્રો શ્રી રામ, સત્યવાદી હરીશચંદ્ર, ધર્મરાજ યુધિષ્ઠિર વગેરેની ઓળખ, અનુશાસન એટલે જ સત્ય. આજે આપણને ફક્ત તેમનાં નામો યાદ છે એમનાં ઉચ્ચ સત્ય જેવા મૂલ્યો નહીં. માનવી આજે નયનો ખોલતાં પહેલાં અને પવિત્ર ધરતીના સ્પર્શ પહેલાં જ અસત્યનો સહારો લે છે, કેવી દયનીય સ્થિતિ! ક્યાં સત્યને લીધે છાતીએ ગોળી ખાનારાઓના સિદ્ધાંતો અને ક્યાં આજે અસત્યને નામે જીવન ગુજારનારાઓની મલિનતા! માનવી આજે ગીતા ઉપદેશ, 'સત્યં વદ' ની શ્રેષ્ઠતાને ભૂલ્યો છે. આજે એ અસત્યના નામે પોતાની જાતને પોતાના સ્વમાનને પણ વેચવા તૈયાર થઈ જાય છે!

સત્ય એ ઉચ્ચ મૂલ્ય છે. માનવી અન્ય આદર્શોને છોડી ફક્ત સત્યને જ વળગી રહે તો પણ તેનું કલ્યાણ, ઉન્નતિ નિશ્ચિત છે. માનવી સત્યરૂપી ખાંડાની ધાર પર જો ચાલવા ટેવાઈ જાય તો હિમાલય જેવી અડગ લાગતી મુશ્કેલી, મૂંઝવણને પણ પાર પાડી શકે છે. અને આ જ કાર્ય મહાત્મા ગાંધીજીએ, અન્ય મહાપુરુષોએ એક સત્યને વળગીને સિદ્ધ કર્યું છે. આપણે તેમના બલિદાનને, સત્યનિષ્ઠાને યાદ કરી આપણા જીવનને પણ સાર્થક કરી શકીએ છીએ. આપણે આપણા શાશ્વત આત્માનો સત્યનાદ સાંભળવો જ જોઈએ. સત્યને આધીન માનવી પ્રભુ પ્રાર્થના કરવાય સમર્થ છે કારણ કે અંતે તો:

**" God is Truth "**

હિંસા એ સૌથી મોટું દૂષણછે. જે તાંતણે બંધાયેલ માનવી આજે પાપોના ખડકો ઊભા કરી રહ્યો છે. આજે તો હિંસાના કાળમુખે પથ્વીને પોતાની વશમાં કરી લીધી છે. આપણો ભવ્ય ઈતિહાસ અહિંસા અને સત્યરૂપી ગુણોના એક સ્તંભ સમાન છે. આજે પણ એને યાદ કરતાં સમગ્ર ભારતીયોના રૂંવાડાં ઊભાં થઇ જાય એવા ગોરા અંગ્રજોનો ભારતીયો ઉપર પશુસમો અત્યાચાર અને ક્યાં બાપુનું અહિંસાવ્રત, સત્યની ટેક!

જ્યારે આજનો માનવી, વાહ! હિંસાનું પ્રતીક. પોતાની સ્વાર્થવૃત્તિ પોષવા માટે કંઈ પણ કાર્ય કરતાં, કોઈ હત્યા કરતાં પણ અચકાતો નથી. આજપર્યંત બનેલ કેટલાક કિસ્સાઓ સાંભળતા આપણને કંપારી છૂટી જાય છે. જેમાં હિરોશીમા અને નાગાસાકી ઉપરનો અણુવિસ્ફોટ, વિશ્વયુદ્ધો, વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો, ૧૯૯૩નો બોમ્બ વિસ્ફોટ, હવાની જેમ પ્રસરતા કોમી રમખાણોમાં અહિંસારૂપી ધર્મનો બોધ ઊણો ઊતર્યો છે. દિવ્યવૃત્તિ અને આસુરીવૃત્તિનો સર્જક અંતે તો માનવી જ છે! માનવજાતના આવા દુષ્કૃત્યો જોઈને તો કદાચ શ્રેષ્ઠ સર્જનકરતા, વિશ્વકલાકારને પણ કદાચ તેમના પર લજ્જા આવતી હશે!

'' પ્રેમ એટલે પ્રભુનો પ્રસાદ''

" There is no Life without love "

પ્રેમ એટલે દિવ્યતાનો સ્ત્રોત. શ્રેષ્ઠ પ્રેમસંબંધોના ઉદાહરણમાં આપણે કૃષ્ણ-સુદામાનો મિત્રપ્રેમ, રામ-લક્ષ્મણનો ભાઈ-ભાઈ વચ્ચેનો પ્રેમ તેમજ દશરથ-રામનો પિતા-પુત્રનો પ્રેમ શ્રેષ્ઠ પ્રતીક તરીકે લઈ શકીએ.

પરંતુ આજે પ્રેમની કટોકટી વર્તાય છે. માનવી પ્રેમથી વંચિત છે. માનવી વચ્ચે તંદુરસ્ત માનવસંબંધો નથી. માનવને માનવ પ્રત્યે પ્રેમ કરતા ધૃણાનાં દર્શન વધુ થાય છે. આજનો માનવી પરિવાર સાથે એક ટંકનું ખાણું પણ લઈ શકતો નથી. પુત્રને પોતાની માના હૃદયભીના શબ્દો સાંભળવાની ફુરસદ નથી. સ્નેહીજનોના હૃદયને માપવામાં ઊણો ઊતર્યો છે. જેનું ઉદાહરણ વૃદ્ધાવસ્થામાં ધક્કો મારીને મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલવા એ કમનસીબ દીકરાનું ઉદાહરણ લઈ શકીએ. અરે આજના માનવી તો, '' જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'' જેવા માવતરનાં હેતનાં ઊંડાણમાં પણ છીછરાપણું દર્શાવવામાં નાનમ નથી અનુભવતો! તો પછી રાષ્ટ્રપ્રેમ, માનવપ્રેમની તો વાત જ ક્યાં ?

ગૌતમબુદ્ધના મતાનુસાર,

" Peace is within your heart, Don't seek it without it."

પરંતુ આજે તો શાંતિ શબ્દનો પર્યાય બદલાય ગયો છે. આજે વિશ્વની ભૂમિકા માનવના લોહીથી રક્તરંજિત બની રહી છે.

બર્ટ્રાન્ડ રસેલે કહ્યું છે ,

" Twentieth century is sitting on volcano.

આજે માનવ માનવના રક્તનો પિપાસુ બન્યો છે. વસુધૈવ કુટુમ્બકમ ની ભાવનાને ભુલાવી માનવ-માનવ વચ્ચે વૈમનસ્યને ચોંટ્યો છે. આથી જ તો કોઈકે કહ્યું છે,

'' અહીં શું કરે ગાંધી ?<br>
દેશ પર હિંસાની કેવી ચડી આવતી આંધી,<br>
મહાવીર ને બુદ્ધ રડે છે, રડે મહાત્મા ગાંધી...

ભૌતિક કે દુન્યવી મૂલ્યોની વાતો કરીએ તો સામાજિક મૂલ્ય પ્રથમ સ્થાને છે. માનવી પોતાના વૈયક્તિક જીવનમાં અરુચિ દાખવી રહ્યો છે. તેના જીવનમાં અનેક દૂષણો, કુટેવો, અસામાજિક કૃત્યો પ્રવેશ્યા છે. આજનો ૨૧મી સદીનો માનવી જ્યારે વહેમો, અંધશ્રદ્ધામાં માનતો હોય તો તેનો વિકાસ ક્યાં? ક્યાં ચંદ્ર ઉપરના જીવનની વાતો અને ક્યાં એ પ્રાચીન દહેજપ્રથા, સતી થવાના રિવાજ જેવા પ્રાચીન મૂલ્યોને સ્થાન!

કુટુંબો આજે છિન્નભિન્ન થઈ રહ્યા છે. સહિષ્ણુતાનો અભાવ વર્તાય છે. વડીલો પ્રત્યેનો આદર યુવા પેઢીમાં લોપ થયેલા છે. સહકાર અને સહયોગની ભાવનાને લૂણો લાગ્યો છે.

કહેવાયું છે કે, ''જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી''

આજે માનવીને મન સંસ્કૃતિનું કોઈ મૂલ્ય નથી. ઉપર્યુક્ત વિચાર માનવ ભૂલ્યો છે. આજનો માનવે શ્રેષ્ઠ સંસ્કૃતિના તત્ત્વોનું આચરણ કરવાને બદલે પશ્ચિમી સંસ્કૃતિના વારસા તરફની આંધળી દોટ મૂકી છે. પોતાના ભવ્ય સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાને બદલે તેનો નાશ કરવા જાણે આજનો માનવી તત્પર ન હોય! આ સંદર્ભે આજની પેઢી દુર્ભાગ્યવશ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

વિજ્ઞાનના વિચારને સમજીને તેને સહજ રીતે આચરણમાં મૂકાય ત્યારે તેને વૈજ્ઞાનિક મૂલ્ય છે એમ કહેવાય. આજે માનવી કાર્યકરણના સંબંધના કોઈ પણ વિચારને ચોકસાઈપૂર્વક સમજવામાં નિષ્ફળ રહ્યો છે. તે પોતાની સળંગસૂત્રતા, પ્રાકૃતિકતા અને મહેનતની શ્રેષ્ઠતાને સમજી શક્યો નથી. તે વૈજ્ઞાનિક વલણ ધરાવતો નથી અને ભ્રમણાઓ, જીવનમૂલ્યોને અવળે પંથે ધકેલી રહ્યો છે.

આ ઉપરાંત કેટલાક ઘરેલુ મૂલ્યો - વિચાર, વાણી, ટેવો, રાષ્ટ્રીય મૂલ્યો - લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, નાગરિકત્વ, સમાજવાદ વગેરે મૂલ્યોનો સમાવેશ થાય છે. અને તેનું મૂલ્ય જાળવવામાં પણ માનવી પાંગળો રહ્યો છે.

**મૂલ્ય શિક્ષણની આવશ્યકતા**

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિના દસ્તાવેજ અનુસાર આવશ્યક માનવમૂલ્યોનો હ્રાસ થવા લાગ્યો છે અને સમાજમાં ચારે તરફ ધૃણા અને તિરસ્કારનું વાતાવરણ ઊભું થયું છે. આથી અભ્યાસક્રમોમાં મૂલ્યશિક્ષણની આવશ્યકતા વર્તાય છે, જેમાં ગાંધીવાદી ફિલસૂફી અને નઈ તાલીમના સિદ્ધાંતો યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન (૧૯૪૮) મુદલિયાર કમિશન, કોઠારી કમિશન વગેરેએ પણ મૂલ્યશિક્ષણની આવશ્યકતા પર ભાર મૂક્યો છે. મૂલ્ય શિક્ષણ એટલે માત્ર નૈતિક શિક્ષણ જ નહિ, કલાદષ્ટિનું શિક્ષણ, નીતિનું શિક્ષણ તેમજ આધ્યાત્મિક શિક્ષણનો સમાવેશ થાય છે.

મનુષ્યના મૂલ્યો જન્મજાત હોય છે, પરંતુ તેની ખીલવણીમાં શિક્ષણ મહત્ત્વનો ફાળો આપે છે. મનુષ્યમાં પડેલ ઉત્તમ તત્વોનો કેળવણી દ્વારા આવિષ્કાર કરી શકાય છે અને કુટુંબ, શાળા. સમૂહ માધ્યમો વગેરે મૂલ્ય માટેનાં શિક્ષણનાં ઉદ્‌ભવસ્થાનો છે.

**મૂલ્યશિક્ષણ શી રીતે આપી શકાય ?**

મૂલ્ય શિક્ષણ આપવા માટે સૌ પ્રથમ શિક્ષકોને જ વિશ્વના ધર્મો અને રાષ્ટ્રીય સંસ્કૃતિનો અર્ક રજૂ કરી દર્શનશાસ્ત્ર તત્વજ્ઞાનનાં પાયા પર માનવમૂલ્યોની સમજ આપવી જોઈએ.

**મૂલ્યશિક્ષણ માટેનાં કેટલાંક અગત્યના સૂચનો નીચે મુજબ છે :**

૧. ભાષા, ગણિત, વિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને બીજા વિષયો કે જેમાં મૂલ્યો રહેલાં છે તેને પાઠ્યક્રમમાં સુગ્રથિત રીતે વણી લેવા જોઈએ.

૨. રમતગમત, ચર્ચાસભાઓ, નાટકો - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી વર્ગખંડ બહારની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યશિક્ષણ થઈ શકે.

૩. પ્રાર્થના, સમૂહગાન, વાર્તાકથન તેમજ જૂથ પ્રવૃત્તિઓ જેવી કે પ્રેરણાત્મક રમતો, પાત્ર ભજવણી કે વલણ વિકાસ એટલે કસોટી જેવી તદ્દન સાદી છતાં અત્યંત અસરકારક પ્રવૃત્તિઓ મૂલ્યશિક્ષણ માટે આપી શકાય.

૪. રાષ્ટ્રના મહાન સંતોએ પ્રબોધેલ ઉપદેશો, સમૂહ માધ્યમો દ્વારા મૂલ્યો વિશે કલાના માધ્યમનો ઉપયોગ કરી શિક્ષણ આપવું વગેરેનો સમાવેશ થાય છે.

૫. શાળાનું પર્યાવરણ ચારિત્ર્ય ઘડતર માટે અનુરૂપ હોવું જોઈએ. વિવિધ શાળાકીય કાર્યક્રમો દ્વારા પ્રામાણિકતા, સહકાર, શિસ્ત અને સામાજિક ઉત્તરદાયિત્વનો મૂલ્યો કેળાવી શકાય.

અર્થાત્ આજે માનવી જો ફક્ત માનવમૂલ્યોને જ આત્મસાત્ કરે તો પણ તે દૈવત્વને પામી શકે છે, સૃષ્ટિનું કલ્યાણ કરી શકે છે. જીવનમાં માનવમૂલ્યોની પ્રાપ્તિ પ્રાણવાયુ છે, સંજીવની છે. આથી એનું અનુસરણ માનવીએ કરવું જ રહ્યું કે જેથી પરમાત્માનું સર્જન સાહસ એળે ન જાય! તો ચાલો પ્રભુને પ્રાર્થના કરીએ,

**''અસત્યો માહેંથી પ્રભુ, પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી પ્રભુ, પરમ તેજે તું લઈ જા.''**



# ડૉ. ભરજરાજ નીલા આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાના સંચાલક

મીના ગાયકવાડ

# ગાંધીજીના જીવનના પ્રેરકપ્રસંગો

ટી. વાય. બી.એ.

ભારતને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરવા અને આઝાદીના મધમીઠાં ફળ ચાખવા માટે અનેક ક્રાંતિવીરોએ જન્મ લઈને પ્રાણની આહુતિ આપી હતી. જેમાં ક્રાંતિવીર એવા મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ બીજી ઓક્ટોબર ૧૮૬૯ના રોજ પોરબંદર મુકામે થયો હતો. એમની 'ગાંધી અટક કુટુંબના ગાંધીયાણાના વેપારને કારણે હતી. ગાંધીજીના પિતા કરમચંદ અને માતા પૂતળીબાઈ હતાં. તેમણે એક શૂરવીર પુત્રને જન્મ આપ્યો. ગાંધીના પિતા રાજકોટના દીવાન હતા. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મેટ્રિક પાસ કરી. એક સત્ર સુધી ભાવનગરની શામળદાસ કોલેજમાં અભ્યાસ કરીને ૧૮૮૮માં લંડન જઈ તેમણે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ત્રણ વર્ષે ત્યાંથી બેરિસ્ટર થઈ ભારત આવ્યા.

ગાંધીજીની ધર્મનિષ્ઠા પાછળ તેમનાં ધર્મનિષ્ઠ માતાના ધાર્મિક સંસ્કારોની અમીટ છાપ અંકિત થયેલી છે. ગાંધીજીની સચ્ચાઈના અને ભીરુતાનો પરિચય કેળવણી ખાતાના ઈન્સ્પેકશન દરમ્યાન પહેલા ધોરણના છોકરાંઓને અંગ્રેજીમાં શબ્દો લખાવ્યા એમાં 'Cattle' શબ્દની જોડણી ગાંધીજીએ ખોટી લખી હતી તેમાં થયો. ગાંધીજીના સત્યનિષ્ઠા અને પિતૃભક્તિના મૂળમાં 'શ્રવણ પિતૃભક્તિ નાટક' તથા તેમણે જોયેલ 'હરિશ્ચંદ્ર આખ્યાન' નાટકનો ખાસ ફાળો છે. તેઓ શાળામાં ભણતા ત્યારે બંને બાબતોની તેમના પર ઊંડી અસર થઈ અને પોતે પણ આજીવન સત્યને માર્ગે ચાલશે એવો તેમણે દૃઢ સંકલ્પ કર્યો. ઈ.સ. ૧૮૮૩માં તેમનું લગ્ન કસ્તૂરબા સાથે થયું હતું. ગાંધીજી નાના હતા ત્યારે તેમને એક સંબંધીની સોબતના લીધે બીડી પીને ધૂમાડાના ગોટા કાઢવાનો શોખ થયેલો.

ગાંધીજીના જીવનના પ્રેરકપ્રસંગ જોઈએ 'પ્રાયશ્ચિતથી ભૂલ ભૂલ રહેતી નથીઃ ગાંધીજીએ બાર-તેર વર્ષની ઉંમરે પોતાના ભાઈના હાથના કડામાંથી બીજા ભાઈ સાથે મળીને સોનું કાપીને વેચી દીધેલું, આ ચોરી તેમણે દેવું ચૂકવવા માટે કરી હતી, પણ ચોરીનો ડંખ વારંવાર યાદ આવતાં પોતાનો પસ્તાવો એક ચિઠ્ઠીમાં લખી ચિઠ્ઠી પિતાજીને આપી સામે ઊભા રહ્યા કારણ કે પિતાજીનો સ્વભાવ કડક હતો. પણ પુત્રની સચ્ચાઈ જાણી ગદગદ થઈ ગયા અને આંખમાં આસું આવી ગયાં. તેમણે ખુશ થઈને ગાંધીજીને ક્ષમા આપી. પિતાના આંખના આંસુ જોઈને ગાંધીજી દ્રવી ઊઠયા. તેમણે અહિંસાનો પાઠ ત્યાંથી જ શીખ્યો. આ રીતે ભૂલ થતાં થઈ જાય છે પણ વડીલો દ્વારા માફી મળતાં સાચા હૃદયનું પ્રાયશ્ચિત થાય છે.

ત્યાર પછીનો પ્રસંગ જોઈએ ગાંધીજી સત્યને માર્ગે હિંમત દાખવતાં અનીતિમાંથી બચી ગયા અને 'સત્યનો જય'થયોઃ જ્યારે ગાંધીજી બ્રિટન ગયેલા ત્યાં ગાંધીજી પરણ્યા હોવા છતાં પણ મિત્રો સામે સાચું જણાવ્યું ન હતું. અને થોડા સમય પછી કહ્યું કે ''મારે એક દીકરો છે''. આ વાતને ઢાંક્યા બદલ તેમને ખૂબ દુઃખ થાય છે, પણ સત્ય વાત તેમણે હિંમતથી કહી દીધી હતી. 'મને માફ કરશો?' જે બહેનની સાથે તમે મારો પરિચય કરાવ્યો છે તેમની સાથે મારો કશોય સંબંધ નથી પરંતુ તમારી ઈચ્છા હોય તો મારો સંબંધ કોઈની સાથે બંધાયેલો જોવાની તમને છૂટ છે. તમારા મનમાં આ વસ્તુ આગળ ન વધે તે માટે તેમણે તેઓની સામે સત્ય પ્રગટ કર્યું. અસત્યનો સહારો લીધો હતો પણ છેલ્લે સત્ય કહી દીધું. તેમના જીવનમાં 'સત્યનો જય' થયો.

જેમ અન્યાય સામેની લડતમાં હિંમત આપણને પહેલાં આવતી નથી તેમ ગાંધીજીને પણ અન્યાયની સામે થવાની હિંમત ન હતી, પણ તેમણે પ્રિટોરિયા ટ્રેનમાં હિંમત બતાવી. ગાંધીજી એક વખત આગગાડીમાં મુસાફરી કરતા હતા, ત્યારે તેમણે પહેલા વર્ગની ટિકિટ લીધી હતી અને કાળા-ગોરાના ભેદની નીતિને કારણે તેમને પ્રથમ વર્ગના ડબ્બામાંથી હડધૂત કરી ઊતારી દીધા. તેમનો સામાન પણ પોલીસે બહોર ફેંકી દીધો હતો, છતાં તેઓ બીજા ડબ્બામાં ન ગયા. તેમણે કહ્યું, ''મારી પાસે પ્રથમ વર્ગના ડબ્બાની ટિકિટ છે, હું શા માટે બીજા ડબ્બામાં જાઉં ? છેવટે ગાડી ઊપડી ગઈ, આખી રાત સ્ટેશન

પર પ્રતીક્ષાલયમાં ઠંડીમાં ઠૂંઠવાતા બેસી રહ્યા, અને સવારે રેલવેના જનરલ મેનેજરને તાર કર્યો, અને તેમની ફરિયાદ ધ્યાનમાં લેવામાં આવી. અને પછી બીજી ગાડીમાં બેસી આગળ ગયા અને ચાર્લ્સ ટાઉન સ્ટેશન પર ઊતર્યા. ત્યાંથી ઘોડાગાડીમાં પ્રિટોરિયા જતાં પણ એમને અપમાનિત કર્યા હતા. માર પણ ખાવો પડ્યો હતો. આથી અન્યાય સામે ઝઝૂમવાની પ્રેરણા મળે છે.

ગાંધીજી મુંબઈમાં અભ્યાસ પૂરો કરી ત્યાં જ વકીલાત કરતા હતા અને ગીરગામમાં રહેતા હતા. ત્યાંથી તેઓ ભાગ્યે જ ગાડી ભાડું ખરચતા, ટ્રામમાં પણ ભાગ્યે જ બેસતા. ગામથી તેઓ ચાલીને જતા તેમને ૪૫ મિનિટનો સમય થતો. દિવસનો ધોમદાર તડકો પણ સહન કરી લેવાની તેમનામાં શક્તિ હતી. તેમણે સારા પૈસા બચાવ્યા હતા. મુંબઈમાં તેમના મિત્રો રહેતા હતા તેઓ બિમાર પડ્યા હતા, પરંતુ ગાંધીજી એક પણ દિવસ બિમાર પડ્યા ન હતા. આમ ચાલવાથી તેમને આજીવન લાભ મળ્યો હતો. આ તેમનો પ્રેરણાદાયી પ્રસંગ છે.

'સત્ય વજ્ર જેવું કઠણ છે અને કમળ જેવું કોમળ પણ છે. ગાંધીજીના જીવનના પ્રેરકપ્રસંગોમાં આ મહત્ત્વપૂર્ણ છે. તેમણે મુંબઈમાં વકીલાત શરૂ કરી પણ ત્યાં અનુકૂળ ન આવતા તેઓ રાજકોટ આવી ગયા. આજ સમય દરમિયાન પોરબંદરના એક વેપારીનો મુકદ્દમો આફ્રિકામાં ચાલતો હતો તે અંગેની તેમની નોકરી મળતાં તેઓ આફ્રિકા ગયા અને નાતાલ કોર્ટમાં તેઓ સૌ પ્રથમ ભારતીય વકીલ બન્યા. ત્યાં યુરોપીયનો આપણા દેશના લોકોને વારંવાર અપમાનિત કરતા હતા. ગાંધીજીને ઘણીવાર તેનો ભોગ બનવું પડ્યું હતુ.

ગાંધીજીએ આપણા પર થતા આવા અત્યાચારો સામે માથું ઊંચું કરવાનો નિર્ણય કર્યો અને રંગભેદની નીતિને મૂળમાંથી ઉખાડીને ફેંકી દેવા દૃઢ સંકલ્પ કર્યો. ત્યાંના મતાધિકાર રદ્દ કર્યા અને કાયદાના વિરોધમાં 'નાતાલ ઈન્ડિયન કોંગ્રેસ'ની સ્થાપના કરી. તેઓએ ભારત આવ્યાબાદ લોકો સામે આફ્રિકાના ગોરાઓની પોલ ઊઘાડી તેથી અંગ્રેજો ખિજાયા, થોડા સમય બાદ આફ્રિકામાં તેમની માંગણીને મંજૂરી આપી. અને અસત્યની સામે સત્યનો વિજય થયો. તેમણે અહિંસક પ્રતિકાર કરી પોતાનું ધ્યેય હાંસલ કર્યું અને વિશ્વમાં 'સત્યાગ્રહ' શબ્દશક્તિની પ્રસિદ્ધિ થઈ ઊઠી. ગાંધીજીની કીર્તિનો ધ્વજ આખી દુનિયામાં લહેરાવા લાગ્યો.

આજના આધુનિક સમયમાં સાદાઈ કોઈક વ્યક્તિમાં જ જોવા મળે છે. 'સ્વાવલંબન' માણસને ગુલામીમાંથી છોડાવે છે. ગાંધીજી પણ પોતાના યુવાનીમાં સ્વાવલંબન અને સાદાઈ માણસને ગુલામીમાંથી છોડાવે એમ માનતા હતા. ગાંધીજી હંમેશા સાદાઈથી રહેતા હતા, તેઓ ખમીસ પહેરતા અને રોજ નહીં તો એકાંતરે બદલતા, કપડાં ધોબીને ધોવા આપવાથી ખરચ વધે. તેથી તેઓ 'કપડાં ધોવાની કળાની ચોપડી' વાંચીને ધોવાનું શીખ્યા હતા. એકવાર ખમીસ ઉપર ચડેલ સ્ટાર્ચનું પ્રમાણ વધું હતું તેથી ઈસ્તરી કરી પરંતુ કોલર સુંદર બનાવી શક્યા નહીં કેમ કે ગાંધીજીએ દાઝી જવાની બીકે ઈસ્તરી બરાબર દાબી નહીં. તેઓ એવું જ ખમીસ પહેરીને કોર્ટ ગયા હતા, જ્યાં બારિસ્ટરોએ તેમને મજાકનું સાધન બનાવ્યા, પરંતુ મજાક સહીને પણ તેમણે સાદાઈ ના છોડી.

જ્યારે માણસ માંદો હોય છે ત્યારે દવા કામ આવતી નથી ત્યારે દુઆ કામ આવે છે, તેમ ગાંધીજીના જીવનમાં પણ આવો જ એક પ્રસંગ જોવા મળે છે. ગાંધીજી જ્યારે ગીરગામમાં ઘર રાખીને રહેતા હતા. ત્યારે ઓફિસમાંવધારે કામ હોવાને કારણે તેઓ ત્યાં જ રહેતા હતા. ત્યાં ઈશ્વરે તેમને સ્થિર રહેવા ન દીધા. ઘર લીધાને ઘણા દિવસ થયા ન હતા ને દીકરો મણિલાલ બિમાર પડ્યો, તેને કાળજ્વરે ઘેર્યો, તાવ હતો, રાત્રે સન્નિપાતના ચિહ્ન પણ દેખાવા લાગ્યાં હતાં. તે ઉપરાંત તેમને વ્યાધિ પૂર્વે બચપણમાં શીતળા પણ થયેલા. બિમાર મણિલાલની દાક્તર પાસે સારવાર કરાવી. અને ત્યાર પછી યુનાની રીત પ્રમાણે કટિસ્નાન આપવાનું શરૂ કર્યું. અને ત્રણ મિનિટથી વધારે તેને ટબમાં રાખતા. ત્રણ દિવસે તો કેવળ નારંગીના રસની સાથે પાણી મેળવીને આપતા. તો પણ તાવ હઠ્યો નહીં, તાવ ૧૦૪ ડીગ્રી સુધી ગયો હતો. ગાંધીજીને ધર્મ પ્રત્યે પ્રેમ તો પહેલેથી જ હતો, તેથી તે 'રામ'નું રટણ કરતા હતા. થોડા આંટા મારી ગાંધીજી ધડકતી છાતીએ ઘરે પાછા ફર્યા. તેવો જ મણિલાલ બોલ્યો, 'બાપુ, તમે આવ્યા? એ જોતાં જણાય છે કે કેટલીકવાર દવા કામ ન કરે તે દુઆ કરે છે.

૧૯૪૪ના ફેબ્રુઆરી મહિનામાં તેમના ધર્મપત્ની કસ્તૂરબા સ્વર્ગ સિધાવ્યાં ત્યારે તેઓ પુનાના આગાખાન-મહેલમાં જેલવાસ ભોગવતા હતા. રામના સાથી જેમ હનુમાન હતા, તેમ ગાંધીજીના સાથી અંતેવાસી મહાદેવભાઈ દેસાઈ હતા. ગાંધીજીના મંત્રી તરીકે તેમણે અનુપમ સેવા બજાવી હતી. તેમનું અવસાન પણ આગાખાન મહેલમાં કસ્તૂરબાના અવસાન પહેલાં થયું હતું.

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણો દેશ આઝાદ થયો, ગાંધીજીના અવિરત નિષ્ઠાયુક્ત પ્રયત્ન અને અજોડ નેતૃત્વનું એ હતું મીઠું મધુરું ફળ!

તેઓ એક સાચા માનવ હતા અને માનવતાના પૂજારી હતા. તેમને મન નાતજાતના ભેદ ઓગળી ગયેલા હતા. હિન્દુ-મુસ્લિમ પ્રત્યે તેઓ સમભાવ રાખતા હતા. તે કોઈકને ગમ્યું નહિ હોય, તેથી ઉશ્કેરાઈને તેમનાં પર બોમ્બ ફેંક્યો! સદ્‌ભાગ્યે તેઓ બચી ગયા. તેમણે હુમલાખોરને ક્ષમા આપી. પણ ૩૦મી જાન્યુઆરીએ તેઓ સાંજે જ્યારે પ્રાર્થનાસભામાં જઈ રહ્યા હતા ત્યારે નથુરામ ગોડસે નામના એક હિન્દુએ તેમને ગોળીઓથી વીંધી નાંખ્યા! બે હાથ જોડેલા રાખીને 'હે રામ!' બોલીને આપણા રાષ્ટ્રપિતા આ ફાની દુનિયાને અલવિદા કરી ગયા. ગાંધીજીનું વ્યક્તિત્વ જ અનોખુ હતું.

ગાંધીજીનો પરિચય કેવી રીતે કરાવી શકાય? આકાશને તે વળી મપાતું હશે? આપણે તો એટલું જ કહી શકીએ કે ત એક મહર્ષિ હતા, બુધ્ધ અને ઈસુની પરંપરાનેઆગળ ધપાવનાર એક યુગપુરુષ હતા, મહામાનવ હતા.

તેમના જીવનના પ્રત્યેક પ્રસંગો આપણને જીવન જીવતાં શીખવે છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ, વૈષ્ણવતત્ત્વ, શ્રદ્ધા, નિષ્ઠાથી ભરપૂર તેમના જીવનના દરેક પ્રસંગો તેમને મહામાનવ-મહાત્મા ઘોષિત કરે છે. પ્રણામ આ મહામાનવને.



અવિનાશ પટેલ
ટી. વાય. બી.કોમ.

## પર્યાવરણ પરિવર્તન

મનુષ્ય વિકાસના નામે પર્યાવરણને નુકસાન પહોંચાડી રહ્યો છે; જેની ખબર તેને નથી. માનવીએ ભૌતિક સુખ મેળવવા માટે પર્યાવરણ સામે મોટો પ્રશ્ન ઊભો કર્યો છે. આધુનિક મનુષ્ય પ્રકૃતિને ભૂલ્યો છે. ધરતીમાતા કે ચંદામામાને જોવાનો તેની પાસે સમય નથી. ઊલટાનું પ્રકૃતિતત્ત્વોનું છેદન કે વિનિપાત તેનો રસનો વિષય બન્યો છે. જે જનજીવન માટે, માનવજાતના આરોગ્ય માટે હાનિકારક છે.

વિશ્વના દેશો પર્યાવરણ બચાવવા માટે, પ્રદૂષણ અટકાવવા માટે મોટી મોટી કોન્ફરન્સ યોજે છે. પરંતુ કોઈ દેશ આ પ્રદૂષણ અટકાવવા કે ઓછું કરવા આગળ આવતો નથી. મહાસત્તા ગણાતા અમેરિકાના અલગોરે આ ગ્લોબલ વોર્મિંગ વિશે જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે. પરંતુ અમેરિકા જેટલું પ્રદૂષણ કરે છે તેની સરખામણીમાં આપણા દેશનો પ્રદૂષણ આંક ઓછો છે. અર્થાત્ એક અમેરિકન ભારતીય કરતાં ૨૦ ગણું પ્રદૂષણ કરે છે.

સામાન્ય રીતે ઉદ્યોગીકરણ, વાહનોના ધુમાડા, હવામાં છોડાઈ રહેલા ઝેરી વાયુઓ ઇત્યાદિના કારણે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. આ ઉપરાંત ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ પરના બરફના પહાડો ઓગળી રહ્યા છે. તેને કારણે દરિયાની સપાટી ઉપર આવી રહી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે દર વર્ષે લગભગ ૦.૨ ઈંચ દરિયાની સપાટી ઉપર આવે છે. પરિણામે આવતા ત્રીસ-ચાલીસ વર્ષમાં દરિયાની આસપાસના ઘણા વિસ્તારો દરિયામાં સમાઈ જાય તો નવાઈ નહીં. એમ પણ બને કે મુંબઈ જેવા દરિયા કિનારે વસેલા શહેરો ભવિષ્યમાં દરિયામાં હોઈ શકે. હિમાલયની હિમનદીઓ સૂકાવા લાગી છે તે સૂકાઈ જાય. ગંગા, બ્રહ્મપુત્રા જેવી નદીઓ પોતાનું અસ્તિત્વ ગુમાવી દે અને માનવવસ્તી પર તેની મોટી અસર પડે. પૂર્વકાંઠાના ૧૦૪ જેટલા સુંદર વનના ટાપુઓમાંથી બે તો સમુદ્રમાં 'સમાધિ' લઈ ચૂક્યા છે.

વૈજ્ઞાનિકો કહે છે કે આ ગ્લોબલ વોર્મિંગ તો ન્યુક્લિયર બોમ્બ કરતાં પણ ખતરનાક છે. વૈજ્ઞાનિકોએ તો અહીં સુધી કહ્યું છે કે, જો દરેક દેશ આજથી પ્રદૂષણ કરવાનું અટકાવી દે તો પણ પર્યાવરણને આજ સુધીમાં એટલું નુકસાન પહોંચાડ્યું છે કે આવતા હજાર (૧૦૦૦) વર્ષ સુધી તેની અસર જોવા મળશે. દર વર્ષે તાપમાનમાં ૦૦.૫થી ૧૦સે. સુધી વધારો થાય છે. પરિણામે એની ઘણી પ્રતિકૂળ અસરો પડે છે. જેનાં પરિણામ જે તે ઋતુઓમાં જોવા મળે છે. આ વર્ષના શિયાળા-ઉનાળાની જોવા મળતી વિષમ સ્થિતિ જેમ કે વિશેષ ઠંડી, તેમ ગરમીનો ઊંચો આંક, ઋતુઓની કુદરતી આબોહવામાં આવતાં પરિવર્તનો, કમોસમી વરસાદ ઇત્યાદિ પર્યાવરણનું પરિણામ લેખી શકાય.

પર્યાવરણને સાચવવાની જવાબદારી મનુષ્યની છે, શક્ય હોય એટલું પર્યાવરણ સાચવવા દરેક વ્યક્તિએ કટિબદ્ધ રહેવું પડશે. તો જ ભવિષ્યમાં આવનાર ખતરાને ટાળી શકાશે. આવનાર હિમયુગ વિશેની ઘણી ચર્ચાઓ, તેના વિપરીત પરિણામો સમેત થઈ ગઈ છે. હોલીવુડની ફિલ્મ 'ધી ડે આફ્ટર ટુમોરો'માં હિમયુગ વિશે બતાવ્યું છે એ હિમયુગ આવી શકે છે.

## સમય

પ્રા. શંકર પટેલ
ગુજરાતી વિભાગ

સમય અવિરત ચાલતી પ્રક્રિયા છે. જેના આદિ – અંત વિશે કોઈ કશું જાણતું નથી. તેના વિશે માત્ર કલ્પના જ કરવી રહે. સૂક્ષ્મ અબાધિત ચાલતી આ ગતિ સમ છે. છતાં શિયાળા – ઉનાળાની ગતિ વચ્ચે બહિરદષ્ટિએ જોતાં તફાવત દેખાય આવે. આવા આ સમયને કોઈકે કાળ, તો કોઈકે અવધિ, તો વળી કોઈકે વખત સંજ્ઞા પ્રયોજી. વ્યવસ્થા ખાતર તેને મનુષ્યે સેકન્ડ, મિનિટ, કલાક, પહોર, દિવસ, મહિના, વર્ષ, યુગ, કલ્પ જેવા ખંડોમાં બાંધવાનો પ્રયાસ કર્યો છે; છતાં તે કોઈનાથી બંધાયો નથી! માનવજાતે નદી – સમુદ્રોને નાથ્યા, પહાડોને ઓળંગ્યા, અવકાશયાત્રા આરંભી. પણ સમયની સામે કોઈ પાળ બાંધી શક્યું નથી. પુરાણો ચાડી ખાય છે ખરાં: સૂર્યાસ્ત થતાં તારો ધણી મરે: ઋષિએ આપેલા આ શ્રાપને ઋષિપત્ની નિરર્થક બનાવે છે! શક્ય છે કે સમયને તાબે થઈને સૂર્ય ભ્રમણ કરતો રહે છે. સૂક્ષ્મ સમયની કાયાકલ્પના કરું છું ત્યારે સમય દીર્ઘહથ્થા મહાકાયા રૂપે પ્રગટે છે. કુરુક્ષેત્રના મેદાનમાં વિષાદગ્રસ્ત અર્જુનનો ભ્રમ શ્યામ ભાંગે છે ત્યારે થાય છે; શું સમયના નાનામાં નાના ખંડમાં કોઈ પરમતત્ત્વ સમયનો પર્યાય બનીને વસે છે?

એક જ સમયે અવનિ, આકાશ, સાતપાતાલ, સમન્દર, કહો કે સર્વત્ર રજેરજમાં સમય પોતાના ખેલ રચતો હોય છે અને તેથી જ આખું વિશ્વ વૈવિધ્યપૂર્ણ, ઉપભોગવા, જીવવા જેવું લાગે છે. સમગ્ર સજીવસૃષ્ટિની જિજીવિષા પ્રબળ બનતી જાય છે. અહીં કોઈને મરવાની ઈચ્છા થતી નથી. આપઘાત કરવા ભૂંરાટે ચડેલો કે મજબૂરીથી મરવા નીકળેલ હરએક વ્યક્તિ ફાંસો ખાધા પછી કે ઝેર પીધા પછી તેમાંથી ઉગરવા જ વલખાં મારે છે. કારણ અહીં ઢોળાયેલો માયારસ અદ્ભુત આકર્ષણ ફેલાવે છે. હું સમયના પળ – વિપળમાં ઈશ્વરને વિસ્તરતો – લીલયા રચતો જોઉં છું. સમયના રૂપમાં કેવું રસમય અને સુંદર છે આ જીવન.

એક ભાઈ ગળામાં પ્લાસ્ટિક દોરડાનો ફાંસો નાખી, તેની સાથે પથ્થર બાંધી પોતાના જ કૂવામાં કૂદી પડે છે. કાળની સામે એ પરાજય પામે છે. પથ્થરો છૂટી જાય છ! પેલા ભાઈ પાણી બહાર આવી જાય છે. એક દિવસ હું એને પૂછું છું. પાણીમાં ડૂબ્યા પછી કેવું થતું હતુ? હસતાં હસતાં એ કહે છે: કોઈ પણ રીતે ઉગરવા હું અંદર મરણિયા પ્રયાસ કરતો હતો. સારું થયું પ્લાસસ્ટિકની દોરી હોવાથી પથરો સરી ગયો. નહિ તો....દરેકની મરણ વેળાની જિજીવિષા આવી જ ઉત્કટ હશે. આ બધું સમયના તાબે જ છે.

સમયનું એક રૂપ રસાત્મક આનંદદાયી છે. વરસાદનું વરસવું સમગ્ર સૃષ્ટિને નવપલ્લવિત કરે છે. બીજમાં કોળતું તૃણ કે... છીપલામાં ઝીલાતું મોતી, ફલિકરણ વેળાની એક ક્ષણ કેવી અદ્ભુત ઘટના છે. ને સમય થતાં આ વિશ્વમાં પ્રસવ પામી પ્રથમ શ્વાસ લેવાની ઘટના પણ કેવી રહસ્યમય છે. કલશોરતું બાળક, ખીલતું પુષ્પ, ફૂંકાતો પવન, ફૂટતી કૂંપળ, ઉડ્ડયન કરતાં પક્ષીઓ, વહેતાં ઝરણાં, ઘૂઘવતા સમુદ્રો, છવાતો – ઓગળતો બરફ, ઘેરાતું ધુમ્મસ, તડકામાં વરસતો વરસાદ, શિયાળાની ઠંડીને દૂર ઠેલતો સૂર્ય, પ્રિયાની લટોમાં ફૂલ ખોસતા કે ગાલ પર આંગળી રમાડતો પ્રિયતમ, માત – પિતાની સેવા કરતાં દીકરા – વહુ, સ્તનપાન કરાવતી જનેતા વગેરે કેવી નયનરમ્ય, મનોગમ્ય ક્ષણો હોય છે. ને બંધ આંખે જગતને ભૂલી ઘોરવાની ક્ષણો પણ કેટલી અદ્ભુત છે. સમયાધીન રચાતાં આવાં કેટલાંય દશ્યો ઉલ્લેખી શકાય.

ભાતીગળ પક્ષીઓના મધુરાં ગાનથી જાગતાં ગામડાં, અંધકારના ઓઢણાને ધીમે ધીમે દૂર કરી સમગ્ર સૃષ્ટિને સુવર્ણ આભા આપતો ભાસ્કર, ભિક્ષાટનની તૈયારી કરતો ભિક્ષુક, ઓસબિંદુથી આચ્છાદિત હરિત વનરાજી, પવનમાં ડોલતાં ... બાળકોને નવડાવતી, દફ્તર ભરી આપતી મા, પતિનું ટિફિન તૈયાર કરતી અર્ધાંગીની અને સાચવીને જજે – આવજેની ... જનની, વાછરડાને ચાટતી ગાય, ખુલ્લી જગ્યામાં રમતાં મીંદડીના બચ્ચાં, ગેલ કરતાં કુરકુરિયા, સવાર થતાં ... સળવળી ઊઠે છે. રાત્રિની નીરવતા ઓગળી જાય છે. વૈવિધ્યપૂર્ણ અવાજોથી આખું વાતાવરણ ગૂંજી ઊઠે

છે. હું જોઉં છું ત્યારે દરેક પળે ઈશ્વરની વૈવિધ્યપૂર્ણ લીલાનો સાક્ષાત્કાર થાય છે. ઈશ્વરની અપરંપાર લીલાની સાથે -- પણ તેની હરીફમાં એવી જ લીલા કરતો અનુભવાય છે. વિજ્ઞાનની અવનવી શોધો વિસ્મયના સીમાડાઓ ઓળંગાવી... આમ છતાં ઈશ્વરની લીલા અકળ અતિ વિસ્મયકારી છે. આ રીતે પરમતત્ત્વ મનુષ્યના જ્ઞાનની ક્ષિતિજોથી પરની શક્તિ... છે. આ બધું સમયની સાથે જ અનુભવાય છે.

ઈશ્વરના પૂરા કદને મનુષ્ય પામે તો એમનું અહોભાગ્ય. ઈશ્વરના એકાદ અંશને જાણતો માણસ ઘણું જાણતો હોવાનો દાવો કરતો રહે છે. સમયની સાથે સાથે ઘણી વખત તે બદલાતો રહે છે. ત્યારે થાય છે સમય મનુષ્યને કેવા કેવા રૂપમાં મૂકતો જાય છે.

સમય વહેતા નદીના પ્રવાહ અને પવન જેવો છે. તેનો સ્પર્શ કોઈને પણ એક જ વખત થાય છે. એ સમયને ખપમાં લેવાની તક માનવી ચૂકે છે ત્યારે તે ઘણું ગુમાવી દે છે. મહાન વ્યક્તિઓનો સ્પર્શ જ્યારે સમયને થાય છે ત્યારે એ અવધિ અને વ્યક્તિ અમર બની જાય છે. એ સમયની તાસીર ઈતિહાસ બની જાય છે. ભવિષ્ય ને વર્તમાનને ભૂતકાળનો પરિચય કરાવે છે. સમય મનુષ્યને ક્યારેક આશ્વાસનરૂપ - શાતાદાયી નીવડે છે તો ક્યારેક વિષાદ, બેચેની કે અટૂલાપણાની અનુભૂતિ કરાવનારો બની રહે છે. બુધ, ઈશુ, મહાવીર, ગાંધીજી અને સોક્રેટીસ જેવી કેટલીય વિભૂતિઓ કાળજયી છે અને છતાં તેમની નશ્વર કાયા કાળપ્રવાહમાં ઓગળી ગઈ છે. સમયની આ શાસકતા આગળ કોઈ ચમરબંધીં પણ નથી ટકતો.

સમય પોતાના રૌદ્ર રૂપની ઝલકો કાંઈ ઓછી નથી દર્શાવતો. વિશ્વયુદ્ધો, નાગાસાકી હીરોસીમાની આર્તનાદ રેલાવતી નિકૃષ્ટ ઘટનાઓ, ભારત - પાકિસ્તાનના ભાગલાં વેળાની મર્મવેધક હૃદયવિદારક દશ્યાવલીઓ / દશ્યો. જ્વાળામુખી, ભૂકંપ, સુનામી જેવી કુદરતી પ્રકોપલીલા આ બધું માનવહૈયાને કેવા કેવા રસભાવની અનુભૂતિ કરાવી જાય છે. સમયની લીલા ન્યારી છે. હું પળેપળમાં ઈશ્વરનો વાસ કલ્પું છું. એ પળ અમૂલ્ય છે કારણ કે દરેક ક્ષણ આપણને એક વાર મળે છે અને બીજી ક્ષણનું દાન આપણને મળે એ પહેલાં પહેલી ક્ષણ ચાલી ગઈ હોય છે! જે વ્યક્તિ દરેક ક્ષણને યોગ્ય રીતે જીવે છે તેનું જીવન ધન્ય બને છે. પણ ક્ષણને નિર્દય રીતે જીવનાર માણસ સમગ્ર સજીવસૃષ્ટિ અને માનવજાત માટે શાપ રૂપ નીવડે છે. ઘણા આતંકવાદીઓની નામાવલી અહીં મૂકી શકાય. ઈશ્વરે બક્ષેલી એક એક ક્ષણ એવા લોકોના અહમ અને દુરિતનો અંત આણે છે. આ લીલા સમયની છે કે ઈશ્વરની કે ભાગ્યની એ વિડંબણાજન્ય છે. કાબાથી લૂંટાતો અર્જુન અને યુદ્ધના મેદાનમાં ભગવાન કૃષ્ણથી ઉપદેશાતો અર્જુન, આ બે વાતની વચ્ચે હું સંદિગ્ધ છું તેથી સમય અને ઈશ્વરને હું અભિન્ન સમજું છું - પર્યાય સમજું છું. સમયની સાથે જે તાલ મેળવે છે તે સાયુજ્યમુક્તિ જેવો આનંદ પામી શકે છે. કાવ્યસર્જનથી કવિ, શિલ્પમૂર્તિથી શિલ્પી અને નર્તનથી નર્તકી, એવો જ આનંદ અન્ય પણ માણી શકે છે. એ આત્મસાત કરવા દરેક પળની કિંમત સરખી જ આંકવી જરૂરી છે. કારણ કે પરિણામ પૂર્વેના અવધિ પર પરિણામની ક્ષણ નિર્ભર હોય છે. તેથી જ બેન્જામીન ફ્રેંકલીન કહે છે: 'તમે જિંદગીને ચાહો છો તો સમયને વેડફી નાખતા નહીં, કારણ કે જિંદગી એની જ બનેલી છે.' સાવ ટૂંકી જિંદગીને વધારે ટૂંકાવવી ન હોય તો સમયને બરબાદ કરવો પોષાય નહીં. દરેક પળ ઈશ્વરની બક્ષિસ છે એ પળને 'એ' લઈ લે છે ત્યારે દરેકનું અસ્તિત્વ મટી જાય છે.

સમય ક્યારે ય આરામ કરતો નથી, કોઈની રાહ જોતો નથી. કશું ખાતો નથી અને છતાં સઘળું ખાય જાય છે! 'માધવ ક્યાંય નથી'માં હરીન્દ્ર દવે આવા મતલબનું લખે છે : ન તો વિજય કૌરવોનો થશે, ન પાંડવોનો. વિજય તો કાળદેવતાનો થશે. સાચે જ સમય દુર્જેય છે. કેટલાં ય સમર્થ ચક્રવર્તી પાત્રો કાળના તળિયે અદશ્ય થઈ ગયાં, થઈ જશે એ સત્ય સનાતન છે. હું સમયને ગતિ સ્થિતિ અને લય રૂપે જોઉં છું. ગતિ - સ્થિતિ અને લયની સાથે જ જીવનલીલા લય પામે છે એ જ જીવનનું રહસ્ય છે.

## વનસ્પતિ જગતમાં હરતાં-ફરતાં

વિભૂતિ સી. પટેલ
એમ. એ. -૨ (સંસ્કૃત)

- ★ અખરોટના ઝાડના પાન અને મૂળમાં જગ્લોન નામનું દ્રવ્ય હોય છે, જેને કારણે આ ઝાડની નીચે બીજી વનસ્પતિ ઊગી શકતી નથી.
- ★ યુફોર્બિયાના છોડમાંથી પેટ્રોલ મળે છે.
- ★ રતન જ્યોત નામની વનસ્પતિના છોડમાંથી બાયોડિઝલ મળે છે.
- ★ કોપાઈબાના છોડમાંથી ડિઝલ મેળવી શકાય છે અને તેનું શુદ્ધિકરણ કરવું પડતું નથી.
- ★ આ છોડ બ્રાઝિલના જંગલોમાં થાય છે.
- ★ લીલમાંથી ઓલ્જનિક એસિડ મળે છે, જેનો ઉપયોગ સૌંદર્યપ્રસાધનો અને દવા બનાવવામાં થાય છે.
- ★ અગ્નિ એશિયાના દેશોમાં તાડની જાતનું સાગો નામનું ઝાડ થાય છે, તેના થડના ગરનો લોટ બનાવી તેના દાણા પાડવામાં આવે છે, તેને સાબુદાણા કહે છે.
- ★ ડાંગરના છોડમાં ૧૮% થી ૨૦% ખાદ્યતેલ હોય છે.
- ★ મકાઈમાં સામાન્ય રીતે ૭૦% સ્ટાર્ચ હોય છે.
- ★ પીપળાનું વૃક્ષ ધરતીના ઊંડાણમાંથી પોતાના મૂળ વડે રોજ ૨ ટન પાણી ચૂસે છે.
- ★ સિંકોના નામના વૃક્ષમાંથી મેલેરિયા રોગની દવા ક્વિનાઈન મેળવવામાં આવે છે.
- ★ પાઈન નામના વૃક્ષમાંથી ટર્પેઈન્ટાઈન મેળવવામાં આવે છે.
- ★ લાખમાંથી અળતો તથા ગુલાલ જેવા પદાર્થો બનાવવામાં આવે છે.
- ★ પીલુનાં બીજને પીસીને જે તેલ કાઢવામાં આવે છે તે તેલ માખણના તેલ તરીકે ઓળખાય છે.

**એકબીજાને ધિક્કારવા, ખેદાનમેદાન કરી નાખવા તથા હણવા માટે માનવજાત પાસે જોઈએ તેટલા ધર્મો છે; પણ એવો એક પણ ધર્મ આપણો નથી કે જે આપણને પરસ્પર પ્રેમ કરતાં શીખવે.**

## ઉચ્ચ શિક્ષણ

જિનલ ઠક્કર
ટી. વાય. બી.કોમ.

કવિ ઇકબાલે યોગ્ય જ કહ્યું છે કે -

" સારે જહાં સે અચ્છા હિન્દોંસ્તા હમારા ।
હમ બુલબુલેં હૈં ઉસકી વો ગુલસિતા હમારા।"

કલ્પી લો કે, તમારી સમક્ષ એક ઉદ્યાન એવો છે, જેમાં ચારે તરફ નાના નાના છોડવાઓ પવનની લહેરોમાં હિલોળા ખાઈ રહ્યા છે, પુષ્પો ખીલી રહ્યાં છે, રસપાનમાં મદમસ્ત બનેલ ભમરાઓ એક ફૂલ પરથી બીજા ફૂલ પર ઝૂમી રહ્યા છે. બાગબાન પાણી સીંચી રહ્યો છે. બાગમાં બાળકો કિલ્લોલ કરી રહ્યાં છે.

બીજી તરફ એક ઉજ્જડ ઉદ્યાન છે, જેમાં મરતાં મરતાં જીવી રહેલા છોડવાઓ છે. ફૂલ ખીલ્યાં છે પણ મુરઝાવાની તૈયારીમાં છે. પતંગિયાં છે પણ તેનામાં એક ફૂલ પરથી બીજા પર ઊડીને જવાની તત્પરતા નથી. માળી પાણી નથી સીંચી રહ્યો પણ છોડને મુરઝાવાની વાટ જોઈ રહ્યો છે. કિલ્લોલ કરતાં બાળકોને વહાલ કરવાને બદલે તેમને ધક્કા મારી મારીને બહાર ધકેલી રહ્યો છે. આ બેમાં તમને કયો બાગ ગમશે? પહેલો જ ને ? પણ ના...! એ પહેલો ઉદ્યાન અજે આપણા નસીબમાં નથી. આપણે તો પેલા ઉજડી રહેલા ઉદ્યાનને જીવંત બનાવવાનો છે. ચેતનવંતો બનાવવાનો છે. આજનું આપણું ઉચ્ચશિક્ષણ પણ કથળી ગયેલા પેલા બીજા ઉદ્યાન જેવું જ છે ને ?

ઉચ્ચ શિક્ષણ એટલે શું ? મારી દૃષ્ટિએ તો વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરે, સામાજિક અને રાષ્ટ્રીય પ્રગતિ તથા સભ્યતા અને સંસ્કૃતિના ઉત્થાનને માટે અનિવાર્ય એવી તાલીમ આપે અને જીવનની એકપણ ક્ષણ વેડફાઈ જતી અટકાવે એનું નામ જ ઉચ્ચ શિક્ષણ.

આજે તો શિક્ષણનું ક્ષેત્ર લાંચરુશવત અને ભ્રષ્ટાચારથી બાકાત રહ્યું નથી. લક્ષ્મીથી સરસ્વતીને ખરીદવાનું શક્ય બની ગયું છે. પુરાતન સમયમાં ભારતીય ગુરુકુળ પદ્ધતિ પ્રમાણે અપાતું શિક્ષણ સર્વોત્તમ હતું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પદાર્થ પાઠ વડે ઉત્તમ જીવન જીવવાની કળા શીખવનારું હતું.

વિદ્યાર્થી ગુરુના ઘરે રહી અભ્યાસ કરતો. એ સમયે સંઘ, પરિષદ, મઠ, ગુરુકુળ તથા આશ્રમ સ્થપાયા હતા. જ્યાં ગુરુ પોતે વિદ્યાર્થીઓને વિદ્યા પ્રદાન કરતા હતા. ગામોમાં પણ પ્રાથમિક પાઠશાળાઓ હતી. જ્યાં શ્રમ વિભાજન પર આધારિત સમાજની પ્રત્યેક વ્યક્તિને પોતાના વર્ણ અનુસાર શિક્ષણ આપવામાં આવતું. દા.ત. બ્રાહ્મણોને કર્મ-ધર્મ-ક્રિયાકાંડ, ક્ષત્રિયોને યુદ્ધવિદ્યા અને રાજનીતિ અંગે, વૈશ્યોને વેપાર તથા શૂદ્રોને જુદી જુદી જાતનું સાધારણ કક્ષાનું શિક્ષણ આપવામાં આવતું. ગુરુકુળ વિદ્યામંદિરો નૈસર્ગિક સૌંદર્યોથી ભરપૂર, રાજ્યના કોલાહલથી દૂર, પ્રકૃતિથી તરબોળ સુરમ્ય સ્થળોએ હતાં. છતાં ગામ કે શહેરની નજીક રાખવામાં આવતાં કે જેથી શિષ્યોની પ્રાથમિક કે અગત્યની જરૂરિયાતો પૂર્ણ થઈ શકે.

આજે તો જીવનના ચાર પાયા પર રચાયેલ જીવન જીવવા માટેના સર્વોત્તમ શિક્ષણનું તો ક્યાંય દર્શન થતું નથી. આજે તો ગુરુ સાચો ગુરુ રહ્યો નથી. વિદ્યાર્થી સાચો વિદ્યાર્થી રહ્યો નથી, તે પરીક્ષાર્થી બનીને વિદ્યાની અર્થી ઉપાડી રહ્યો છે. સાંદીપનિ અને કૃષ્ણ-સુદામાની વાતો વિલાઈ ગઈ છે.

અરે! આજે તો શિક્ષક કરતાં વિદ્યાર્થી સવાયો નીકળવાને બદલે શિક્ષકને ધુત્કારતો, ગાળો ભાંડતો, ઠઠ્ઠા મશ્કરી કરતો નજરે પડે છે. વિદ્યાર્થી કરતાં શિક્ષક પણ જ્ઞાનમાં માત્ર એક કલાક જ આગળ હોય છે એમ કહું તો જરાય ખોટું નથી.

અનામત અને બિનઅનામત બેઠક પ્રથાને કારણે ઓછા ટકાએ પાસ થયેલ નબળો વિદ્યાર્થી સારી રીતે પ્રવેશ મેળવી શકે છે, જ્યારે ૮૦ થી ૯૦ ટકા મેળવેલ વિદ્યાર્થીએ તગડા ડોનેશનો ભરીને પ્રવેશ મેળવવા કતારોમાં ઊભા રહેવું પડે છે. વિદ્યાર્થી અને તેના વડીલોને આ ભોરિંગ ભરડાનો ત્રાસ માનસિક રીતે પણ અસંતુલિત કરે છે.

વિદ્યાલયોની સાથે જોડાયેલા મોટા-મોટા શોપિંગ સેન્ટરો, પાન-ગલ્લાની લારીઓ, બીડી-સિગારેટ, તમાકુ, માવા, ડ્રગ્સ જેવા કુટેવખાનાંઓ વિદ્યાર્થીને મવાલી બનાવવામાં જરાય પાછીપાની કરતાં નથી. શરૂઆતમાં આદર્શ યુવાન તરીકે કોલેજમાં દાખલ થયેલો યુવાન ભણીને બહાર નીકળતાં સુધીમાં તો હેવાન બની ગયો હોય છે.

શિક્ષણમાં આજે લીલો દુકાળ પડ્યો છે. શિક્ષણ-શિક્ષણના બણગાં ફૂંકનારોઓ શિક્ષણ માંધાતાઓને હું પૂછવા માગું છું કે- ઈંગ્લેંડમાં 'લ્યૂસી ગ્રે' કે 'મીલર ઓફ ધ ડી' સુધી શિક્ષણની વાત પહોંચી છે. આપણા દેશમાં શિક્ષણની વાત કોઈ આવી વ્યક્તિ સુધી શિક્ષણ પહોંચ્યું છે ખરું ? જવાબ જો 'હા' હોય તો આ શહેરના ભેગા થયેલા કચરાને શિક્ષણ કહેવાની હિંમત આપણામાં છે ખરી ? નિશાળ-કોલેજમાં જે કંઈ ચાલે તે શિક્ષણ જ કહેવાય. દેશની સારી ગણાતી ૧૨૫ યુનિવર્સિટીઓમાં ચાલતા શિક્ષણને ઉચ્ચ કહેવાની આપણને એક ટેવ પડી ગઈ છે. કોઈપણ મહોલ્લામાં કાટખૂણે ઊભેલી બે દીવાલો આપોઆપ જ પેશાબ ખાનું બની જાય એનું કારણ શું ? સ્વચ્છ જગ્યા જોઈ આપણને સૌને નાક ખંખેરવાની ચળ કેમ આવે છે ? સારી દીવાલ જોઈ પાન-માવો ખાઈ પિચકારી મારનારો કે સ્વચ્છ રસ્તાઓ પર થૂંકનારો માણસ શું અભણ હોય છે ?

ભારતની ૧૨૫ યુનિવર્સિટીઓમાંથી ત્રીજા ભાગની યુનિવર્સિટીઓ મોટેભાગે બંધ કરવામાં આવેલી છે કે બંધ રહેતી હોય છે, નાડી ચાલુ છે, બાકીનું કંઈ ચાલતું નથી. હા! પગાર ચાલુ છે ખરા! ત્રીજા ભાગની યુનિવર્સિટીઓ ખલેલયુક્ત પરિસ્થિતિમાં ચાલે છે. બાકી વધેલ યુનિવર્સિટીઓ રાબેતા મુજબ ચાલે છે. રાબેતામુજબ એટલે શું ? વર્ગમાં ૫૦% હાજરી હોય એને સારી ગણવામાં આવે, પ્રાધ્યાપકો હિન્દુસ્તાનના 'આસુતોષ' હંમેશાં 'સંતોષી'. ભણવા-ભણાવવાનું ચાલે તો પણ સંતોષ, ન ચાલે તો પણ સંતોષ. પુસ્તકાલયોને લીધે અધ્યાપકોની 'બાંધી મૂઠી લાખની' બની રહે છે. પરીક્ષાઓમાં કરાતી કે કરાવાતી છડેચોક ચોરી વિદ્યાર્થીઓને પાંગળા બનાવે છે. કોલેજ કેમ્પસોમાં થતા રેગીંગ અને નજીવી વાતોમાં કરાતી હિંસાથી કોણ અજાણ છે ?

આ માટે કરવું શું ? દેશ આવી યુનિવર્સિટીઓને પોષી જ કેવી રીતે શકે ?

વિદ્યાર્થીઓ રાજકારણ અને રાજકારણીઓથી દૂર રહે એ ખાસ જરૂરી છે. યુનિવર્સિટીનું કામ તો દૂધમાં 'મેળવણ' મેળવવાનું છે, જેને કારણે ક્રાંતિ આવી શકે. શ્રમથી ભરેલા સમાજમાં શિક્ષણે 'મેળવણ'નું કામ કરવાનું છે. દૂધમાંથી દહીં બનાવવાનું છે.

રસ્તામાં મુસાફરી કરતાં વચ્ચે પેટ્રોલપંપ જ ન આવે તો શું કરવું ? જ્ઞાનમાર્ગના પ્રવાસીઓ માટેની સેવાસંસ્થાઓ તે યુનિવર્સિટી છે. જ્ઞાન અને સત્યને માર્ગે ચાલતી પરબો છે. શિક્ષણ તો જાગૃતિનો મહોત્સવ છે. જીવન જાગૃતિનો ઓચ્છવ છે. ઉચ્ચશિક્ષણની સમજ આપતાં સવાઈ ગુજરાતીનું બિરુદ પામેલ પ્રસિદ્ધ ગદ્યલેખક શ્રી કાકાસાહેબ કાલેલકરે એક સુંદર વાત કરી છે. તેમણે કહ્યું છે કે- 'કેળાંનું છોતરું નકામું છે એમ માની રસ્તા પર ફેંકી દેવું એ છે શિક્ષણ, આમ કરવાથી કોઈ વ્યક્તિનો પગ એ છોતરા પર પડશે તો પગ લપસશે, પણ એ જ છોતરું ઉપયોગી છે એમ માનીને ગાયને ખવડાવી દેશો તો 'દૂધ'ના સ્વરૂપમાં આપણને પાછું મળશે, આ છે ઉચ્ચશિક્ષણ, શિક્ષણ જો ધ્યેયલક્ષી હશે તો એ જરૂર જીવનને અજવાળી શકે.

આજે તો ઉચ્ચશિક્ષણ પેટ માટે ? અફસોસ! ક્યારેય ન હતું પેટ માટે શિક્ષણ. પેટના ખાડા માટે ઉચ્ચ શિક્ષણ મેળવવું એ વિચાર જ ક્ષુદ્ર છે. આજે તો કોઈપણ વિદ્યાર્થીને પૂછો, તું કેમ ભણે છે ?

૧ ડિગ્રી મેળવવા માટે    ૨. સારું પાત્ર મેળવવા માટે    ૩. નોકરી માટે

પ્રાચીન પ્રજાનું જીવનધોરણ નજર સમક્ષ લાવવામાં આવે તો આંખ સામે એ ગૌરવવંતા દશ્યો દેખાશે. ખેડૂતનો દીકરો આપોઆપ ખેતીમાં જોડાઈ જતો, વણકરનો દીકરો વણકર બનતો, વેપારીનો દીકરો વેપાર કરતો. રાજાનો કુંવર રાજા બનતો જોવા મળતો. પેટનો પ્રશ્ન જ ન હતો.

ગોરી પ્રજાએ ધંધાઓ તોડ્યા. ધંધા તૂટ્યા એટલે લોકો બેકાર બન્યા. બેકારો નોકર બન્યા, નોકરો બનવા સહુ [illegible] લાગ્યા. લોર્ડ મેકોલોએ દાખલ કરેલી માત્ર કારકુનોની કતાર પેદા કરનારી આ શિક્ષણ પદ્ધતિ નોકરોની-ગુલામોની [illegible] બની જાય છે. કેટલું બિહામણું આ સત્ય છે! મેકોલેએ દાખલ કરેલો આ ઢાંચો આજે ભારતીય પ્રજાના ગળાનો

ફાંસલો બની ચૂક્યો છે.

તેમ છતાં જીવનરૂપી સમુદ્રમાં ઉચ્ચ શિક્ષણરૂપી હોડી હોય તો મનુષ્ય-વિદ્યાર્થી અવશ્ય તરી જાય. હોડી ન
થઈ જાય તો અચૂક ડૂબી જાય. સાચા શિક્ષણ વિના જીવન ચોક્કસ અંધકારમય જ બને.

અંતમાં જેના હાથમાં ભારતના ભાવિરૂપી શિક્ષણનો ખંડેર મહેલ પડ્યો છે તે ગુરુઓ અને શિષ્યો
જીવનલક્ષી-ધ્યેયલક્ષી-વ્યવસાયલક્ષી બનાવવા પુરુષાર્થ, ઉત્સાહ અને તમન્નાથી ઉચ્ચશિક્ષણ વ્યવસ્થા બદલી
જેવી નાલંદા-તક્ષશિલા જેવા વિદ્યાલયો પ્રસ્થાપિત કરશે કે જેનાથી એવું રમણીય પ્રભાત ઊગશે કે કૃષ્ણ-સુદા
સાંદીપનિના પ્રેમભર્યા સંબંધો ફરીથી શરૂ થશે, સૌ ભારતવાસીઓ એક અવાજે ગાઈ ઊઠશે :

સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા ।
જહાં ડાલ ડાલ પે સોને કી ચિડિયાઁ કરતી હૈ બસેરા ।
વો ભારત દેશ હૈ મેરા, વો ભારત દેશ હૈ મેરા !

□□□

પહોંચ્યા ન ફરિશ્તાઓ, પયગમ્બર નહિ પહોંચે
માણસની આ ઔલાદને ઈશ્વર નહિ પહોંચે!

બસ, આટલો ઈન્સાફ હું માગું છું જગતમાં
નિર્દોષના માથા સુધી પથ્થર નહિ પહોંચે.

- ભગવતીકુમાર શર્મા

□□□

પ્રા. નયના કે. નાયક
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ

## સંસ્કૃત સાહિત્યમાં સંશોધન

કોઈ પણ વિષયમાં સંશોધન કરવા માટે પ્રથમ શરત છે તે માટેની દષ્ટિ કેળવવાની, પ્રશ્નના ઊંડાણ સુધી જવાની. આ માટે શાળા કક્ષાથી જ બીજારોપણ કરી શકાય. હાલમાં ઘણી શાળાઓમાં પ્રોજેક્ટ વર્ક કરાવાય છે. વિદ્યાર્થીઓ જૂથ બનાવીને વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, તે સારી બાબત છે. આવા પ્રોજેક્ટોમાં સંદર્ભપુસ્તકોની મદદ લઈ, સ્વમેહનતે વિદ્યાર્થી પોતાની આગવી શૈલી દ્વારા પોતાના ચિંતનને રજૂ કરે, એ સંશોધન માટે આવશ્યક બાબત છે. આ બાબત માત્ર શાળામાં જ નહીં, મહાશાળાઓમાં પણ થવી જોઈએ.

૧. અનુસ્નાતક વર્ગના વિદ્યાર્થીઓ માટે એમ. ફિલ. ની લઘુ આવૃત્તિરૂપ ટર્મ પેપર તૈયાર કરાવવા. તે કાર્ય ચોકસાઈપૂર્વક અને યથાર્થ રીતે થાય. વિદ્યાર્થી સનિષ્ઠ પ્રયાસ કરે, જેથી સંશોધનની ભૂમિકા તેના કાર્યમાં દેખાય.
૨. સંશોધન પદ્ધતિ – મેથડ – વિશે વિદ્યાર્થી તથા સંશોધકને સાચી જાણકારી મળે તે માટે વર્કશોપનું આયોજન કરવું.
૩. વિદ્યાર્થી કે સંશોધક જે સંશોધનની દિશામાં આગળ વધે છે તેને સંસ્થા તરફથી કોઈપણ પ્રકારના દ્વેષ વિના સંપૂર્ણ મદદ મળવી જોઈએ તથા કમ્પ્યુટર, ઈન્ટરનેટ, જરૂરી સંદર્ભ ગ્રન્થો, આદિની સગવડો પૂરી પાડવી જોઈએ.
૪. સંશોધન માટે પ્રશ્નાવલિ પદ્ધતિનો ઉપયોગ કરવાનો હોય તો તેવા સંજોગોમાં શાળાઓ, સંસ્થાઓ, કચેરીઓ, કંપનીઓ, આદિએ રસ લઈ, સજાગ બની, શેહ – શરમમાં તણાયાવિના માંગ્યા પ્રમાણેની સત્ય વિગતો સત્ત્વરે આપવી જોઈએ. માત્ર 'કરવા ખાતર કરવું' એમ કરવાથી સંશોધન યથાર્થ ન નીવડે. માટે સંસ્થાઓમાં પણ સંશોધન અંગે અનુકૂળ વાતાવરણ સર્જાવું જોઈએ.
૫. સંશોધન કાર્યમાં સંબંધિત વ્યક્તિ, સંશોધન કાર્ય તથા જે તે સંસ્થા – આ બધામાં પરસ્પર શ્રદ્ધા, સમજ તથા સહાનુભૂતિ હોવાં જોઈએ.
૬. સંશોધનને શુલ્ક લાભ માટે રાજકીય રંગ આપવો ન જોઈએ. સંશોધન તાલુકા, જિલ્લા, રાજ્ય કક્ષાએ થાય, ગમે તે કોમ્યુનિટિ સંદર્ભે થાય તે બાબતમાં અકારણ સાશંક ન બનતાં સંશોધન તથા સંશોધનકારને નુકસાન ન થાય તેવા દરેક કક્ષાએ પ્રયત્નો થવા જોઈએ.
૭. સંશોધકે સ્વકેન્દ્રી બન્યા વિના શુદ્ધ સંશોધન કરવું. વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ, પરિશોધન, વિશ્લેષણ કરવું. કારણ ક્યારેક સંશોધન અસત્યને સત્ય બનાવી શકે એવું પણ બની શકે છે. વિગતોનું વિશ્લેષણ યથાયોગ્ય ભૂમિકાએ થવું જોઈએ.
૮. એક ભાષાના સંશોધન કાર્યમાં પણ ઘણી શાખાઓની મદદ લઈ શકાય છે અને મદદ જરૂરી પણ બને છે. તેથી ઈતિહાસ, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, વિજ્ઞાન વગેરે વિષયોના તજજ્ઞો સંશોધન કાર્યમાં ઉત્સાહપૂર્વક જરૂરી સહકાર આપે, જેથી સંશોધનકાર્ય વધારે સરળ, સફળ અને ઉત્તમ લક્ષ્યાંકને સિદ્ધ કરી શકે.

**સંશોધન-ખાસ સંસ્કૃતના સંદર્ભમાં :**

૧. સંસ્કૃત પ્રાચીનતમ ભાષા છે. તેના શાસ્ત્રો, દર્શનો, વિચારધારાઓથી કોઈ અજાણ નથી. આજે પણ દરેક ક્ષેત્રમાં સંશોધનને અવકાશ છે. વેદાદિને વિજ્ઞાન સાથે ગહન સંબંધ છે, તેથી તેના સંદર્ભે વેદાદિ સાહિત્યને પુનઃ મૂલવી શકાય.
૨. યુનિવર્સિટીમાં સંસ્કૃત વિભાગ શરૂ કરવો, જેથી અન્ય ભાષાઓ તથા વિષયોની સાથે સંસ્કૃતમાં પણ તુલનાત્મક અભ્યાસ કરી શકાય. વળી, સંસ્કૃતમાં ૧૪ શાસ્ત્રો છે. તેમાંથી કેટલાંકનો સ્નાતક કે ડિપ્લોમાં રૂપે અભ્યાસ કરાવાય. જેમકે – ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, ભાષાશાસ્ત્ર, લિપિશાસ્ત્ર, ગણિત, ખગોળવિદ્યા, ભારતીય દર્શન – નૃત્ય, નાટક, અભિનય, શિલ્પ – સ્થાપત્ય, ચિત્રકલા, આયુર્વેદ વગેરેના અભ્યાસક્રમો દાખલ કરાય.
૩. સંસ્કૃત સાહિત્યમાં અનેક વિષયોની ઘણી હસ્તપ્રતો હજી આજે પણ સંપાદિત થઈ નથી. દેશ – વિદેશની સંસ્થાઓમાંથી હસ્તપ્રતોનું યુનિવર્સિટીની લાયબ્રેરીમાં એકત્રિત – સંગ્રહ કરી 'સંશોધન વિભાગ' સ્થાપી તે હસ્તપ્રતોનું

સંશોધન સંપાદન કરી શકાય. લિપિશાસ્ત્રીઓ, ઇતિહાસવિદો, સમાજશાસ્ત્રીઓની એમાં મદદ આવશ્યક છે. હસ્તપ્રતોને ઉકેલવાથી હજુ ઘણું ય મળવાની શક્યતા છે.

૪. સંસ્કૃતનું પાણિનિય વ્યાકરણ 'સંપૂર્ણ' અને કમ્પ્યુટરની ભાષા બનવા સક્ષમ છે. તે માટે વૈજ્ઞાનિકો અને કમ્પ્યુટર નિષ્ણાતોની મદદ લઈ શકાય. એટલું જ નહીં સંસ્કૃત અને કમ્પ્યુટરર્સ એવો અભ્યાસક્રમ પણ દાખલ કરી શકાય.

૫, સંસ્કૃતનું પાણિનિય વ્યાકરણ 'સંપૂણ' અને કમ્પ્યુટરની ભાષા બનવા સક્ષમ છે. તે માટે વૈજ્ઞાનિકો અને કમ્પ્યુટર નિષ્ણાતોની મદદ લઈ શકાય. એટલું જ નહીં સંસ્કૃત અને કમ્પ્યુટર એવો અભ્યાસક્રમ પણ દાખલ કરી શકાય.

૬. એક જ વિષય કે લેખકની કૃતિઓ હસ્તપ્રત સ્વરૂપે વિવિધ લાયબ્રેરીઓ - ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટમાંથી મળતી હોય છે. તેને માટે જરૂરી પાઠ સમીક્ષાનું કાર્ય અન્ય સંસ્કૃત સંસ્થાનોની જેમ કરી શકાય.

૭. ભારતીય પ્રજાનું ખમીર, રાષ્ટ્રીયતાને ઉજાગર કરવાની ક્ષમતા સંસ્કૃતમાં છે જ. સંસ્કૃતને બોલચાલની ભાષા બનાવવા જરૂરી સંભાષણ વર્ગોનું આયોજન યુનિવર્સિટીએ વિચાર્યું છે તેમ કોલેજોમાં પણ આવા વર્ગો ચલાવી શકાય.

૮. કર્મકાંડ માત્ર અંધશ્રદ્ધાનો ડર કે ભયથી પળાતો ધર્મ નથી. તેની યાજ્ઞિક વિધિઓમાં વૈજ્ઞાનિકતા છે. તો તેનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ કરાવાય અને શિક્ષિત કર્મકાંડીઓ કર્મકાંડ કરાવે જેથી અશુદ્ધ ઉચ્ચારો, વિધિ માટેના ખોટા નિયમો દૂર થાય. વળી, જે વિધિમાં વૈજ્ઞાનિક વલણ ન હોય તેનો ત્યાગ કરાવી સમાજને જાગૃત કરવો એ પણ સંશોધકની ફરજ છે. સમાજમાં ઘર કરી ગયેલા ખોટા વિચારો, ખોટી માન્યતાઓ, પૂર્વગ્રહોને દૂર કરવા માટે પ્રયત્ન કરી શકાય.

૯. ભારતીય સંસ્કૃતિનો મહાનતમ વારસો સંસ્કૃત કૃતિઓમાં જળવાયેલો છે. તેનો અન્ય ભાષામાં અનુવાદ કરવો, અન્ય ભાષાના ગ્રન્થોનો આપણી માતૃભાષા કે રાષ્ટ્રભાષામાં અનુવાદ કરવો. અપ્રાપ્ય કૃતિઓને પુનઃ પ્રકાશિત કરવી. વળી અનુવાદ એ પણ કળા છે. તો તે અંગે પણ વર્કશોપ રાખી શકાય.

૧૦. સંશોધનના કાર્યને વેગ આપવા, સંશોધકને ઉત્સાહિત કરવા સંશોધિત લેખોનું તથા ગ્રન્થોનું યુનિવર્સિટી દ્વારા પ્રકાશન થાય. સંશોધકને સન્માનિત કરાય. સંશોધક તન - મનથી કાર્ય કરતો હોય છે અને આર્થિક રીતે પણ ઘસાતો હોય છે. તો તેવા સંજોગોમાં સંસ્થા, યુનિવર્સિટી, સરકાર તરફથી આર્થિક સહાય મળે એ જરૂરી છે. અહંભાવ, દ્વેષભાવ ત્યજી પ્રત્યેક એકમ કામ કરે, ઉદારતા દાખવે તો સંશોધનને ચોક્કસ વેગ મળે.

દેશ - વિદેશના ચિંતકો સંસ્કૃતના ગુણ - ગાન ગાય છે. ક્યારેક સંસ્કૃતમાં વ્યાખ્યાન પણ આપતા હોય છે. મહા તેજસ્વી આ સંસ્કૃત ભાષા તથા તેના શિક્ષણ અંગે, તેમાં રહેલા ઊંડાણ તથા વિષયની અમાપ, અગાધ શક્તિ વિશે સજાગ થઈ સૌ કોઈએ સંસ્કૃતના મહત્ત્વને સ્વીકારવું જોઈએ.

વળી, સરકારી નીતિ - રીતિ વિષયના ખેડાણ પર ઊંડી પ્રભાવક અસર ઊભી કરે છે. માટે સરકારે જે - તે વિષય અંગે નીતિ ઘડતી વેળાએ તથા શિક્ષણ વિષયક નીતિ ઘડવામાં અતિશય કાળજી રાખવી જરૂરી છે. કારણ જે - તે વિષય અંગેનો પ્રેમ કે તેમાં સંશોધન અંગેના બીજ બાળક શાળામાંથી જ લઈને આવે છે.

- કિંજલ પટેલ

## માનવીની કરુણા

એફ. વાય. બી. એ.

શિયાળાની એ સાંજે રવિરાજ પૃથ્વી પરથી વિદાય લઇ ચૂક્યા હતા, ચારે તરફ આછો અંધકાર છવાઇ રહ્યો હતો, પંખીઓ કલબલાટ કરતા પોતાના માળા તરફ પાછાં ફરી રહ્યા હતાં. મંદ મંદ વાતો પવન મનને તાજગી આપી રહ્યો હતો. ''કરુણા'' પોતાનું સૌથી પ્રિય સ્થાન એવા પોતાના ઘરના આગળના ઝરૂખામાં બેસી, પતિ મોક્ષનાં આવવાની પ્રતીક્ષા કરતી હતી. એવામાં તેના ઘરના લેન્ડ - લાઇન પર ફોન આવ્યો. એ ફોન કરૂણાના ગામના પિયર ઘરના નોકર રામદાસનો હતો. તેણે ફોન પર જણાવ્યું કે ''શ્રધ્ધાબહેનને નવજીવન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કારણ કે તેમણે ઝેરી દવા પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો છે.''

કરુણાએ તરત પોતાના પતિ મોક્ષને ફોન લગાડતી હતી ત્યાં તો મોક્ષ ઘરે આવી ચડયો. કરુણાએ બધી હકીકત મોક્ષને કહી. પછી બાજુના જ ઘરે રહેતી પોતાની સહેલી પ્રિયાને ત્યાં બંને બાળકો - વીર તથા વિભાને મૂકી કરુણા તથા મોક્ષ નવજીવન હોસ્પિટલ જવા માટે નીકળ્યાં. મોક્ષ પૂરપાટ ઝડપે કારને માર્ગ પર દોડાવ્યે જતો હતો. એટલીજ ઝડપે કરુણાના મનમાં અનેક પ્રશ્નો જન્મતા હતા. કે શ્રધ્ધાએ આવું વિચાર્યા વિનાનું પગલું શા માટે ભર્યું હશે ? શું મમ્મી સાથે ઝગડો થયો હશે ? શું સંયમે કંઇ કહ્યું હશે ? કરુણાના મગજમાં વિચારોની હારમાળા ચાલુ જ હતી. કાર નવજીવન હોસ્પિટલ પાસે જઇને અટકી.

કારમાંથી ઉતરીને કરુણા અને મોક્ષ એકી શ્વાસે દોડીને રૂમ નં. ૨૫ પાસે પહોંચી ગયાં. જ્યાં શ્રધ્ધાને દાખલ કરવામાં આવી હતી. જઇને જોયું તો રૂમના દરવાજા પાસે સંયમ ભાંગેલા હૈયે બેઠો હતો. સસરા ગોવિંદભાઇ તેના ખભે હાથ મૂકીને ઊભા હતા, એક ખૂણામાં નણંદ પૂજા તથા નણદોઇ ધ્યેય ઊભા હતા. ચાર - પાંચ ઓડાશી - પાડોશી બાંકડા પર બેઠા હતા. કરુણાએ વધુ આગળ નજર દોડાવી, પરંતુ એની આંખો જેને શોધતી હતી એવા એમના સાસુમાં એટલે કે ગંગાબા કયાંય દેખાયા નહીં. કરૂણાને પરિસ્થિતિ સમજાય ગઇ.

સમજુ કરૂણાએ વધુ કંઇના પૂછતાં, નણંદ પૂજા પાસે જઇને એટલુંજ પૂછયું કે શ્રધ્ધાની તબિયત કેમ છે ? ત્યારે પૂજાએ જવાબ આપ્યોઃ 'સમયસર શ્રધ્ધાભાભીને હોસ્પિટલ લાવવાથી ડોકટર શ્રધ્ધાભાભીનો યોગ્ય ઇલાજ કરી શકયા છે', ડોકટરે કહ્યું છે કે 'શ્રધ્ધાભાભીને હવે જીવનું જોખમ નથી. તે છતાંયે તે ભાનમાં આવે ત્યાં સુધી રાહ તો જોવીજ પડશે.' કરુણાએ દરવાજાના કાચમાંથી શ્રધ્ધાને જોઇ. પોતાની વ્હાલી દેરાણીની આવી અવદશા જોઇ કરુણાની આંખોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં. પૂજાએ કરુણાને આશ્વાસના આપ્યું. હવે બધાં શ્રધ્ધાના ભાનમાં આવવાની પ્રતીક્ષા કરવા લાગ્યાં. રાત્રે કરુણાએ પ્રિયાને ફોન કરીને વીર અને વિભાના કુશળક્ષેમ જાણ્યા. બીજે દિવસે છેક સવારે શ્રધ્ધાને ભાન આવ્યું બહાર ઊભેલા બધાજ અંદર ગયાં અને ભાનમાં આવેલી શ્રધ્ધાને જોઇ હર્ષિત થયાં.

શ્રધ્ધાને બે દિવસ પછી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. ત્યાં સુધી કરૂણાએ જ તેની હોસ્પિટલમાં સેવા કરી. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ કરૂણા તથા મોક્ષ, સંયમ અને શ્રધ્ધાને પોતાના ઘરે લઇ ગયા. કરૂણાએ તેમની યોગ્ય આગતા - સ્વાગતા કરી. સાંજે તેમને સુવા માટે ઓરડો આપ્યો તથા અન્ય દરેક પ્રકારની સુવિધાઓ પૂરી પાડી અને પોતાના એજ પ્રિય સ્થાન પર ઘરના આગળના ઝરૂખામાં જઇ એક ખુરશીમાં આંખો બંધ કરીને બેઠી. એટલામાં મોક્ષ ત્યાં આવ્યો. તેણે કરૂણાના ખભા પર હાથ મૂકયો. થોડીવાર બંને મૌન રહ્યા. ત્યારબાદ કરૂણાએ મોક્ષને કહ્યું, તમે જરાય ચિંતા ના કરતા. હું સમસ્યા ને યોગ્ય રીતે જાણી સમજી લીધા પછી તેનો યોગ્ય ઉકેલ લાવીશ. અત્યારે ઓરડામાં જઇ ઊંઘી જાવ''. મોક્ષને કરૂણા પર વિશ્વાસ હતો. તે ઓરડામાં જઇ ઊંઘી ગયો. થોડીવાર શાંતચિત્તે વિચાર્યા પછી કરૂણા પણ પોતાના ઓરડામાં [illegible] ગઇ. કરૂણાએ બે - ત્રણ મહિના સુધી શ્રધ્ધાની યોગ્ય રીતે સારવાર કરી. શ્રધ્ધાની તબિયત હવે સંપૂર્ણ સુધારા પર

આવી ગઇ હતી, અને તે કરુણાને ઘરકામમાં મદદ કરવા લાગી હતી. હવે એક દિવસ કરુણા પોતાની નણંદ પૂજાને ત્યાં... છે. અને આજ સુધી મનમાં દબાવી રાખેલા પ્રશ્નોનાં જવાબ જાણવાનો પ્રયત્નો કરે છે. કરુણા પૂજાને પૂછે છે : ''પૂજાબહેન, મને જણાવો કે આખરે શ્રધ્ધાએ ઝેવી દવા પીધી હતી તે પાછળનું કારણ શું છે ? પૂજા કરુણાને જણાવે છે... તમને એટલું તો ખબર છે જ કે શ્રધ્ધાભાભીને સંતાન થતા નથી. આથી મમ્મી હંમેશાં એમને કંઇક ને કંઇક સંભળાવતા... છે. પરંતુ આ વખતે મમ્મીએ વધુ પડતા કડવાં વેણ શ્રધ્ધાભાભીને કહયાં હતાં જે તેમનાથી સહન ના થતાં તેમણે ઝેરી દવા પી લીધી હતી. એવું હું જાણું છું. કરુણાએ પૂજાનો આભાર માન્યો. તે ઘરે આવી એ રાત્રે તેણે પોતાના પ્રિય ઝરૂખામાં જ આખી રાત વિચારી - વિચારીને વિતાવી.

આખી રાત વિચાર્યાબાદ સવારનું દૈનિકકાર્ય પતાવી, તે એક અડગ આત્મવિશ્વાસ સાથે નીકળી પડી પોતાના સાસરે, સાસુમાને મળવા. કરૂણાએ ઘરમાં પ્રવેશ કર્યો તો જોયું કે આર્થિક રીતે સુખસભર એવા સસરાના ઘરમાં નોકર-ચાકર પોત પોતાનું કાર્ય કરતા હતા. ગંગાબા દેવાયલમાં બેસીને દેવોની માળા કરી આરાધના કરતા હતા. કરૂણાએ તેમની નજીક જઇ હળવેથી સાદ કર્યો મમ્મી... કરૂણાને આવેલી જોઇ ગંગાબા નીચું જોઇ ગયા અને કશું બોલ્યા નહી. કરૂણાએ વાતની શરૂઆત કરી. જુઓ મમ્મી શ્રધ્ધાને સંતાન નથી થતું તે માટે શ્રધ્ધા અને સંયમભાઇ બંને જવાબદાર છે. એમાં એકલી શ્રધ્ધા જ દોષિત નથી. તમે માત્ર શ્રધ્ધાને જ દોષિત ન ગણી શકો... કરૂણા પોતાની વાત કરતી હતી. ત્યાં તો ગંગાબાએ એને અડધેજ અટકાવી અને ચોધાર આંસુએ રડતાં રડતાં બોલવા લાગ્યાં કે 'કરુણા દીકરા બસ, મને મારી ભૂલ સમજાય ગઇ છે. અપરાધી પણાની લાગણી મને એટલી પીડે છે કે હું ઘરની બહાર પણ નીકળી શકતી નથી. મારે તો શ્રધ્ધાના પગ પકડી એની માફી માંગવી છે. પરંતુ હવે હું કયું મુખ લઇને તેની પાસે જાઉં. મેં તેનાં પર કાંઇ ઓછા જુલમ ગુજાર્યા છે ?'

ત્યાંજ ગંગાબાના ખભે કોઇકનાં હાથનો સ્પર્શ થતાં તેમણે પાછુ ફરીને જોયું તો શ્રધ્ધા ઊભી હતી. ગંગાબા કંઇ બોલવા જતાં હતાં. ત્યાંતો શ્રધ્ધાએ કહ્યું કે, તમારે કંઇપણ બોલવાની જરૂર નથી. હું તો આભાર માનું છું મોટી બહેનનો કે, જેમણે મને અહી આ રીતે લાવી તમારા બદલાયેલા વ્યકિતત્વનાં દર્શન કરાવી મારા મનની ચિંતાઓને દૂર કરી છે. હવે હું તમારી સેવા અહીં રહીને કરીશ. ગંગાબા શ્રધ્ધાને ભેટીને ચોધાર અશ્રુએ રડી પડયાં. વેર - વિખેર થયેલા પોતાના કુટુંબને સુવ્યવસ્થિત કરી ફરીથી કરૂણા પોતાના ઘર - સંસારમાં વ્યસ્ત થાય છે, શ્રધ્ધા પણ પોતાના પતિ તથા સાસુ - સસરાની સેવા કરતી કરતી ઘરનું સંચાલન કરતી જાય છે. આમ ને આમ વર્ષો વિતતાં જાય છે. એક દિવસ શ્રધ્ધાને અચાનક ચક્કર આવી જાય છે. ડોક્ટરી તપાસ કરતાં જાણવા મળે છે કે શ્રધ્ધા મા બનવાની છે. આ ચમત્કારી સમાચાર સાંભળતાં ગંગાબાએ ઘરની બધી જવાબદારી પોતાના માથે ઊપાડી લીધી. શ્રધ્ધાને તેઓ કંઇપણ કામ કરવા દેતાં ન હતાં. આખરે પ્રસૂતિનો દિવસ આવી પહોચ્યોં. શ્રધ્ધાને પ્રસૂતિગૃહમાં લઇ જવામાં આવી. થોડા સમય પછી એક ડોક્ટરે બહાર આવી જણાવ્યું કે, અમુક સંજોગો ને કારણે મા અથવા દિકરા બે માંથી એકનેજ બચાવી શકાય એમ છે. તો તમે જ કહો કે કોને બચાવવાનું છે ? ગંગાબા બેબાકળા થઇ બોલી ઉઠયા, મને મારી દીકરી શ્રધ્ધા જોઇએ છે. ડોક્ટર પહેલા તમે એને જ બચાવી લ્યો. ડોક્ટર અંદર જતા રહ્યા બધાજ ગંગાબાને નિરખી રહ્યાં.

થોડા સમય પછી ડોકટર ફરીથી બહાર આવે છે અને જણાવે છે કે, ભગવાનની કૃપાથી અમે મા અને બાળક બંનેને બચાવી શકયા છે. અને થોડા સમય પછી તમે તે બંનને મળી શકશો, થોડા સમય પછી ડોકટરે મળવાનીપરવાનગી આપી બધા અંદર ગયા, ગંગાબા સૌ પ્રથમ શ્રધ્ધા પાસે દોડી જઇ તેના માથે હાથ ફેરવ્યો ને પછી પોતાના કુળાદિપકને હાથમાં લઇ રમડવા લાગ્યાં. સૌના મુખપર સંતોષ જનક સ્મિત હતું. કરુણાના મુખ પર જે સ્મિત હતું તે અલૌકિક હતું. કરુણાને થયું જાણે આખો ઓરડો પુલકી ઊઠયો !

# The Theater of the Absurd

પ્રા. મીનુ આર. દેસાઈ
અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ

The Theatre of the Absurd has become mach-phrase, much used and much abused. To use the expression "that's absurd' brings with it an automatic negative judgment and feeling that all further discussion is thereby closed. There is no organized movement, no school of artists, who claim the label for themselves. The playwrights concerned seeks to express his own personal vision of the world. Some of the most successful dramatists have been much influenced by the "so-called' theatre of the absurd. It is uncertain who invented the phrase but the kind of phrase it suggests began in France with the strange works of Eugene Ionesco and Samuel Beckett. When their play first appeared on the stage they puzzled and outraged most critics as well as audiences. These plays flout all the standards by which drama has been judged for many centuries. There fore, they must appear as a provocation to people who have come to the theatre expecting to find what they would recognize as a well-made play.

Before the 20th Century the dramatic was eminently logical and rational. It aimed at providing spectators with an authentic picture of their world. But when the fore bearers recognized that the world was in a state of chaos they aimed at constructing meaning out of that chaos, at creating order out of disorder, at giving shape to what is shape. The New 'Theatre of the absurd' overturned twenty five centuries of tradition by rejecting all rules and by facing the chaos head-on.

The absurd dramatist is distinguished by certain attitudes-towards life and towards drama. It views life as meaningless and chaotic. It mixes fantasy and fact, thus projecting a ' nightmarish' images of life. It seems more concerned with subconscious depths than with surface realities. It aims not at explanation, but at present. It breaks dramatic conventions. There fore, terms like comedy, tragedy, character, conflicts do not apply to it. There is no hope but there is futility and utter despair. Hence, there is struggle in the mind. In Shakespeare's plays there is hope. The characters of his plays are great. They struggle and fight till the end of life. While in absurd plays there is no hope. There is futility and utter despair and struggle in the mind.

Absurd means inharmonious, out of harmony with reason and propriety. Absurdity in literature means an aburdity arising out of recognition of, and revolt against the irrationality of man's existence or man's futility for the quest of happiness with the result that ' God is dead.'

Absurd drama presented an utterly pessimistic view of life; of the human situation. It portrays a decayed world, a world apparently devoid of hope or transcendence, but it is a world in which still, all is not yet lost. There is an under current of hope and optimism. There is still the hope for a saviour or redemption.

Absurd drama depict characters in absurd situation-world devoid of god or entirely decayed. There is a glimmer of hope for the man who strives to meet the aburdity of his condition full in the [illegible] instead of submitting to it. Albert Camus in his ' Plague' is at pains to state that any form of

collective suffering, imposed on innocent victims in which children and the old are not spa... also absurd.

"Existence preceeds essence."

It means that man first of all exists, encounters himself, surges up in the world, and de... himself afterwards. Man is nothing else, but that which he makes of himself. However existe... is prior to essence. Man is responsible for what he is. For Sartre, the starting point ... existentialism is Destoeysky's statement that-

' If God did not exist, every thing would be permitted.' There is no determinism. Man is free. We are left without excuse. Man is condemned to be free because he did not create himself. Yet, is nevertheless at liberty, and from the moment he is thrown into this world, he is responsible for everything he does. Abandonment implies that we ourselves decide our being and with this Abandonment goes Anguish.

Although Absurd novels and plays do depict characters in absurd situation in a world apparently devoid of god or entirely decayed, there is glimmer of hope for the man who strives to meet absurdity of his condition full in the face instead of submitting to it. Neither absurd fiction nor absurd plays smacked of or suggests pessimism, nor did they bewail of man's futile pursuit of peace and harmony.

They do not boast of a logically constructed plot, with sequential beginnings, middles and ends. It would be futile to expect these plays to display any subtlety of characters, in fact most of them are, more often than not without recognizable characteristics. The dialogue consist of incoherent blabber and purposeless character. The plays never present a conflict of any type.

The age old highly effective method of the traditional theatre is that, the audience tend to identify themselves with the characters on the stage. The hero, if the central person is to be called by that name in absurd drama, is inferior in power and intelligence to ourselves. We look down on him as he walk along in self-satisfied way on the scene of bondage, frustration, decay and absurdity. He is usually a tramp, a criminal, a decrepit of man or a prisoner who has no will of his own and who comes from the muck heap of humanity.

When Bully Bottom is made to wake up with an ass's head on his shoulders in Midsummers Nights Dream it is part of the comic situation, and Bottoms subsequent actions and utterances always evoke hilarious laughter. An equally ludicrous situation is presented by Franz Kafka in his 'Metamorphosis' -Gregor Samsa awakes one morning form uneasy dreams to find himself transformed into a gigantic insect. This transformation is not part of a comedy, nor is it meant to evoke mirthful laughter. It points to the degradation, isolation, alienation, of the fallen state of man. Similarly, when the entire population of a town is turned into a heard of ragging, trumpeting rhinoceroses in Ionesco's play ' Rineceroses', we are shown the helpless, degraded condition of man who follows the mob in a world devoid of values, hope and a transcendental being. The post metamorphoses actions of Geregor and Berenger's puzzle in the face of the transformation of the town, far from evoking laughter in us, represents a situation wherein absurdity of the human condition is sought to be brought home.

Again when K of Kafka's "Castle" goes to a village and spends his days in endless and apparently futile quest, it is indicative of the helplessness of man in a decayed world where man's existence seems to have no more meaning or purpose.

Albert Camus in his 'Outsider' depicts how hero leads a passive, sordid life absolutely unconcerned about the going on in the world until he is "stabbed into awakening", when he comes face to face with death and how he welcomes death as an end to abusrdity that he is facing. But in ' The Plague' he depicts the real answer to the absurd through the charcter of Dr. Rieux who not only faces the absurd drama express this conviction. Samuel Beckett's ' Waiting for Godot' although portraying a decayed world, devoid of hope or faith gives out the hope that all is not lost. The two tramps are willing to wait indefinitely for the arrival of Godot (wherever this mysterious, enigmatic characters may be) in the hope that his arrival might mean a warmer bed and a better life for them.

'Endgame' ends with a sign of hope and regeneration in the arrival of the child looking at his navel.

To sum up therefore, this study aims to show that despite the apparent absurdity that these works prominently display and depict, they are not entirely manifestoes of pessimism. In other words beneath the surface of pessimism, helplessness, degradation and decay, there lies a deep layer of hope and perhaps transcendence.

પવનનો એકસ-રે લઈ શકાતો નથી.
શમણાંની તસ્વીર ખેંચી શકાતી નથી.
મૌંનને ટેઈપરેકાર્ડર પર ઝીલી શકાતું નથી.
મહાસાગર પર કરોડો વર્ષોથી હિલોળા લેતી
અનંત સાગર રાશિનો કાર્ડિયોગ્રામ ન લઈ શકાય.
લાગણીઓને કોમ્પ્યુટર સાથે શી લેવાદેવા ?

## 'એક ડાળ મીઠી' માં સામાજિક ચેતના :

પ્રા. રમીલાબેન ...
ગુજરાતી વિ...

ભારત, ભારતીય અને ભારતીયતાની ભાવના જેમાં અંકિત છે એ સાહિત્ય એટલે ભારતીય સાહિત્ય. ભા... બહુભાષી અને બહુપ્રાંતીય. દેશમાં લખાતા સાહિત્યમાં અનેક વિભિન્નતાઓ હોવા છતાં એમાં કોઇ એવી સાં... એકતા અને સમાનતા રહેલી છે, જે એને વિશિષ્ટતા પ્રદાન કરે છે. વિશ્વના અન્ય સાહિત્યોની વચ્ચે એને એક ન... ઓળખાણ અને સન્માન આપે છે. ભારતીય પ્રજા પાસે સહસ્ત્રો વર્ષોની સાંસ્કૃતિક સભ્યતાની વિરાસત છે. આ પ્ર... પ્રજાની ચેતનામાં જન્મ-પુનર્જન્મ, પ્રારબ્ધ-કર્મફળ, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, ઇશ્વર-દેશકાલ વગેરે વિષયોમાં ઘણાં બધાં વિશિષ્ટ વિચારો ઓતપ્રોત થઇ ગયા છે. જેના દ્વારા એની જીવનદષ્ટિ, જીવનશૈલી અને ચરિત્રનો પરિચય મળે છે. ભારતીય પ્રજાની જીવનદષ્ટિમાં તપ, ત્યાગ, દાન અને સંયમનો મહિમા છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્નો આદર્શ છે. જાત-પાત, કુળ-ગોત્ર, વંશ-કુટુંબ, શીલ-સદાચાર, સોળ સંસ્કાર જેવી અનેક પરંપરાયુક્ત જીવનશૈલી ભારતીય પ્રજાએ અપનાવી છે. એણે હંમેશા નર-નારીના પ્રેમ સંબંધની અભિવંદના કરી છે, મનુષ્યમાં રહેલી માનવતામાં આસ્થા રાખી છે. મુક્તિની કામના કરી છે. પ્રેમભાવ, ભક્તિભાવ અને મોક્ષભાવને સ્થાયી માન્યા છે. તેથી જ આ ભાવોને અનુરૂપ સંવેદનાઓ એની મુખ્ય સંવેદનાઓ છે. ભારતીય સમાજમાં ગૃહ અને પ્રેમના કેન્દ્રમાં નારી છે. ભારતીય સ્ત્રીત્વમાં આંતરિક સૌંદર્ય, શારીરિક સમાર્થ્ય તથા તપ અને ત્યાગવૃત્તિના તત્ત્વો મુખ્યતો છે.

ભારતીય સમાજે ટકી રહેવા માટે જે કેટલીક વ્યવસ્થાઓ ઊભી કરી છે, એમાંથી એની સમસ્યાઓ ઉત્પન્ન થઇ છે. સામાજિક રૂઢિબંધનોને કારણે મૂંઝાતા મૂરઝાતા અનેક યુવાહૃદયની સમસ્યાઓ ભારતની તમામ ભાષાઓના સાહિત્યમાં નિરુપાયેલી જોવા મળે છે. ભારતીય સમાજમાં જન્મથી મૃત્યુ સુધી વિવિધ અવસ્થામાં સ્ત્રીએ અન્યાય, અપમાન, સિતમ અને શોષણનો ભોગ બનવું પડે છે. દહેજ, તિરસ્કાર, છેડતી, બળાત્કાર વગેરે સમસ્યાઓ એણે સહન કરવી પડે છે. આ તમામ યાતનામાં સ્ત્રીએ જ ધીરજ અપનાવીને ટકી રહેવા મથામણ કરવી પડે છે. આ બધીજ સમસ્યાઓનું કરુણ ચિત્રણ ભારતીય સાહિત્યની કૃતિઓમાં થયેલુ જોઇ શકાય છે. જે સાહિત્યમાં આવી સંવેદનાઓ અને સમસ્યાઓનું નિરૂપણ થયુ હોય, જેના આસ્વાદથી વાચક અને ભાવકને આત્મીયતાનો અનુભવ થાય એવા સાહિત્યને ભારતીય સાહિત્ય તરીકે ઓળખી શકાય.

ગુજરાતી કથા સાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર શ્રી ધીરૂબેન પટેલ પાસેથી 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ' અને 'વાવંટોળ' જેવી પ્રસિધ્ધ નવલકથાઓ મળી છે. તેમણે સર્જક તરીકે વિશેષ સિધ્ધિ લઘુનવલના સ્વરૂપમાં પ્રાપ્ત કરી છે. નવલકથા, લઘુનવલ ઉપરાંત એમની પાસેથી ટૂંકીવાર્તા, એકાંકી અને રેડિયો નાટક પણ મળ્યા છે. એમની નવલકથાની વિશેષતા એ છે કે આપણી આસપાસની સૃષ્ટિમાંથી તેઓ સૂઝપૂર્વક કથાવિષયો મેળવી શકે છે. વળી એ વિષયો મનુષ્યના અસ્તિત્વ સાથે મૂળભૂત રીતે સંકળાયેલા દાર્શનિક વિષયો હોય છે. એક ભારતીય સર્જકના હાથે ભારતીય સમાજની સંવેદના અને સમસ્યા યથાતથ રીતે નવલકથામાં નિરૂપાય છે.

ઇ.સ. ૧૯૯૨માં પ્રગટ થયેલી ધીરૂબેન પટેલની નવલકથા 'એક ડાળ મીઠી'માં ભારતીય સંસ્કૃતિની વિશેષતાની સાથે ભારતીય સમાજની સમસ્યા સુપેરે વ્યક્ત થઇ છે.

આ કૃતિનું કથાવસ્તુ સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે. આ નવલકથા એક નારીના જીવનની વ્યથા કથા બની રહે છે. અનાથ સવિતાનો કાકા-કાકી દ્વારા ઉચ્ચ સંસ્કાર સિંચન સાથે થતો પ્રમાળ ઉછેર, નરેન્દ્ર સાથે તેના પ્રેમલગ્ન, પ્રેમલગ્નમાં પણ માગવામાં આવતું અને આપવામાં આવતું દહેજનું દૂષણ, નાયક નાયિકાના દાંપત્યજીવનની મધુરતામાં કડવાશરૂપ બને છે. પ્રેમાળ પતિ પણ માતા-પિતાની પ્રસંગોપાત જાગી ઊઠતી દહેજલાલસાને રોકી શકતો નથી. એ બાબત નાયિકાના સ્વમાનને સૌથી વધુ ઘાયલ કરે છે. એમાંથી જ દાંપત્ય સંઘર્ષ - કૌટુંબિક સંઘર્ષ ઊભો થાય છે. નાયક-નાયિકા જુદા પડે છે.

અંતે કુરૂઢિ સામે નાયક બંડ પોકારે છે. ગેરસમજ દૂર થતા નાયક-નાયિકાના મધુર દાંપત્યના એંધાણ આપી કૃતિ સુખદ અંતને પામે છે.

''આખું તે વન ના માગું મા' દેવજી!
આપો ને એક ડાળ મીઠી!'' (પૃ. ૧૯)

નવલકથામાં આલેખાયેલ પ્રસ્તુત પંક્તિ કૃતિના શીર્ષકને ઉદ્ઘાટિત કરી આપે છે. વનમાં સમાજનું પ્રતિબિંબ અને એક ડાળ મીઠી દ્વારા દરેક માનવની આંતરિક અપેક્ષા પ્રતિબિંબિત થાય છે. કૃતિના આ શીર્ષકે જ મને એના અભ્યાસ તરફ આકર્ષિત કરી.

કુટુંબ અને સમાજના કેન્દ્રમાં હંમેશા સ્ત્રી જ રહી છે. સ્ત્રી-પુરૂષના પ્રેમ સંબંધની અભિવંદના તથા તેમા રહેલી આસ્થા ભારતીય સંસ્કૃતિનું પ્રાણભૂત તત્ત્વ છે. સંસારની યોજનામાં સ્ત્રી મમતાભરી અને દયામયી છે. જગતના સર્વે અનિષ્ટ અને અમંગલ પર એના પ્રેમ અને ત્યાગ થકી એને હંમેશાં વિજય મળે છે. ભારતીય સ્ત્રીત્વમાં આંતરિક સૌંદર્ય અને શારીરિક સામર્થ્ય સમાંતર રહ્યા છે. આ બધું હોવા છતાં ભારતીય સમાજમાં એક નારીનું જીવન કેટલું સંઘર્ષપૂર્ણ બની રહે છે, તે પ્રસ્તુત નવલકથાની નાયિકા સવિતાના પાત્રના આલેખનમાં હૃદયસ્પર્શી રીતે લેખિકાએ દર્શાવ્યું છે. આ કૃતિમાં ભારતની કૃષિસંસ્કૃતિનો મહિમા છે, સંયુક્ત કુટુંબની ઉચ્ચભાવના છે, આતિથ્યની ભાવના છે, પાડોશીધર્મની ભાવના છે, પ્રારબ્ધવાદ છે, તો વળી લોકજીવન અને લોકસંસ્કૃતિની ઝલક છે, તો સાથે સાથે ભારતીય કુટુંબજીવનની રૂઢિ કુરૂઢિઓ અને અનેક પ્રકારની સમસ્યાને પણ અહીં લેખિકાએ સુભગ રીતે વ્યક્ત કરી છે.

પ્રસ્તુત નવલકથાનો આરંભ જ ગ્રામજીવનની સાદગી, સરળતા તેમજ સમૃધ્ધિથી થાય છે. ભારતીય કૃષિ સંસ્કૃતિનું પ્રાધાન્ય નવલકથામાં ખાસ્સું દેખાય છે. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ટ ચાકરી' (પૃ. ૧૦૨) માં માનતા ખેડૂતોની ખેતી પ્રત્યેની લગન તથા પ્રેમ કૃતિમાં સ્પષ્ટપણે દેખાય છે. પીપળો તથા તુલસી જેવા વૃક્ષોનું પૂજન, વિવિધ ધાર્મિક માન્યતાઓ, વ્રત, તપ, જપ જેવી માન્યતાઓ તથા પ્રભાતિયાં અને ગરબા જેવી લોકસંસ્કૃતિની ઝલકના આલેખન દ્વારા લોકજીવનને ઉજાગર કર્યું છે. અહીં ગામડાના ભલાભોળા લોકોના જીવનને દર્શાવી ગુજરાતના ચરોતર પ્રદેશના ગામડાના જીવનની સમૃધ્ધિને વ્યક્ત કરી છે.

પ્રસ્તુત નવલકથા ઇ. સ. ૧૯૯૨માં પ્રગટ થઇ. એ સમયે શહેર ગામડામાં પ્રવેશી ચૂક્યું હતું. આધુનિક જીવન, પશ્ચિમનો રંગ અને ટેક્નોલોજીની સુવિધા બધુંજ લગભગ સર્વવ્યાપી હતું. એ સમયે ધીરૂબેને આ કૃતિ દ્વારા સંયુક્ત કુટુંબની ઉચ્ચભાવનાના દર્શન કરાવ્યા છે, જે ભારતીય સમાજ જીવન કે કુટુંબજીવનમાં લેખિકાના વિશ્વાસને વ્યક્ત કરે છે. આ જ ભાવના પ્રથમ વખત ગુજરાતી નવલકથામાં ગોવર્ધનરામ ત્રિપાઠીની સુપ્રસિધ્ધ નવલકથા 'સરસ્વતીચંદ્ર' દ્વારા વ્યક્ત થઇ છે. પ્રસ્તુત કૃતિમાં બાળપણમાં જ માતા-પિતાને ગુમાવી ચૂકેલી નવલકથાની નાયિકા સવિતાનો તથા તેના નાનાભાઇ મોહનનો કાકા-કાકી ના હાથે સદ્ સંસ્કાર દ્વારા ઉછેર થાય છે. પહોંચ ન હોવા છતાં સવિતાના લગ્ન માટે કુટુંબની આધારશીલા સમા ખેતરો અને વાડીનું વિશાળ હૃદયે બલિદાન અપાય છે. નાયિકાના કાકા-કાકીની ફરજપરસ્તી તેમજ મૃત મોટા ભાઇના સંતાનો પ્રત્યે પોતાના જ સંતાનો જેવા પ્રેમભાવની ભાવના વ્યક્ત થઇ છે, જે માત્ર ભારતીય સમાજમાં જ સંભવે. ભારતીય સંસ્કૃતિમાં તપ, ત્યાગ અને દાનનો મહિમા છે. આ ભાવનાને પણ લેખિકાએ પ્રસ્તુત કૃતિમાં સુપેરે વ્યક્ત કરી છે. બીજી તરફ સંયુક્ત કુટુંબમાં વડીલોની જોહુકમી સામે ઝૂકી જતાં નાનેરાઓ ક્યારેક અન્યાયનો ભોગ બનતા હોય છે. પૈસાની લાલસામાં દીકરાની જિંદગીને બરબાદ કરનાર માતા-પિતાનું આલેખન કરી સવિતાના પતિ નરેન્દ્રના કચડાતા દાંપત્યજીવનને સર્જકે દર્શાવ્યું છે. અહીં સંયુક્ત કુટુંબના લાભાલાભની વાત તટસ્થતાથી કરી છે.

લેખિકા ભારતીય કુટુંબ અને સમાજજીવનને વ્યક્ત કરતા, કુટુંબવ્યવસ્થાને ભાંગી નાંખતા દહેજના દૂષણને ન ... જ નવાઇ ! પૂર્વકાળમાં સ્ત્રીધન તરીકે દીકરીને માતા-પિતા તરફથી અપાતું ધન સમય વીતતાં પૈઠણ કે દહેજ બની ... જે આ સારી પરંપરાને દૂષણ સ્વરૂપે કલંકિત કરી અનેક કોડભરી કન્યાઓના અરમાનો આ પ્રથાએ કચડી નાંખ્યા

પ્રસ્તુત કૃતિમાં નાયિકાના લગ્નમાં સાસરિયા દ્વારા પૈઠણ માંગવાનો રિવાજ દર્શાવ્યો છે. પચાસતોલા સોનું અને પચાસહજાર રોકડા માંગતા ચરોતર પટેલ સમાજનો 'વટ' સુપેરે વ્યક્ત થયો છે. નાયિકા સવિતા દીકરીને જન્મ આપે છે, ત્યાર બાદ પણ દીકરીની સાથે ૨૫ તોલા સોનું જિયાણામાં લઇને જ સાસરે આવે તોજ તેનો માનપૂર્વક સ્વીકાર થાય. આ બાબત પણભારતીય સમાજમાં રીત-રિવાજને નામે ચાલતી 'લૂંટ પ્રથા' ને વ્યક્ત કરે છે, એમ કહીએ તો ચાલે. દીકરીના સાસરિયાની દહેજલાલસાને પહોંચી વળવા કુટુંબની વહુનું કરિયાવર દીકરીને આપી રિવાજ નિભાવતા કુટુંબનું દર્શન અહીં થાય છે. આ ઉપરાંત દહેજની માંગ સંપૂર્ણરીતે ન સંતોષાય તો જાન લીલાતોરણે પાછી વળે અને દીકરીના પિતાની હાલત સમાજમાં કફોડી બને, એવી ઘટનાના પ્રભાવને અહીં ગૌણપાત્રોના આલેખનમાં ઝીલી લેવાયો છે. દહેજપ્રથા દ્વારા સમાજના અનેક કુટુંબો જે રીતે પાયમાલ થાય તે સર્જકે અહીં જુદા જુદા પ્રસંગો દ્વારા બહું તીવ્રરીતે દર્શાવ્યું છે. આ રીતે લેખિકાએ પોતાના જ સમાજનું પ્રતિબિંબ નવલકથામાં ઝીલી બતાવ્યું છે.

ભારતમાં ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને 'દેવી સ્વરૂપા', 'શક્તિ સ્વરૂપા' કે 'લક્ષ્મી સ્વરૂપા' માનવામાં આવે છે. વળી જ્યાં સ્ત્રીનું સન્માન થાય છે ત્યાં દેવોનો વાસ છે. એવું કહેવાય છે. પરંતુ પ્રશ્ન એ છે કે વાસ્તવિક રીતે સમાજમાં આ બધું દેખાય છે ખરું ? પ્રસ્તુત કૃતિમાં નાયિકા સવિતાની સાસરિયામાં થતી અવહેલના, સાસુ-સસરા દ્વારા નાની નાની બાબતોમાં થતાં મ્હેણાં ટોણાં, વહુના વર્ષભરના કપડાં વગેરેની સંપૂર્ણ જવાબદારી પિયરિયાંની હોય, એવી દઢ માન્યતા ધરાવતા કુટુંબીજનો, દીકરીને જન્મ આપતી વહુની થતી ઉપેક્ષા તથા દીકરીના જન્મને 'પથરો આપ્યો' એવી પથરો ફેંકાતો હોય તેવી વાચકને ઘાયલ કરી જતી માન્યતા, આ બધું હજુ આજે પણ સમાજમાં જોવા મળે છે. સમાજના આ પ્રભાવને - દૂષણને લેખિકાએ કુશળતાથી દર્શાવ્યું છે.

નવલકથાની નાયિકા સવિતાના પિયરગૃહના પડોશી મંગળભાઇના પાત્ર દ્વારા સવિતાની લેવાતી કાળજી અને સુખી કરવા બજાવાતો ઉત્તમ પડોશીધર્મ, 'અતિથિ-દેવો ભવ' ની વ્યક્ત થતી ભારતીય ભાવના, મણીકાકી, હેતાબા, આનંદી તથા જ્યોતિ જેવા ગૌણ નારીપાત્રોમાં વ્યક્ત થતી સહનશીલતા, ત્યાગ, સમપર્ણ અને બલિદાનની ભાવના, કુટુંબજીવનને દાંપત્યજીવનને ટકાવી રાખવાની મથામણ તથા પ્રારબ્ધવાદી વિચારસણી વગેરે બાબતો પણ ભારતીય સમાજને વ્યક્ત કરે છે. આ નવલકથામાં સમાજની વાસ્તવિકતાનું યથાતથ આલેખન થયું છે. અતિશયોક્તિ ક્યાંયે દેખાતી નથી. સમાજ જેવો છે તેવો સારા-નરસા બંને પાસાં દ્વારા તટસ્થ રીતે વ્યક્ત થયો છે. લેખિકા પોતે મહિલા હોવા છતાં સ્ત્રીની બંડખોરવૃત્તિ કે પુરૂષવિરોધી સૂર પ્રગટ કર્યા વિના અહીં આલેખન થયું છે. ક્ષમા એ ભારતીય નારીનું ઘરેણું છે. આ ઉચ્ચભાવના નાયિકાના પાત્ર દ્વારા વ્યક્ત થઇ છે. આવીજ ભારતીયતાની ભાવના ધીરૂબેનની અન્ય નવલકથાઓમાં પણ જોવા મળે છે. ઇ. સ. ૨૦૦૦ ની સાલમાં લખાયેલ 'અતીતરાગ' નવલકથાની નાયિકા વેણૂ પણ સવિતાના કુળની જ નારી છે. જોકે તેની સંવેદના અને સમસ્યા અલગ છે. છતાં તેનામાં પણ શહનશીલતા, ત્યાગ અને બલિદાનની ઉચ્ચભાવના પ્રગટ થઇ છે.

પ્રસ્તુતકૃતિના દરેક પાત્રો ભારતીયતાનું જીવંત પ્રતીક છે. નાયિકા સવિતા તેના પતિ નરેન્દ્રના જ શબ્દોમાં કહીએ તો 'કેટલી નિર્મળ અને પવિત્ર છે, જાણે માનવમહેરામણનું મોતી'! ગુણાનુરાગી નરેન્દ્ર જેના ભણતર અને ધનને કારણે તેને એક એકથી ચડિયાતી કન્યાઓ સાંપડે તેમ હતી, છતાં તે એક ગ્રામકન્યા પ્રત્યે, તેના ગુણો પ્રત્યે આકર્ષાય છે. પતિ-પત્ની પરસ્પર એકબીજાનો સહારો બની શકે એવી ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત અને ઉજ્જવલ પરંપરાનું પાલન કરતા નરેન્દ્ર અને સવિતા સહેજે મનને હરી લે છે. સૌભાગ્યનું ગર્વ અનુભવતી નાયિકા સવિતા પોતાના પતિમાં રહેલી નબળાઇથી અજાણ છે. નરેન્દ્ર માત્ર નવી પેઢીની વિચારધારા દ્વારા આક્રોશનું વહન કરતો જે દેખાય છે. પરંતુ એના વ્યવહારમાં કયાંયે ક્રાંતદર્શી પગલું જણાતું નથી. પરિણામે સામાજિક કુરિવાજનો દંડ ભોગવતી માતા સવિતાને પોતાના પ્રિયપાત્રથી અલગ રહેવા માટે મજબૂર થવું પડે છે. દીકરીના અને પોતાના જીવન પાલન માટે નોકરીનો સ્વીકાર કરે છે. સ્વમાની સવિતાનું આ પગલું સમાજને માટે

એક નવું દિશા ચિહ્‌ન સમું બની રહે છે. આત્મગૌરવના ભોગે કયારે પણ ખોટા રિવાજોને પ્રોત્સાહિત કરી જીવનનું બલિદાન આપવાને બદલે એક નવી કેડી પાડવાની કોઈકે તો તૈયારી કરવી જ પડે. અંતે પતિ નરેન્દ્રને પણ સમજાય છે કે કુરિવાજોથી દાંપત્યજીવન નંદવાય છે. એક બાળક પિતાના પ્રેમથી વંચિત રહી જાય છે અને પુન : એ સવિતા સાથે પોતાનું નવું દાંપત્યજીવન શરૂ કરે છે, ફરી પાછી લીમડાની એક ડાળ મીઠી થાય છે. લખિકા ધીરૂબેનની પણ એજ અપેક્ષા છે કે દરેક સમાજની દરેક સ્ત્રીને એક મીઠી ડાળ તો મળે ! આ નવલકથામાં ભારતીય મંગલમયતાની ભાવના, ભારતીય ચિંતન, મૂલ્ય અને આદર્શ છે. અહીં યથાર્થ બોધ, સૌંદર્યબોધ અને મૂલ્યોનો બોધ પણ છે. ભારતીય સમાજના સનાતન મૂલ્યોની રક્ષા અને તેની પ્રતિષ્ઠા માટે જો મંથન કરીને કોઈ નવો રાહ સ્વીકારાય તો એમાં ભારતીય સંસ્કૃતિની જ પ્રતિષ્ઠા છે.

સંદર્ભગ્રંથ : 'એક ડાળ મીઠી' – ધીરૂબેન પટેલ
પ્રથમ આવૃત્તિ – ૧૯૯૨



## પ્રાર્થના ભાષ્ય

- ડૉ. અભિધા જે. આદેશરા

અંગ્રેજી વિભાગ

રવીન્દ્રનાથ ટાગોરનું કાવ્ય ''Where the mind is without fear...'' ગીતાંજલિમાંથી લેવામાંઆવ્યું છે. મૂળ બંગાળી ભાષામાં લખાયેલા કાવ્યોનો અંગ્રેજી અનુવાદ ખુદ રવીન્દ્રનાથે કર્યો છે. ભારતીય કવિઓમાં પહેલવહેલુ નોબલે પ્રાઇઝ ટાગોરને ''ગીતાંજલિ'' માટે મળ્યું છે. આ કાવ્યની પ્રથમ પંક્તિ કોલેજના motto તરીકે સ્વીકારી છે. અંગ્રેજી કાવ્યમાંથી ગુજરાતીમાં ભાવાનુવાદ અમારી કોલેજના આચાર્યશ્રી ડૉ. ભરતરાજ નીલાએ કર્યો છે. જેને અમારી કોલેજ પ્રાર્થના તરીકે સ્વીકારવામાં આવી છે. પ્રાર્થનાના શબ્દો આ પ્રમાણે છે.

''ચિત્ત જ્યાં ભયશૂન્ય છે.........
.................................
............ એ જ પ્રાર્થું હર ઘડી''.

પ્રસ્તુત પ્રાર્થનાનો મધ્યવર્તી વિચાર મુક્તિની ઝંખના - રાષ્ટ્રને મુક્તિ કેરા સ્વર્ગમાં લઇ જવાની ઝંખના છે. પણ મુક્તિ એટલે શું ? શાનાથી મુક્ત થવાનું ? 'મુક્તિ' શબ્દની અનેક અર્થછાયાઓ છે. શરૂઆતની પંક્તિમાંજ દર્શાવ્યા પ્રમાણે મુક્ત બનવા તરફનું પ્રથમ સોપાન છે ભયથી મુક્તિ મેળવવી. વ્યક્તિ ભયની લાગણીથી મુક્ત હોવી જોઇએ. ભગવદ્ગીતાના ૧૬ મા મધ્યમાં 'અભય' ને દૈવી સંપદા ગણાવી છે. સામાન્ય રીતે આપણા મનમાં કોઇ ને કોઇ પ્રકારનો ભય સતત રહેતો હોય છે, અને કદાચ એટલે જ આપણે વર્તમાનમાં જીવવાનું ચૂકી જઇએ છીએ. નાનું બાળક સુખી છે, આનંદમાં છે કારણ એ હંમેશા વર્તમાનમાં જીવે છે - ભૂતકાળ કે ભવિષ્યમાં નહીં - અને તેથી જ એ વર્તમાનને માણી શકે છે. આપણે વર્તમાન ચૂકી જઇએ છીએ કારણ અનાગતનો ભય આપણને હંમેશા સતાવતો હોય છે. અહીં હરીન્દ્ર દવેની પંક્તિઓ યાદ આવે છે.

''પ્રેમ પણ જીવનની માફક પાત્ર હેઠળના
દીવા જોવા છે : એ પાત્ર હેઠળ જે કંઇ
છે તે અનાગત છે : પાત્ર ઉંચકો તો
દીવો રાણો થયો છે કે હજી ટમટમે છે
એનો ખ્યાલ આવે પણ આપણે
અનાગતના ભયથી એ પાત્રને -
ઊંચકતા ડરીએ છીએ -
અને જીવીએ છીએ - પ્રેમ કરીએ છીએ - ''

આ ભયની લાગણીને કારણે આપણે કોઇપણ પ્રકારના પડકાર કે મુશ્કેલીનો સામનો ઉન્નત મસ્તકે કરી શકતા નથી. કવિ કહે છે એમ પણ કહી શકાય કે મસ્તક ઉન્નત રાખવા માટે આત્મગૌરવ અને પોતાની જાતમાં વિશ્વાસ પણ એટલા જ આવશ્યક છે.

મુક્તિ તરફનું સોપાન છે - જ્ઞાન

''નિર્બંધ અભિનવ જ્ઞાનની ગંગા સતત કલકલ વહે''. 'જ્ઞાનની સાથે નિર્બંધ' અને 'અભિનવ' એમ બે વિશેષણો જોડાયેલા છે. આજની પરિસ્થિતિમાં આ વાતનો વિચાર કરીએ તો થોડી વિચિત્ર લાગશે કારણ અત્યારે જે શિક્ષણ મળે છે તે મુક્ત નથી અને મુક્ત રીતે મળતું પણ નથી. શિક્ષણની સમગ્ર સિસ્ટમ અનેક પ્રકારના ભય, બંધનો, આદર્શો, ધર્મ, સંપ્રદાય, રાષ્ટ્રીયતા વગેરેમાં જકડાયેલી જોવા મળે છે. જ્ઞાન પ્રદાન કરવાની પદ્ધતિ પણ જડ, પરંપરાગત અને મુક્તિને રુંધી નાંખનારી છે. ઉદાહરણ લઇએ તો - ગમતો વિષયભણવા માટે પસંદ કર્યો હોય પણ ભણાવવામાં આવે છે જે

અભ્યાસક્રમમાં હોય તે જ. અંગ્રેજી સાહિત્ય ગમે છે. Keats અને Wordsworth ને માણવા છે પરંતુ અભ્યાસક્રમમાં T.S. Eliot છે માટે તે જ ભણવાનું !! મારે શું ભણવું તે પસંદ કરવાની સ્વતંત્રતા મને નથી. શિક્ષક અને વિદ્યાર્થી બંને અનેક પ્રકારના બંધનોમાં જકડાયેલા છે. નિર્બંધ જ્ઞાનની પરિકલ્પના સમજ્યા વિના આજનું શિક્ષણ જડ બની ગયેલું જોવા મળે છે. જે પોતે જ બંધનમાં છે તે મુક્તિ કેવી રીતે આપી શકે ? सा विद्या या विमुक्तये-''મુક્તિ આપે તે વિદ્યા'' પરંતુ વિદ્યા પોતે જ બંદી બની જાય ત્યારે ? આજની પરિસ્થિતિ આ છે. પ્રસ્તુત કાવ્યમાં કવિ જ્ઞાન નિર્બંધ અને અભિનવ હોય તે આદર્શ પરિસ્થિતિ કલ્પના કરી તેને માટે પ્રાર્થે છે કારણ નિર્બંધ જ્ઞાનની સાથે મુક્તિ આપો આપ આવતી હોય છે.

''વિશ્વ વહેંચાયું ન હો ટુકડાઓમાં જૂથબંધીના'' આજની દુનિયા નાના નાના ક્ષુલ્લક ભાગોમાં વહેંચાયેલી જોવા મળે છે. ધર્મ, જાતિ, રાષ્ટ્ર, પૂર્વ-પશ્ચિમ, શ્વેત-શ્યામ, શ્રીમંત-ગરીબ, સુસંસ્કૃત પ્રગતિશીલ અને પછાત અભણ એવા અનેક પ્રકારના ક્ષુલ્લક ટુકડાઓમાં વહેંચાયેલી દુનિયા એ આપણા સૌનો અનુભવ છે. અહીં કવિ સમગ્ર (રાષ્ટ્ર) ખંડિત કે વિભાજિત ન હોય તેને માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે.

''સત્યના ઊંડાણમાંથી શબ્દ ખુદ પ્રગટે છે જ્યાં''. આજે પરિસ્થિતિ એવી છે કે બોલે તેના બોર વેચાય. પોકળ શબ્દો, સૂત્રો, ખોટી બાંહધેરીઓ, જાહેરાતોનો જમાનો છે. દરેક ક્ષેત્રમાં અનેક પ્રકારના વક્તાઓ પોતાની પ્રોડકટનો પ્રચાર કરતા જોવા મળે છે. સાચો શબ્દ એ સત્ય આધારિત ધ્વનિ છે. જે શબ્દો સત્ય પર આધારિત હોય છે એમાં એક પ્રકારની શક્તિ, effect અને અર્થગંભીરતા સમાયેલી હોય છે. આવા શબ્દો હૃદયના ઊંડાણમાંથી, અનુભવમાંથી અને સત્યમાંથી જ પ્રગટતા હોય છે, અને એટલે જ એમાં પ્રચંડ શક્તિ રહેલી હોય છે. સામાન્ય રીતે એવું ઘણી વખત બને છે કે શબ્દો બોલાયા પછી ચોખવટ કરવી પડે છે કે મારો કહેવાનો મતલબ આમ હતો - ટૂંકમાં ગેરસમજ થઈ હોય તો માફી માંગવી પડે છે. ઘણી વખત 'હું ખરેખર સાચું કહું છું', 'તારા સમ' વગેરે શબ્દો વાપરીએ છીએ તે સામેની વ્યક્તિને Convince કરવા નહીં પણ આપણે પોતે પોતાની જાતને ઠસાવવા માંગતા હોઈએ છીએ કે આમ જ છે. આવા શબ્દો તદ્દન બિનઅસરકારક હોય છે. સત્ય પર આધારિત શબ્દ કયારેય માફી માંગતો નથી. એ એની આસપાસના વાતાવરણને પ્રભાવિત કરે છે. સત્યમાંથી જે શબ્દ પ્રગટે છે તેના આંદોલનો, તરંગો દ્વારા જ જીંદગીનો સાચો અર્થ સમજાતો હોય છે. મુક્તિ કેરા સ્વર્ગમાં શબ્દ સત્યના ઊંડાણમાંથી ખુદ પ્રગટે છે. અહીં 'ખુદ' શબ્દ પણ એટલો જ અગત્યનો છે. શબ્દ બોલવા માટે પ્રયત્ન કરવો નથી પડતો તે આપોઆપ પ્રગટતો હોય છે.

ટાગોર આગળ વર્ણવતા લખે છે. ''સંપૂર્ણતા પ્રત્યે પ્રસારે બાહુ જ્યાં યત્નો અથાક્''- એવી જીંદગી કે જ્યાં જીવંતતા અને ઉત્સાહ છે. યૌવન છે. થનગનાટ છે. યુવાન હોવું એટલે તાણ વગરના, થાક વગરના, કંટાળા વગરના હોવું. યુવાની હંમેશા કાર્યશીલ હોય છે. જે યુવાની હકારાત્મક છે, સારું કરવા સક્રિય બનેલી છે તે અભય છે અને બંધનોથી મુક્ત છે. એ વીજળીના જીવંત તાર સમાન છે જે અન્યમાં પ્રાણ પૂરવાની શક્તિ ધરાવે છે. યુવાનની ગતિ હંમેશા સંપૂર્ણતા તરફનીજ હોય છે. શ્રેષ્ઠથી ઓછું ખપતું નથી. વિભાજિત, તૂટેલું કે અપૂર્ણ એને કદી સ્વીકાર્ય નથી. આ પ્રકારની માનસિક સ્થિતિ આ પંક્તિ દ્વારા અભિવ્યક્ત થઈ છે.

''સ્વચ્છ ઝરણું પ્રજ્ઞા કેરું માર્ગ પણ ભૂલે ન કયાંક'' કલ્પના, વિચાર અને તાર્કિક રજૂઆત એ મનનું અગત્યનું કાર્ય છે. આ ત્રણે બાબત એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. બુદ્ધિ એ doubt (શંકા) ની શક્તિ છે અને બુદ્ધિ દ્વારા જ શંકા ઓગળી નાંખી શકાય છે. એ બંને તરફ કાર્ય કરે છે. પરંતુ સામાન્ય રીતે એવું બને છે કે આપણો આ reasoning power આપણી આદતોથી પ્રતિકૂળ રીતે પ્રભાવિત થાય છે. ટાગોર એને ''તુચ્છ આચારો તણી સુક્કી ભઠ રણરેત'' દ્વારા વર્ણવે છે. આપણી મોટાભાગની પ્રવૃત્તિઓ વિચાર્યા વિના, આપણે શું કરી રહ્યા છીએ એની સભાનતા વિના, આદતવશ થતી હોય છે. તે જ પ્રમાણે જીંદગી પણ આદતવશ જીવાતી જાય છે. આવી આદતવશ જીવાતી જતી જીંદગી surface level પર જ રહી જાય છે. ક્યારેક ભૂતકાળમાં તો ક્યારેય ભવિષ્યમાં જીવાતું જાય છે, વર્તમાન ચૂકી જવાય છે. જો સભાનપણે જીવતા આવડે તો દરેક ક્રિયા ધ્યાનની કક્ષાએ પહોંચી જાય છે. ઝેન સંપ્રદાયમાં તો ચા બનાવીને પીવા જેવી ક્ષુલ્લક, તદ્દન સામાન્ય ગણાતી

ક્રિયાને પણ ધ્યાનની કક્ષાએ મૂકી છે. ટાગોર આદતવશ જીવાતી જીંદગીને સ્વીકારતા નથી. સાથે સાથે પરંપરા અને રૂઢિઓના બંધનથી મુક્ત એવા reasoning power માટે પ્રાર્થના કરે છે.

અંતિમ ચરણ તરફ જતાં ટાગોર પરમાત્માને ચિત્તના સારથિ બનવા માટે પ્રાર્થે છે. આપણું ચિત્ત almighty ની supreme power ની ઈચ્છા પ્રમાણે દોરાતું હોય એવી આદર્શ સ્થિતિની કલ્પના કરે છે. જે ચિત્તના સારથિ પરમાત્મા હોય તે સ્વભાવિક રીતે જ ભયશૂન્ય હોય અને ઉન્નત હોય છે. તેનો શબ્દ સત્યના ઊંડાણમાંથી પ્રગટતો હોય છે, તેની ગતિ સંપૂર્ણતા તરફની હોય છે અને તેનું જીવન રૂઢિ, પરંપરામાં બંધાઈને જીવાતા જીવન કરતા અલગ હોય છે. આ પ્રકારની મુક્તિની પરિસ્થિતિને heavenly કહે છે, ફિલોસોફીમાં જેને absolute freedom કહે છે. રાષ્ટ્રને આવા મુક્તિ કેરા સ્વર્ગમાં લઈ જવાની ઝંખના આ પ્રાર્થના દ્વારા ખૂબ સરસ રીતે વ્યક્ત થઈ છે. અંતમાં, ટાગોરની જ અન્ય કાવ્યપંક્તિ સાથે સમાપન કરીશ : ''સંચાર કરો આમાર સકલ કર્મે શાંત તોમાર છંદ''.



મારુફાખાતુન એ. પઠાણ
ટી. વાય. બી. એ.

# ''વિદ્યાર્થીની નૈતિકતાને ઘડનારા પરિબળો''

કોઇપણ સમાજની સમર્થતાનો આધાર તે સમાજનાં સભ્યો પર આધાર રાખે છે. આવા જ સભ્યોમાંનો એક સભ્ય છે વિદ્યાર્થી. વિદ્યાર્થીનું કાર્ય છે તેને આપવામાં આવેલા જ્ઞાનનું પાચન કરી તેનું સર્જનાત્મકતામાં રૂપાંતરણ કરવું. વિદ્યાર્થીને કદી શીખવી શકાય નહિ કે જ્યાં સુધી તેણે જાતે શીખવું ન હોય પરંતુ અમુક બાબતો અને મૂલ્યો તેનામાં અવલોકન, અનુકરણ અને અનુશાસનથી આવે છે અને તે છે તેની નૈતિકતા.

સૌ પ્રથમ તો ''નૈતિકતા એટલે શું?'' તે જાણીએ. નૈતિકતા અથવા નિતિમત્તા એટલે કે સારા - ખરાબનું જ્ઞાન હોવું તે. અમુક બાબતો વિદ્યાર્થીમાં જન્મજાત જ હોય છે અને તે તેને ક્યારેય શીખવી શકાતી નથી પરંતુ વાતાવરણની અસર તો થાય જ છે અને તે અનુસાર વિધાર્થીનું માનસ ઘડાય છે. વિદ્યાર્થી ફક્ત વિદ્યા ને ગ્રહણ કરનાર જ નહિં પણ તેનો અમલ કરનાર નાગરિક બનવો જોઇએ.

''Charity begins at home'' એ ન્યાયે વિદ્યાર્થી પર સૌ પ્રથમ નૈતિકતાનો પ્રભાવ પડે છે ''કુટુંબનો''. જે કુટુંબનાં સભ્યોમાં પરસ્પર વૈમનસ્યભાવ હોય તે કુટુંબનું બાળક સામાન્ય રીતે સમાજમાં પણ ઝઘડાખોર જ બને છે. અન્યની વસ્તુ પચાવી પાડવી - આ વૃત્તિ વિદ્યાર્થીઓમાં ત્યારે જ આવે છે જ્યારે તે બાબતો કે વસ્તુઓ તેને ઘરમાં ન મળતી હોય. જે કુટુંબના સભ્યો ધાર્મિક, સંસ્કારી અને દયાભાવનાવાળા હોય તે કુટુંબનું બાળક સાહજિક રીતે જ તે બાબતો ને અનુસરે છે અને સમાજ ને એક મહાન નાગરિક મળે છે.

વ્યક્તિ અને સમાજ એક જ સિક્કાની બે બાજુઓ છે તેથી સમાજનાં વિકાસ સાથે વ્યક્તિનો વિકાસ થાય છે. સમાજ જ એવી જગ્યા છે કે જ્યાં વિદ્યાર્થી સામે અનુકરણ કરવા માટેનું મોકળુ મેદાન મળી રહે છે. સમાજમાં સારા અને મહાન તત્ત્વો પણ છે. તેમજ અસામાજિક તત્ત્વો પણ છે. વિદ્યાર્થી જેવા તત્ત્વોના સંપર્કમાં આવશે તે પ્રમાણેની તેની નિતિમત્તા રચાશે. સદ્દગુણી વ્યક્તિઓનો સંપર્ક તેનામાં સહકાર, પરોપકાર, જૂથ ભાવના નો વિકાસ કરશે. વિદ્યાર્થી અસામાજિક તત્ત્વો નાં રવાડે ચઢી જશે તો તે તેમના હાથા બની સમાજ ને જ હાનિ કરશે. તેમાં પણ સૌથી વધુ પ્રભાવ પડે છે - ધર્મગુરૂઓનો. અમુક ધર્મગુરુ ફલાણી વાત કરે છે, ફલાણા ધર્મ ને વગોવે છે તેની સીધી અસર વિદ્યાર્થીના માનસ પર પણ થાય છે અને આડકતરી રીતે પણ તે ધર્મ ખરાબ જ છે એવી ઊંડી છાપ તેના મન પર પડે છે. વિદ્યાર્થીઓમાં તેનાથી પણ આગળ વધી ને વૈમનસ્યવૃત્તિ જાગે છે. તેની નૈતિકતા પર તરાપ થાય છે.

આજનાં પ્રચાર માધ્યમો જેવાં કે સમાચારપત્રો ટેલિવિઝનની પણ વિદ્યાર્થીનાં ચારિત્ર્ય ઘડતરમાં મોટી અસરો જોવા મળે છે. વિદ્યાર્થી ફક્ત કુટુંબનો જ ભાગ નથી, વિશાળ પાયે તે સમાજનો જ અંશ છે તેથી જે પ્રકારની જાહેરાતો કે સમાચારો તે જુએ છે તે જ પ્રમાણે નું તેનું માનસ ઘડાય છે. અમુક સમાચારપત્રો અમુક ચોક્કસ રાજકીય પક્ષની તરફેણ કે વિરોધ કરતા હોય તો તે અપ્રત્યક્ષ રીતે વિધાર્થીના મનમાં અણગમા કે ગમાની લાગણીઓ ને પોષતા હોય છે. અમુક શાળા કે કોલેજોમાં પડતી હડતાલો જાણે ''ફેશન'' હોય તેમ વિધાર્થીઓ તે હડતાલોમાં જોડાય છે પરિણામે ભણતરનું દેવાળુ ફુંકાય છે. વિધાર્થી જાતે વિચારતો થાય ત્યારે જ કે જ્યારે તેને યોગ્ય શિક્ષણ મળ્યું હશે. પોપટીયું જ્ઞાન કે ગોખેલા જવાબો કંઇ તેને જીવન જીવવામાં મદદરૂપ નીવડાવાના નથી. હા, પરિક્ષામાં ૯૦, ૯૫ કે ૯૭ ટકા માર્કસ મેળવી આપશે પણ જો તેનો જીવનમાં અમલ કરવાનો હશેતો જીવનકસોટીમાં માંડ - માંડ પાસ થઇ શકશે.

વિદ્યાર્થીઓ પર તેમના વિદ્યાર્થી મિત્રોની પણ ગજબની અસર થાય છે. ''સંગ તેવો રંગ''. વિદ્યાર્થીઓ સૌથી વધારે પ્રભાવિત થાય છે તેના સમવયસ્કો, સહાધ્યાયીઓ અને સહચરોથી. મિત્રોનાં સદ્દગુણો કરતા તેમના દુર્ગુણો ખૂબ જ સરળતાથી વિદ્યાર્થીઓમાં ઊતરી આવે છે. મિત્ર જો વ્યસની હશે તો વિદ્યાર્થી ને વ્યસની બનવામાંથી તેની નૈતિકતા સિવાય બીજું કશુ બચાવી શકશે નહીં. ધુમ્રપાન કરવું કે પાન - મસાલા ચાવવા, દારૂ પીવો - આ બદીઓ જ્યાં સુધી વિદ્યાર્થીને પોતે

અનિષ્ટો જેવા લાગશે નહિ ત્યાં સુધી તે તેમનો ભોગ બનવામાંથી પોતાની જાત ને રોકી શકશે નહીં. મોંઘાદાટ કપડા, જીવનશૈલી, વગેરે પણ મિત્રોમાંથી જ આવે છે. પરંતુ વિદ્યાર્થીનાં ચારિત્ર્ય ને ઘડનારાં પરિબળોમાં સૌથી મહત્વનાં પરિબળો તરીકે શાળા અને શાળાના શિક્ષકોને કઇ રીતે ભૂલી શકાય ? શાળામાં જો ભાઇચારાનું અને શિસ્તનું વાતાવરણ હશે તો વિદ્યાર્થીમાં આપોઆપ જ આ ગુણો ઊતરી આવશે. શાળાનું વાતાવરણ જો ભયમુક્ત હશે તો વિદ્યાર્થીઓનાં આંતરિક ગુણો સોળે કળા એ ખીલી ઊઠશે. આ તો થઇ શાળાની વાત, પણ શિક્ષકો ??? શિક્ષકો જ સાચા ઘડવૈયા છે વિદ્યાર્થીની નીતિમત્તાના. જો શિક્ષકમાંજ દેશભક્તિની ભાવના ન હશે તો વિદ્યાર્થી ક્યારેય તેના દેશ ને પ્રેમ કરશે નહિ.

જો શિક્ષક ને જ સ્વાતંત્ર્યસેનાનીઓ કે વડીલો પ્રત્યે આદરભાવ ન હશે તો વિદ્યાર્થીઓ ને તેમને હડધૂત કરવા માટે વાર કેટલી ? જો શિક્ષકો જ ચારિત્ર્યહીન હોય તો વિદ્યાર્થીનાં શીલની શું guarantee ? સામાન્ય રીતે વિદ્યાર્થીઓ દરેક શિક્ષકના કપડા થી માંડીને hairstyle, તેના બોલવાંથી માંડી ને ચાલવા તેમજ અન્ય સહકર્મચારીઓ સાથેનાં વ્યવહાર ને નિહાળતા અને અનુકરણ કરતા હોય છે. વિદ્યાર્થીઓના અમુક favourite teachers પણ હોય છે. જો તેઓ વિલાસી, બિનજવાબદાર, આળસુ અને નીતિમત્તા વગરના હશે તો તેમને અનુસરનારા વિદ્યાર્થીઓ ને કોણ બચાવી શકે ?

મોટેભાગે શિક્ષકો માત્ર પુસ્તકિયું જ્ઞાન આપીને, અભ્યાસક્રમ પૂરો કરે છે અને જવાબદારી પૂરી થઇ ગયેલી સમજે છે. પણ વિદ્યાર્થીએ તે જ્ઞાન ને કેટલું આચરણમાં મુક્યું ? તેનામાં શું સારું આવ્યું ? શું ખરાબ આવ્યું ? તેની પળોજણમાં શિક્ષકો પડતા નથી ને એટલે જ વિદ્યાર્થી ''પરિક્ષાલક્ષી'' જ બની ને અટકી જાય છે ને ''જીવનલક્ષી'' કયારેય બનતો નથી.

વિદ્યાર્થીની નિતીમત્તા આ તમામથી ઘડાય છે – કુટુંબ, સમાજ, માધ્યમો, મિત્રો, શાળા અને શિક્ષકો પણ સૌથી મહત્ત્વનું પરિબળ છે તેનો 'સ્વ'. વિદ્યાર્થી જ જાતે નક્કી કરે કે મારે સારા બનવું છે કે ખરાબ ? મારે મહાન બનવું છે કે નીચ ? મારે નિયમિત બનવું છે કે રામભરોસે ? વિદ્યાર્થી જાતે જ પોતાની નિતિમત્તા ઘડી શકે. અન્ય અસરકારક પબિળો તો તેની સામે આદર્શ કે ભયસ્થાનો જ મુકશે. પણ તેણે શું અનુસરવું તે તેણે જાતે નક્કી કરવાનું છે.

ગીતામાં સાચું જ કહ્યું છે કે :

**આત્મા જ આત્માનો મિત્ર છે. આત્મા જ આત્માનો શત્રુ છે. માટે તું તારા દિલનો દિવો થા.**

**પ્રવર્તમાન શિક્ષણ જગતમાં મૂલ્યોનો ઝડપથી હ્રાસ થઈ રહ્યો છે ત્યારે આજે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો, એમ બંનેના સ્તર નીચા ગયા છે. આજનો વિદ્યાર્થી તો એટલો બધો ઈગ્નોરન્ટ (અજ્ઞાની) બની ચૂક્યો છે કે તે સારા અને નરસા વચ્ચેનો ભેદ પણ નથી પારખી શકતો. તેની જિજ્ઞાસાવૃત્તિ બિલકુલ મરી ચૂકી છે. કોઈ વિદ્યાર્થીમાં શિક્ષકને પ્રશ્ન પૂછવાની પણ ત્રેવડ રહી નથી આ આખીય એજ્યુકેશન સિસ્ટમ તૂટી રહી છે. આવા સમયે જ્યાં સુધી આ સમગ્ર શિક્ષણ પદ્ધતિમાં ધરમૂળથી ફેરફરો નહીં આવે ત્યાં સુધી આપણે આવી જ હતાશા જોવાની છે.**

**- કુંજવિહારી મહેતા**

## આતંકવાદ

નેહા વી. સોની

એફ. વાય. બી.કોમ.

માણસની સૌથી મોટી અને મહત્ત્વની જરૂરિયાત છે સુખ તથા શાંતિ. કહેનારા ભલે કહેતા હોય કે મુખ્ય જરૂરિયાત રોટી, કપડાં અને મકાન. પરંતુ એ બધી જ ચીજો મળી રહે છે છતાં જીવનમાં સતત ભય અને અશાંતિનું સામ્રાજ્ય વ્યાપેલું રહે, ડગલે ને પગલે ક્યાંક અજુગતું ન બની જાય તેની આશંકામાં દિવસો વિતાવવાના હોય ત્યાં સુખ અને શાંતિની કલ્પનાજ ક્યાં કરવી!

મહાભારતકાળથી આપણે આવી અશાંતિના ભોગ થતા આવ્યા છે. વસિષ્ઠ સ્મૃતિમાં આતતાયીઓનું લક્ષણ આપ્યું છે – જે સળગાવવા જેવા અધમ કૃત્ય કરે, ઝેર આપી મારી નાખે, આયુધ લઈ મારવા ધસી આવે અને અન્યનું ધન તથા સ્ત્રીને હરી લે એટલું જ નહીં રાજ્યને પણ છીનવી લે તેને આતતાયી કહેવાય. આતતાયી એટલે જ આતંકવાદી. પુરાતનકાળમાં આવા આતતાયીના નાશ માટે અનેક પ્રકારે કાળજી લેવાતી હતી.

સમાજનું વિજ્ઞાન કહે છે આતંકવાદ માટે ઘણા બધા પરિબળો જવાબદાર છે. પરંતુ એ પરિબળો સામે સમાજે જાગૃતિ આણી સમાજમાં ફેલાયેલી અરાજકતાને દૂર કરી આતંકવાદને નાથવાનો પ્રયત્ન કરવો જોઈએ. કહે છે માણસ ખરાબ નથી હોતો તેના કર્મ ખરાબ હોય છે. તો આવા આતંકવાદીઓના આતંકને દૂર કરવા આપણે શું કરી શકીએ ?

પ્રથમ સામાજિક ક્રાંતિની જરૂર છે. નિર્ભય થઇ સામનો કરવો. શંકાસ્પદ વ્યક્તિ, શંકાસ્પદ પદાર્થ દેખાય તો તરત જ બાતમી આપવી જોઇએ.

અફવાઓથી દૂર રહી અફવા ન ફેલાય તેવા પ્રયત્નો કરવા જોઇએ.

સ્વજાગૃતિ, આત્મવિશ્વાસ, નિર્ભયતા એ સમાજ માટે તાતી જરૂરિયાત છે.

વળી, માત્ર સરકાર કે લશ્કરથી જ આતંકવાદને દૂર ન કરી શકાય તે માટે જે તે ધર્મના લોકો-જાતિ-વર્ગ વચ્ચે વિશ્વાસ અને શ્રધ્ધાનું વાતાવરણ ઊભુ થાય તે માટે શિક્ષણનો વ્યાપ વધવો જોઇએ.

યોગ્ય સમજણ સાથે યોગ્ય માર્ગદર્શન મળવું જોઇએ.

દબાયેલ, કચડાયેલ વર્ગને સમાજમાં માન-ઇજ્જત-સમાન અધિકાર મળે, નોકરી, આર્થિક સહાય, વગેરે સહજ પ્રાપ્ત થાય જેથી કોઇ પણ લાલચ તેને ખેંચી ન જાય.

સમાજ સાથે સરકાર પણ કદમ મિલાવી પોતાના તરફથી નક્કર પગલાઓ લેવા જોઇએ.

ત્રાસવાદી સંગઠનોના મૂળ તાલીમના સ્થળો, તેમના નેટવર્કનો નાશ કરવો જોઇએ.

જેમ ઇઝરાયલ પ્રજાએ તેમજ સરકારે જે પધ્ધતિથી સામનો કર્યો તેમ દરેક સંગઠનોના નેતાઓ તેમજ ત્રાસવાદીઓના તેવા સ્થળ પર આક્રમણ કરી ખાત્મો બોલાવવો જોઇએ.

દરેક વખતે સમજૂતિ, કરાર કે માત્ર મૌખિક વાતચીત-પ્રોકસી યુધ્ધ કામ ન લેવા. પરચો-ચમત્કાર તો બતાવવો જ પડે. તો જ નમસ્કાર થાય.

ત્રાસવાદી સંગઠનોને મળતી સહાયો, ધન-હથિયારો વગેરેનો નાશ કરી, તેમની સંપત્તિઓને ટાંચમાં લેવી. સમગ્ર વ્યવહાર સ્થગિત કરી દેવા જોઇએ.

સરકારે પણ નિષ્ક્રિયતાનો ત્યાગ કરી કાયદાઓમાં સુધારા કરી, ઝડપી અમલ માટે તૈયાર રહેવું જોઇએ.

અન્ય દેશોમાં ઘટના બન્યા પછી આરોપીને તત્કાળ સજા ફરમાવાય છે. જ્યારે આપણે ત્યાં ગુનેગાર કદાચ મૃત્યુ પામે ત્યાં સુધીમાં પણ કેસ પૂરો થયો ન હોય. તો વળી કેટલાંક પગલા-કાયદા જેમકે Gujcoc ( ગુજકોક ) એક પક્ષે ઘડયો તો અન્ય પક્ષો તેનો વિરોધ કરી આડકતરી રીતે આતંકવાદને પોષે છે. જે દેશને માટે નુકસાન કારક છે તેને નિવારવું જોઇએ.

આતંકવાદીઓના કેસો - ન્યાયી ચુકાદાઓ અને સજા અંગે ઢીલ ન મૂકતાં ઝડપથી તે કાર્યવાહી થવી જોઇએ. આ લખનાર અને વાંચનારને પણ ખબર છે કે ગુનેગારોને ગુનામાં સહાય કરનારા સહાયકો હજી આરામથી બહાર ફરે છે. વર્ષો પછી સજા જાહેર કરવામાં આવે છે. પરિણામે સરકારની નીતિને કારણે આવી વ્યક્તિ તેમજ સંગઠનોને પ્રોત્સાહન મળે છે.

સમાજ તેમ જ રાષ્ટ્રને નુકસાન કરે તેવા પ્રવચનો આપે છે. ઉશ્કેરણીજનક લખાણ, વકતવ્ય આપનારને પણ સજા કરવી જોઇએ. ભલે ને તે કહેવાતા ધર્મગુરુ હોય!

આજના યુગનું મહત્વનું પરિબળ મિડિયા કે સમાચાર પત્રો, પત્રિકાઓ કરતાંય વધુ મહત્વનું પરિબળ ન્યુઝ ચેનલો છે. જેઓ પણ મર્યાદા ચૂકી જઇ સમાચારોને વધારે ઉત્તેજક બનાવવાના હેતુથી વધારે પડતુ હેમરિંગ કરી આડકતરી રીતે સમાજમાં ભય-ત્રાસ-ડર ફેલાવે છે, દહેશત ફેલાવવાને બદલે તેમણે યોગ્ય જવાબદારી નિભાવવી જોઇએ.

પ્રજાએ સમજવું જોઇએ કે કેટલાંક નેતાઓ તેમને હાથા બનાવી માત્ર પોતાના રોટલા શેકે છે. વૉટ બેન્ક ભરવા ખાતર જ તેમનો ઉપયોગ કરે છે. માટે તેમાં ન ભરમાતા દરેક કોમ વચ્ચે આપસી ભાઇચારો રહે તે માટે જ પ્રયત્નશીલ રહેવું જોઇએ.

કોમવાદી કે તકસાધુ કહેવાતા મોટા માણસોને પણ ખુલ્લા પાડી તેમનો વિરોધ કરવો જોઇએ. મિડીયાએ પોતાનો ધર્મ સારી રીતે નિભાવવો જોઇએ. મર્યાદાનું પાલન કરવું જોઇએ. દરેક બાબતો માટે સરકારને જવાબદાર ગણાવવાને બદલે મીડિયા સશક્ત માધ્યમ બની પ્રજાને સહાય કરે એ જરૂરી છે.

મહત્વનું એ છે કે આતંકવાદીને માત્ર સજા કરવાથી આતંકવાદ દૂર થઇ ન જાય. તે માટે આતંકવાદી માનસ બદલવાની જરૂર છે.

આતંકવાદી કાર્યમાંથી દેશને બચાવવા નીકળેલા આપણા વીર જવાનો, કમાન્ડોને તેમની વીરગતિ પછીથી સરકાર દ્વારા યોગ્ય સમ્માન - ગૌરવ મળવા જોઇએ અને કુટુંબીજનોને યોગ્ય સહાય મળવી જોઇએ.

ન્યાયતંત્ર, ગુપ્તચર સંસ્થાઓ, પોલિસતંત્ર, સૈન્યના જવાનો, નેતાઓ તેમજ આમ જનતાએ પણ પોતાની કાર્યપધ્ધતિ બદલી પડશે. જેથી સમાજ તેમજ રાષ્ટ્રમાં અને વિશ્વમાં શાંતિ સ્થપાય, આંતર રાષ્ટ્રીય UNO (યુનો) જેવી સંસ્થાઓ સંયુક્ત રાષ્ટ્રસંઘો, વિકસીત દેશોએ યોગ્ય ન્યાયી ભૂમિકા ભજવવી જોઇએ જેથી વસુધૈવ કુટુમ્બકમ અને વિશ્વશાંતિ સ્થાપિત થાય.

હાલમાં જ આપણા સુરક્ષામંત્રી પી. ચિદમ્બર મે ત્રાસવાદને રોકવાના ઉપાયો સૂચવ્યા છે. જો તેનું પાલન થાય તો શાંતિ સ્થપાય.

આપણે માટે પ્રોટેક્ટિવ અભિગમ જરૂરી છે કારણ લોકોની સુરક્ષા મહત્વની છે.

હુમલાને ખાળવા, પહોંચી વળવા, સામનો કરવા સુસજ્જ થવું.

આક્રમકોને ઝડપી લઇ વળતો આક્રમક જવાબ આપવો.

સ્થાનિક Intelligence (ઈન્ટેલિજન્સ) તથા Police સર્વશ્રેષ્ઠ સાધાન છે. તેણે સક્રિય રહેવું.

રાજ્યો અને Intelligence તરફથી જેહાદીઓ અંગેના સમાચાર મળતા રહેવા જોઇએ તેથી તેમણે હંમેશા સજાગ - Alert રહેવું જોઇએ.

મોટા રાજ્યોને એન્ટીટેરર ટીમ આપવી.

અનલોફુલ અક્ટિવિટીઝ પ્રવેન્શન એક્ટને મજબૂત બનાવવો.

આતંકવાદ વિરોધી બિલ જેમાં દેશની બહારના શકમંદોને જામીન નહી આપવા તથા શકમંદો માટે પોલિસ કસ્ટડી ૯૦ દિવસની કરવી.

ભારતીય રાષ્ટ્રીય આરોપીને પણ જામીન પર છોડવા નહિ.

આતંકવાદ સાથે સંકળાયેલા વ્યક્તિની વ્યક્તિગત કે પેઢીની સંપત્તિને ફ્રીઝ કરવી. (જાપ્ત કરવી). આર્થિક પાસાઓ રોકી દેવા અને સજાને કઠોર બનાવવી.

જેમ શ્રીલંકાએ પુરું જોર લગાડી તમિળ વ્યાઘ્રોને તોડી પાડયા, તેમના અડ્ડાઓ સાફ કરી નાંખ્યા ત્રાસવાદીઓ સ
લશ્કરી કારવાઈ કરી તેને નેસ્તનાબૂદ કરી નાંખ્યા. તેમ ભારતે ત્રાસવાદી- વ્યક્તિ તથા સંસ્થાનો ખાત્મો બોલાવવો જોઈએ.

ઈઝરાયલે જે માર્ગ અપનાવ્યો તે આપણે આપનાવવો જોઈએ.

જેમ રોગ પ્રમાણે રોગીની સારવાર કરવી પડે તેમ જેવા ત્રાસવાદી તેવી Treatment અપનાવવી જોઈએ.

જે પણ કાર્યવાહી થાય તે તાત્કાલિક થવી જોઈએ. વરસો સુધી ખટલો (કેસ) ચાલે અને વરસો પછી નિર્ણય આ
ત્યારે પણ દયાની મ્હેર અરજી થવાથી શકમંદ વ્યક્તિ છૂટી જાય, કયારેક તો ત્રાસવાદી અને સજા આપનાર ન્યાયાધીશ
વીસરી(ભૂલી) જતો હોય છે કે શાને માટે ગુનો દાખલ કર્યો હતો તેથી બધા પ્રકારની કાર્યવાહી ઝડપથી થવી જોઈએ.

ભારતની સહિષ્ણુતા ભારતને જ ભરખી ન જાય તે માટે આંતર કલહવૈમનસ્ય દૂર કરી સંગઠિત બનીએ, સાચા મા
બનીએ અને પૃથ્વીની શોભા વધારીએ. માણસ વચ્ચે વધી ગયેલા અંતરને ઘટાડીએ.

ખુદ જીઓ ઔરો કો ભી જીને દો.
યહી તો હૈ જિંદગી કા રાસ્તા.
મનકી સચ્ચી શાંતિ કા રાસ્તા.

કયાં સુધી આંતકવાદ ચાલશે, ઊઠો, જાગો, જગાવો આંતરનાદ, રાષ્ટ્રને ન થવા દો બરબાદ.

આપણે એકબીજા પર આક્ષેપબાજી ન કરતાં આપણે કોણ છીએ અને આપણું અંતિમ લક્ષ્ય શું છે તે
વિચારીએ અને ખરેખર આપણું લક્ષ્ય સુખ-શાંતિ છે અને તે માટે આતંકવાદનો ભૂત ભગાડવો જ પડશે.



## જનરલ સેક્રેટરીનો અહેવાલ

**ધવલ વડાલિયા / રિતેશ બી. પટેલ**
**જનરલ સેક્રેટરી**

ઈ.સ. ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં NAAC આવવાની હોવાથી વર્ષના આરંભથી જ કોલેજ વિવિધ પ્રવૃત્તિથી ધમધમી રહી. કોલેજનું ગૌરવ, કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓના સહયોગથી થતી પ્રવૃત્તિઓ ઉપર નિર્ભર છે. આ વર્ષે પણ વિવિધ સમિતિઓના ઉપક્રમે જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. ગુરુજનોના લાગણીસભર સહકાર અને માર્ગદર્શન હેઠળ અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. તદુપરાંત આંતરકોલેજ સ્પર્ધાઓમાં ભાગ લેવાની તકો સાંપડી પરિણામે આખું વર્ષ પ્રેરણાદાયી અને જીવંત રહ્યું. અમારી કોલેજનો મુદ્રાલેખ છે. નાલંદા, ન અલમ દા / **नालंदाः न अलम् दा** - અર્થાત્ આટલું ( જ્ઞાન ) પૂરતું નથી. વિદ્યાર્થી વધુ જ્ઞાન મેળવવા અને ગુરુગણ વધુ જ્ઞાન આપવા તત્પર છે. જે અમારા માટે આનંદ અને ગૌરવની બાબત છે. વિદ્યાર્થીમંડળના જનરલ સેક્રેટરી તરીકે કોલેજની વિવિધિ પ્રવૃત્તિઓનો અહેવાલ પ્રસ્તુત કરતાં આનંદ અને ધન્યતા અનુભવીએ એ સહજ છે. નેક કમિટિ દ્વારા મળેલા પ્રોત્સાહક પરિણામ પછી પણ અમારી કોલેજની વિવિધ પ્રવૃત્તિઓમાં અમે ઉમળકાથી ભાગ લેતા રહ્યા અને અમારી ક્ષિતિજોને વિકસાવવાની અમને તક સાંપડી.

## સાંસ્કૃતિક સમિતિ

**અધ્યક્ષ : પ્રા. મધુબેન દેસાઈ / પ્રા. દક્ષાબેન પટેલ**
**મંત્રી : નેહલ આર. પટેલ / ધવલ વડાલિયા**

સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે વર્ષ દરમ્યાન થયેલી વિવિધ પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

-. અલુણાવ્રત નિમિત્તે સ્પર્ધાનું આયોજન :

| | | | | |
|---|---|---|---|---|
| તા. ૩૦-૦૭-૨૦૦૭ | : | આરતી શણગાર સ્પર્ધા | ૧. અંજના એ. પટેલ | પ્રથમ |
| | | | ૨. વૃંદા બી. જોષી | દ્વિતીય |
| | | | ૩. રશ્મિતા આર. લાડ | તૃતીય |
| તા. ૩૧-૦૭-૨૦૦૭ | : | મ્હેંદી સ્પર્ધા | ૧. સોનલ ડી. બારોટ | પ્રથમ |
| | | | ૨. માધુરી બી. પાટીલ | દ્વિતીય |
| | | | ૩. નેહા પાંચાલ | તૃતીય |
| તા. ૦૧-૦૮-૨૦૦૭ | : | સાડીડે | | |

તા. ૧-૧-૨૦૦૮ : બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ૫૧ બોટલોનું રક્તદાન કર્યું.
તા. ૪-૧-૨૦૦૮ : મને ગમતું પુસ્તક પર ચર્ચા
તા. ૫-૧-૨૦૦૮ : શ્રીમદ્ ભગવદ્ગીતા અને વિચાર વિસ્તાર સ્પર્ધા
તા. ૮-૧-૨૦૦૮ : શ્રમ દિન તરીકે ઉજવવામાં આવ્યો.
તા. ૯-૧-૨૦૦૮ : સમાજસેવા દિન. વિદ્યાર્થીઓ પાસે યથાશક્તિ દાન મેળવી ગરીબ લોકોને અનાજનું વિતરણ કર્યું.
તા. ૧૦-૧-૨૦૦૮ : એક મિનિટની સ્પર્ધા યોજી વિદ્યાર્થીઓની તેજસ્વીતાને બિરદાવી.
તા. ૧-૨-૨૦૦૮ : સાંસ્કૃતિક કાર્યક્રમ, સંગીત પ્રભાત તથા ઈનામ વિતરણનું આયોજન કર્યું.
તા. ૫-૧-૨૦૦૯ : બ્લડ ડોનેશન કેમ્પ - ૫૪ બોટલ રક્તદાન કરવામાં આવ્યું.
તા. ૬-૧-૨૦૦૯ : રાષ્ટ્રીય દિન, આતંકવાદ વિરોધી રેલીનું આયોજન

તા. ૭-૧-૨૦૦૯ : શ્રમદિન તથા સહાય દિન- કોલેજ વર્ગોની સફાઈ અને વૃદ્ધાશ્રમની મુલાકાત

તા. ૧૨-૧-૨૦૦૯ : શિક્ષકદિન-સ્વયંસંચાલનદિન પ્રસંશનીય કામગીરી કરનારા પ્રજ્ઞેશ પટેલ, ઉમંગ નાયક, ડેનિશ લાડ, જિજ્ઞેશ પટેલ, દર્શના પટેલ, ધર્મેશ પટેલ, મમતા પટેલ અને દર્શિતા પટેલ.

તા. ૧૩-૦૧-૨૦૦૯ ટ્રેડિશનલડે અને અંતાક્ષરી:

પ્રથમ ક્રમ : સતીશ પટેલ, દિપીકા પટેલ, ચેતન પટેલ,

દ્વિતીય ક્રમ: વૃંદા જોશી, સેજલ દેસાઈ, આશિષ પટેલ

તૃતીય ક્રમ : અંકિત પટેલ, વિશાલ કાપડિયા, ભાવિક મિસ્ત્રી

તા. ૧૬/૦૧/૨૦૦૯ પુસ્તકડે - મને ગમતું પુસ્તક

પ્રથમ ક્રમ : ધર્મેશ પટેલ - એમ. એ.

દ્વિતીય ક્રમ: મહેન્દ્ર નાયકા - એફ. વાય. બી. એ.

તૃતીય ક્રમ : જિજ્ઞેશ પટેલ

તા. ૨૬/૦૧/૨૦૦૯ દેશભક્તિ ગીતો:

પ્રથમ ક્રમ : ચેતન પરમાર - એસ. વાય. બી. એ.

દ્વિતીય ક્રમ: નેહા સોની - એફ. વાય. બી. કોમ.

તૃતીય ક્રમ : તનુજા દીવા - એફ. વાય. બી. એ., ખ્યાતિ પટેલ - એફ. વાય. બી. સી. એ.

તા. ૩૧-૦૧-૨૦૦૯ સંગીત પ્રભાત અને ઈનામ વિતરણ સમારંભ

## જિમખાના સમિતિ

**અધ્યક્ષ : પ્રા. ડૉ. જે. યુ. પટેલ**

**મંત્રી : પ્રીતેશ એમ. પટેલ, ભાવેશ પટેલ**

રમત - ગમત વિદ્યાર્થીના આંતર તથા બાહ્ય વ્યક્તિત્ત્વને ઘડનારા પરિબળોમાનું મહત્ત્વનું પરિબળ છે. માનસિક તથા શારીરિક સ્વસ્થતા ને કેળવવા માટે રમતનું મેદાન ઉમદા સ્થળ છે. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની ચહલપહલથી રમતના મેદાનો જીવંત બની રહ્યા.

મહત્ત્વની ક્ષણો સંક્ષિપ્તમાં :

| રમત | સ્થળ | પરિણામ |
|---|---|---|
| (૧) આંતર કોલેજ કબડ્ડી (ભાઈઓ) | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા | ટીમે પ્રિ. કવાટરમાં પ્રવેશ કર્યો |
| (૨) આંતર કોલેજ બેડમિન્ટન (બહેનો) | નર્મદા સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ઝાડેશ્વર | ટીમે પ્રિ. કવાટરમાં પ્રવેશ કર્યો |
| (૩) આંતર કોલેજ બેડમિન્ટન (બહેનો) | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી | ટીમનો પ્રશંસનીય દેખાવ રહ્યો. |
| (૪) આંતર કોલેજ ક્રિકેટ | કોમર્સ કોલેજ, વલસાડ. | ટીમનો પ્રશંસનીય દેખાવ રહ્યો. |
| (૫) આંતરવર્ગીય ક્રિકેટ, કેરમ, બેડમિન્ટન, ટેબલટેનિસ | | SYBAની ટીમ વિજેતા<br>FYBAની ટીમ રનર્સ અપ. |
| (૬) કોલેજ સ્ટાફ તથા વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ વચ્ચે ક્રિકેટ તથા ઇન્ડોર ગેઇમ્સની સ્પર્ધાઓ થઇ. | | |

## વકતૃત્વ-નિબંધલેખન સમિતિ

**અધ્યક્ષ : પ્રા. નયના કે. નાયક, પ્રા. રમીલા નાયક**

**મંત્રીઃ અંકિતા આર. પટેલ, ભાવિતા સી. ગીરાસે**

વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું અને વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં ભાગ લેતા કર્યા. આંતરવર્ગીય નિબંધ સ્પર્ધા તથા નર્મદ જયંતિ નિમિત્તે 'સમાજ સુધારક નર્મદ' એ વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.

પ્રા. ડૉ. ધિરેશ અધ્વર્યુ વિજયપદ્મ આંતરકોલેજ નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું જેમાં જે. પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડને વિજયપદ્મ પ્રાપ્ત થયું હતું અને કોલેજની વિદ્યાર્થીની મીના ગાયકવાડે દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.

વિદ્યાર્થી તેમજ ફેકલ્ટીના વિકાસ માટે તજજ્ઞોનાં વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું. **संस्कृतस्य विकासाय संस्कृतं वदतु)** આર્થિક વિકાસમાં અર્થશાસ્ત્રનો ફાળો તથા અર્થશાસ્ત્રમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રનો પ્રભાવ- એ વિષય પર પ્રા. ડૉ. કિરણ પંડ્યાએ પ્રશસંનીય વ્યાખ્યાન આપ્યું હતું.

સાંભળવું અને બોલવું સાથે નેતૃત્વની છૂપી તાલીમ આપવાની તક વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત થતી હોય છે. વિદ્યાર્થી નિર્ભીકપણે નીડરતાથી સ્વવિચારોને વ્યક્ત કરી શકે તેવા કાર્યક્રમો વકતૃત્વ-નિબંધ સમિતિ દ્વારા થયા :

| તારીખ | પ્રવૃત્તિ તથા વિજેતા / ભાગલેનાર |
|---|---|
| ૩૦-૦૯-૨૦૦૮ | આંતરવર્ગીય નિબંધ સ્પર્ધા : સાંપ્રત સમયમાં ગાંધી મૂલ્યોની અનિવાર્યતા<br>વિદ્યાર્થીઓમાં નૈતિકતા ઘડનારા બળો<br>પ્રથમ ક્રમ : મારૂફાખાતુન અખ્તર પઠાણ, દ્વિતીય ક્રમ : મંજરી દેસાઈ |
| ૧૮-૦૯-૨૦૦૮ | પ્રા. ડૉ. ધીરજ અધ્વર્યુ વિજય પદ્મ આંતર કોલેજ સ્પર્ધા :<br>સાંપ્રત સમયમાં મોબાઈલ અનિવાર્ય છે.<br>આંતર કોલેજ ચિત્ર સ્પર્ધા - આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમરોલી<br>દ્વિતીય ક્રમ : નીરવ જી પટેલ-એફ.વાય. બી.એ.<br>સ્વર્ણીમ ગુજરાત ઉજવણી નિમિત્તે આંતર વર્ગીય: |

| | | |
|---|---|---|
| નિબંધ સ્પર્ધા : | પ્રથમ ક્રમ | : ધર્મિષ્ઠા એન. પટેલ-ટી. વાય. બી.એ. |
| | દ્વિતીય ક્રમ | : વિભૂતિ સી. પટેલ-એમ.એ. |
| | તૃતીય | : મારુફાખાતુન એ. પટેલ-ટી.વાય.બી. એ. |
| વકતૃત્વ સ્પર્ધા : | પ્રથમ ક્રમ | : બીના પી. ચૌહાણ-ટી. વાય. બી.એ. |
| | દ્વિતીય ક્રમ | : વિભૂતિ સી. પટેલ-એમ.એ. |
| | તૃતીય | : કિંજલ એ. પટેલ-એફ.વાય.બી. એ. |
| ચિત્ર સ્પર્ધા : | પ્રથમ ક્રમ | : નીરવ જી. પટેલ-એફ. વાય. બી.એ. |
| | દ્વિતીય ક્રમ | : રોશની બી.પટેલ-એફ. યાય. બી. કોમ. |
| | તૃતીય | : દેશ પી. પટેલ-ઓફ.વાય.બી. એ. |

સ્વ. મણિબેન સી. પીઠાવાલા આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા-નવયુગ આર્ટસ કોલેજ, સુરત
ધર્મે ડી. પટેલ અને સુરેખા પટેલ- ટી. વાય. બી.એ.

આંતર કોલેજ નિબંધ લેખન સ્પર્ધા- આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી
વિભૂતી સી. પટેલ - એમ. એ.

આંતર કોલેજ નિબંધ લેખન સ્પર્ધા- ધારુકાવાલા મહિલા આર્ટસ કોલેજ, સુરત.
મારુફાખાતુન એ. પટેલ-ટી.વાય.બી. એ.

આંતર કોલેજ નિબંધ લેખન સ્પર્ધા- જે. ડી. ગબાની કોમર્સ કોલેજ, સુરત

નેહા વી. સોની - એફ. વાય. બી.કોમ.

ડૉ. ભરતરાજ નીલા વિજયપદ્મ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા :

આજનો યુવાન સમાજ અને સંસ્કૃતિથી વિમુખ બન્યો છે:

મહેન્દ્ર નાયક અને અરૂન ચૌરે- એફ. વાય. બી.એ.

## આયોજન મંડળ

**પ્રા. વી. એન. મુજડિયા, પ્રા. વસંતભાઈ દેસાઈ**

**મંત્રી : પ્રતીક ડી. સગર, વિપુલ આર . ચૌહાણ**

આયોજન મંડળ સમિતિના ઉપક્રમે ૨૦૦૭-૦૮-૦૯ના વર્ષમાં અર્થશાસ્ત્ર અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે પર્યાવરણ જાગૃતિના સંદર્ભમાં 'સ્લાઈડ શો'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સેમિનાર રૂમમાં પર્યાવરણ અંગેની જુદી જુદી સી. ડી. અને ડી. વી. ડી. દ્વારા 'વાતાવરણમાં ફેરફારો' તથા 'જૈવિક વિવિધતા' જેવા વિષયોનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

## સાહિત્ય સભા

**અધ્યક્ષ : પ્રા. ડૉ. બિમલેશ તેવતિયા, પ્રા. ડૉ. અભિધા આડેશરા**

**મંત્રી સ્નેહલ એસ. પટેલ**

૩૦મી ઓગસ્ટ , ૨૦૦૭ના રોજ કાવ્ય, વાર્તાલેખન કાર્ય શિબિર-૨નું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરમાં કાવ્યલેખન ક્ષેત્રે શ્રી નયન હ. દેસાઈ અને ડૉ. મોહનભાઈ પટેલે સેવા આપી હતી તેમજ વાર્તાલેખન ક્ષેત્રે શ્રી જનક નાયક અન પ્રા. ડૉ. ભરત પરીખ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ૪૫ શિબિરાર્થીઓ ઉપરાંત સમગ્ર સ્ટાફ પરિવારે એનો લાભ લીધો હતો.

સાહિત્ય સભાના નેજા હેઠળ લાયન્સ ક્લબ આંતલિયાના સૌજન્યથી તા. ૭-૯-૨૦૦૮ થી ૧૩-૯-૨૦૦૮ સુધી 'સાક્ષરતા સેવા સપ્તાહ' (જ્ઞાન સેવા સપ્તાહ) ની ઉજવણી કરવામાં આવી હતી તેમાં અનેક વ્યાખ્યાતાઓને આમંત્રિત કર્યા:

| | | |
|---|---|---|
| ૧. વ્યાયામ, પ્રાણાયામ અને વિજ્ઞાન | : | પ્રા. વિનાયક માલંકર |
| ૨. 'રસ નિષ્પત્તિ' | : | ડૉ. બી. એ. તેવતિયા |
| ૩. 'ગૃહ પ્રવેશ'ની વાર્તાઓ | : | પ્રા. ડૉ. ભરત મહેતા |
| ૪. વૈશ્વિક સ્તરે રાષ્ટ્રભાષા હિન્દી | : | ડૉ. કીર્તિદા પરીખ |

ઉપરાંત કાવ્ય પઠન, કાવ્ય ગાન તેમજ પુસ્તક સાથે મૈત્રી વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું. એમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનારને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

કાવ્ય પઠન અને કાવ્ય ગાન :

| | |
|---|---|
| પ્રથમ ક્રમ | : મહેતા પ્રજ્ઞેશ, એમ. એ., સોલંકી હીના- ટી. વાય. બી.એ. |
| દ્વિતીય ક્રમ | : પટેલ મનોજ, ટી. વાય. બી.એ., પટેલ અવિનાશ-ટી. વાય. બી.કોમ. |
| તૃતીય ક્રમ | : પટેલ ધર્મેશ, ટી. વાય. બી. એ. - કાનમિયા અલ્તાફ- ટી. વાય. બી.કોમ. |

તા. ૨૯-૦૨-૨૦૦૮ના રોજ મોરારજી દેસાઈની જન્મ જંયતિ નિમિત્તે નિબંધલેખન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું. ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીને ડિક્ષનરી આપી પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમમાં ૩૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. લાયન્સ ક્લબ આંતલિયાના સૌજન્યથી આ પ્રવૃત્તિ થઈ.

અખિલ ભારતીય સંસ્કૃત ભાષા પ્રચાર સમિતિ પ્રેરિત સંસ્કૃત વિષયની પરીક્ષાનું આયોજન કર્યું જેમાં સંસ્કૃત પ્રવેશિકામાં ૧૦, સંસ્કૃત પરિચયમાં ૨ અને સંસ્કૃત વિશારદમાં ૪૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.

૧૫-૦૭-૨૦૦૮ના દિને દયાનંદ સરસ્વતી ટ્રસ્ટના સ્વામિની સદ્‌વિદ્યાંદજી સરસ્વતીજીનું વ્યાખ્યાન યોજાયું. એમણે શંકરાચાર્ય કૃત 'ભજગોવિંદમ્' વિશે બોધપ્રદ અને વિદ્યાર્થીઓને માટે રસ પ્રદ વ્યાખ્યાન આપ્યું.

૩-૧૨-૨૦૦૮ : ગીતા જ્યંતિ નિમિત્તે શ્રીમદ્ ભગવદ્ ગીતાના વિચારો વિશે સ્વાધ્યાય પરિવાર દ્વારા કાર્યક્રમ યોજાયો.

૨૩-૦૧-૨૦૦૯ : આચાર્ય ડૉ. જગદીશ ગુર્જર (આર્ટસ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વર) નું આંથર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાન માળા અંતર્ગત 'શબ્દનો મહિમા અણે સર્જન પ્રક્રિયા' વિષય પર મનનીય પ્રવચન યોજાયું હતું.

## સમાજવિદ્યા વર્તુળ

**અધ્યક્ષ : પ્રા. લિપ્સા અધ્વર્યુ પ્રા. મધુબેન દેસાઈ**

**મંત્રી : આયેશાબીબી આઈ. ખલીફા**

૨૦૦૭-૦૮-૦૯ના વર્ષ દરમ્યાન સમાજવધિા વર્તુળના ઉપક્રમે નીચે મુજબની પ્રવૃત્તિ કરવામાં આવી:

૧. દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ, વકતૃત્વશક્તિ, બુદ્ધિચાતુર્ય વિગેરેના વિકાસના શુભાશય સાથે સ્વયં સચાલન દિનની ઉજવણી અત્યંત ઉમળકાભેર કરવામાં આવી. જેમાં પ્રિન્સિપાલથી માંડીને પટાવાળાની ફરજો સુધીનું તમામ સંચાલન અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. આ વર્ષના આ કાર્યક્રમની એક આગવી વિશેષતા એ હતી કે તે જ દિવસે વિદ્યાર્થીઓએ પોતે જ એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન અને સંચાલન પોતાની સુંદર અને આગવી શૈલીમાં કર્યું. ટી.વાય. બી.કોમ.ના વિદ્યાર્થી શ્રી અવિનાશ પટેલે આ નવતર પ્રયોગમાં પોતાની આગવી શૈલી દ્વારા વિદ્યાર્થીઓને પ્રભાવિત કર્યા. વિદ્યાર્થીઓની પ્રતિભાને અનુભવાન્વિત કરવાના ભાગરૂપે થતી આ સ્પર્ધામાં દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રેષ્ઠ દેખાવ કરનારને ઈનામો આપવામાં આવ્યા. પરિણામો નીચે મુજબ છે:

પ્રથમ ક્રમ : ૧. હિના સોલંકી, ટી. વાય. બી.એ. ૨. સુરેખા પટેલ, એસ. વાય. બી.એ.
૩. દર્શના પટેલ, એસ. વાય. બી.એ.

દ્વિતીય ક્રમે : ૧. ભાવેશ ગાંધી, ટી. વાય. બી.એ. ૨. ઈલેશ પટેલ, એમ. એ.

આ કાર્યક્રમમાં નિર્ણાયકો તરીકેની કામગીરી પ્રા. ડૉ. જે.યુ. પટેલ, પ્રા. ડૉ. બી.એ. તેવતિયા, પ્રા. એન. કે. નાયકે સુપેરે નિભાવી. એમનો આ તબક્કે આભાર. સમગ્ર સ્ટાફ મિત્રોનો પણ ખૂબ ખૂબ આભાર.

૨. સપ્ટેમ્બર માસમાં જ વડોદરાના પ્રખ્યાત માનસ્ ચિકિત્સક ડૉ. મુકેશ દલાલના, '' વિદ્યાર્થીઓ સામેના પડકારો'' એ વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યુ જેમાં ડૉ. દલાલે વિષયને પોતાની વિશિષ્ટ શૈલીમાં ન્યાય આપવાનો સુંદર પ્રયત્ન કર્યો. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી પણ અત્યંત ઉત્સાહથી કરી.

ભારતની આઝાદીની ચળવળમાં ગુજરાતની સ્ત્રીઓનો ફાળો તથા દક્ષિણ ગુજરાતની લોકસંસ્કૃતિ વિષય પર નિબંધ-લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. દાંડી-ઐતિહાસિક સ્થળની મુલાકત.

## ન્યુ ઈએરા રિસર્ચ સેન્ટર

પ્રા. ડૉ. જે.યુ. પટેલ
પ્રા. ડૉ. ગજાનન પટેલ

ન્યુ ઈએરા રીસર્ચ સેન્ટરના નેજા હેઠળ વર્ષ દરમ્યાન બે રીસર્ચ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતા. એ બંને રીસર્ચ પ્રોજેક્ટને યુ. જી. સી. ની ગ્રાન્ટ મેળવવા માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં એક પ્રોજેક્ટ માટે રૂ. ૪૫૦૦૦/- અને બીજા પ્રોજેક્ટ માટે રૂ./ ૬૫૦૦૦ની યુ. જી. સી. તરફથી સહાય મંજૂર થઈ છે. પ્રા. ડૉ. જે. યુ. પટેલ, પ્રા. ડૉ. જી. બી. પટેલ, પ્રા. એ. એમ. નાયક, પ્રા. એસ. બી. પટેલ વગેરે સંશોધન કાર્યમાં મંડી પડ્યા છે.

આ રીસર્ચ પ્રોજેક્ટના વિષયો નીચે મુજબ છે:

1. Role of Co-operative Societies in Socio-Economic Development of Farmers - A Research Study of Chikhli Taluka of Gujarat State.
2. Social Cultural and educational changes among Tribal Races in Post Independence Period. Research Project on Dhodiya, Kukna and Halpati Communities of Navsari and Dang Districts.

## ગાંધી વિચાર કેન્દ્ર

પ્રા. શંકર પટેલ

ગાંધીવિચાર અને તેના પ્રચારની સાંપ્રતમાં તાતી જરૂર છે. ગાંધી મૂલ્યોનો હ્રાસ થવા લાગ્યો છે. માત્ર ગાંધીવિચાર એ જીવનશૈલીનો આડંબર જ થઈ રહ્યો છે ત્યારે ગાંધીજીના સત્વશીલ વિચારોનો પરિચય મળે, તેને આચરણમાં મૂકવા માટેની દિશા વિદ્યાર્થીઓને મળે તે હેતુથી ૨૦૦૭-૦૮માં ગાંધી વિચાર અભ્યાસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

'ગાંધી વિચાર અભ્યાસ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન દક્ષિણ ગુજરાતના પીઢ ગાંધીવાદી, સ્વાતંત્ર્ય સેનાનીઓની શ્રી ઘેલુભાઈ નાયક (ડાંગ સ્વરાજ આશ્રમ-આહવા)ના હસ્તે તા. ૨૫/૦૮/૨૦૦૭ના રોજ કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ 'સામ્પ્રત સંદર્ભમાં ગાંધી વિચાર' એ વિષય પર પોતાના વિચારો વ્યક્ત કરી, ગાંધીજી સાથેના પ્રસંગોને યાદ કર્યા હતા.

ગાંધીજીના જીવનના પ્રેરક પ્રસંગો' એ વિષય પર કોલેજમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. મીના ગાયકવાડ, ટી.વાય.બી.એ.નો પ્રથમ ક્રમ આવ્યો હતો.

'ગાંધી વિચાર આજના સંદર્ભમાં' વિષય પર શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલયના પૂર્વ આચાર્ય ડૉ. કમળાશંકર સી. ભટ્ટનું ચિંતન સભર વ્યાખ્યાન યોજાયું.

## ધ્યાનયોગ કેન્દ્ર

પ્રા. ડી. પી. પટેલ

જુલાઈ ૨૦૦૬માં શ્રી અરવિંદ ભવન, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચીખલીમાં ૮ દિવસીય સમર્પણ ધ્યાન પ્રોજેક્ટ શિબિર કરવામાં આવી. ઓગસ્ટ ૨૦૦૬ થી આ કોલેજમાં ધ્યાનયોગ સેન્ટરનો આરંભ થયો જેમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણકાર્ય ચાલુ હોય એવા દિવસોમાં મેડિટેશન માટે ભેગા મળે છે. સાપ્તાહિક રૂપે ચાલતા આ કેન્દ્રનો લાભ એફ. વાય. થી એમ. એ. સુધીના વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે. કેન્દ્રનો સમય દર શનિવાર ૯-૩૦ થી ૧૦-૩૦નો રહે છે. જેમાં વિદ્યાર્થીઓને અડધા કલાકના મેડિટેશન સાથે ધ્યાન અંગેની માહિતી, ધ્યાન દરમ્યાન થતી અનુભૂતિઓ અને સમસ્યાઓ અંગેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

## લાઈબ્રેરી સમિતિ

**પ્રા. નયનાબેન નાયક**

'જે પુસ્તકનો મિત્ર તે મારો મિત્ર', પુસ્તકોની સાથે મિત્રતા કેળવી જીવન ઘડતર કરવું, પુસ્તકોનો સતત સહવાસ વિદ્યાર્થીને મળે એ હેતુથી વિદ્યાર્થીઓના સમયપત્રકમાં લાયબ્રેરીના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું.

વર્ષ દરમિયાન સમૃદ્ધ લાયબ્રેરીને વધારે સમૃદ્ધ કરવામાં આવી. નવાં પુસ્તકો, લેન્ગ્વેજલેબ માટે જરૂરી સી.ડી., વી.સી.ડી, મેગેઝિન્સ, જર્નલ વસાવાયાં. **Poor Boys Library** નો ૭૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો. વાંચનાલય સાથે સંકળાયેલ ઝેરોક્ષ, ઈ-લાયબ્રેરી, કમ્પ્યુટર, વગેરેનો વિદ્યાર્થીઓએ સવિશેષ લાભ લીધો.

યુનિ. દ્વારા લાયબ્રેરીયનો માટે યોજાયેલ વર્કશોપમાં પ્રા. નયનાબેન નાયક તથા શ્રી મીનાબેન નાયક જેઓ ઈન્ચાર્જ લાઈબ્રેરીયન છે તેમણે ભાગ લીધો. તે નિમિત્તે વાંચનની ભૂખ ઉઘડે એ માટે લાઈબ્રેરી કમિટિ દ્વારા મને ગમતું પુસ્તક શ્રેણીનો આરંભ થયો. જેમાં પ્રાધ્યાપકો એ પણ ભાગ લઇ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. કુ. હીના સોલંકી, કુ. મીના ગાયકવાડ, કુ. કૈલાશ પટેલ, શ્રી અવિનાશ પટેલ, શ્રી ધર્મેશ પટેલ, કુ. સેજલ દેસાઇ, કુ. અંજના પટેલ, કુ. વૃંદા જોષી, કુ. સેજલ લાડ, મહેન્દ્ર પટેલ, અરુણ ચૌર્યા, નસરીન શેખ, સુનીતા પટેલ વિગેરે વિદ્યાર્થીઓએ મને ગમતું પુસ્તક પર પોતાના મંતવ્યો રજૂ કર્યા.

ભીંતપત્ર 'ઘરદીવડાં' ને ઝળહળ કરનારા વિદ્યાર્થીઓમાં વિભૂતિ પટેલ – MA તથા અંજના પટેલ FBA નો ઉમદા સહયોગ મળ્યો.

લાઈબ્રેરીનો સવિશેષ ઉપયોગ કરનારા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા. 'શ્રેષ્ઠ વાચક' પુરસ્કાર કુ. મીના ગાયકવાડને આપવામાં આવ્યો.

લાઈબ્રેરી કમિટિના ઉપક્રમે ભાવિ પ્રોજેક્ટ સ્વરૂપે પુસ્તકમિત્ર યોજના, વાંચન કાર્યશાળા તથા પુસ્તકમેળાનું આયોજન વિચાર્યું છે.

## Centre for Women's Studies

**પ્રા. ડૉ. બિમલેશ તેવતિયા**

**Centre for Women's Studies** ના અન્વયે 'નારી કૌશલ્ય વિકાસ' ના અનેક કાર્યક્રમો શૈક્ષણિક વર્ષ દરમ્યાન યોજવામાં આવ્યા હતા અને તેમાં ૧૮૦ બહેનોએ રસપૂર્વક નિયમિત રીતે ભાગ લીધો હતો. સમગ્ર પ્રવૃત્તિઓ સવારે ૧૦-૦૦થી ૧૧-૦૦ દરમ્યાન કરવામાં આવી હતી. શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે જણાવેલ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું:

- બહેનોને સીવણની પ્રાથમિક તાલીમઆપવામાં આવી હતી.
- ડેરી ઉદ્યોગની આવશ્યકતા હોવાથી ડેરીની તાલીમ આપવામાં આવી.
